આઈપીએલ આજની મેચ
દિલ્હી કેપીટલ VS રાજસ્થાન રોયલ્સ
સાંજે ૭:30 કલાકે

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૬-૪-૨૦૨૫, બુધવાર
વર્ષ: ૧૪, અંક : ૩૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

જય બજરંગ
ફ્લોર એન્ડ મસાલા મીલ
ચણા તુવેર મગ, અડદની
ચોખ્ખી દાળ બનાવી આપશું
માંડવી ફોલી આપશું.
સિંધાલુ હીંગ દળી આપશું.
સાકર દળી આપશું
93273 08756

# ઈન્દિરા સર્કલ પાસે સિટી બસ કાળ બની ત્રાટકી: ચાર લોકોના મોત

## અકસ્માતને પગલે શહેરીજનોમાં આક્રોશ ફાટી નિકળ્યો: સિટી બસ અને બીઆરટીએસ બસ પર પથ્થરમારો, ચક્કાજામ







તસવીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

શહેરમાં વધુ એકવાર અત્યંત ભયાનક અકસ્માત સર્જાયો છે. ઈન્દિરા સર્કલ નજીક બેફામ દોડતી સીટી બસે ટુ વ્હીલર અને ફોર વ્હીલને અડફેટે લઈ ચાર લોકોને કચડી નાખાતા ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા જ્યારે એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજતા મૃત્યુઆંક ચારને આંબી ગયો હતો. જ્યારે અન્ય ચાર લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે ૧૫૦ ફૂટ રીંગ રોડ (અનુ. આઠમા પાને)

### અકસ્માતના સીસીટીવી વાયરલ: અનેક ટુ વ્હીલર પર પૈડા ફરી વળ્યાંના દ્રશ્યોથી હૃદય કંપી ઉઠ્યા

સમગ્ર ભયાનક અકસ્માતના દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયાં હતા. જે સીસીટીવી વાયરલ પણ થયાં છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, બેફામ બનેલી બસએ અનેક ટુ વ્હીલર ચાલકો અને ફોર વ્હીલને ટક્કર મારતા આ ગોઝારી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં ચાર લોકોના મોત થયાં હતા અને ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

### સીપી, એડિશનલ સિપી, ડીસીપી સહિતના અધિકારીઓ દોડી ગયા

## સાત વર્ષની બાળકી સહિત ચાર લોકો ઈજાગ્રસ્ત: ૧૫૦ ફૂટ રીંગ રોડ એમ્બ્યુલન્સના સાયરનથી દ્રવી ઉઠ્યો: ચાલક ચિક્કાર નશામાં હોવાનો આક્ષેપ

### ટોળાંએ બસમાં તોડફોડ કરી: પોલીસનો વળતો લાઠીચાર્જ





શહેરના ઈન્દિરા સર્કલ પાસે આજે સવારે સીટી બસે વાહન ચાલકોને હટફેટે લેતા ચાર લોકોના મોત નીપજ્યા હતા. જેમાં ચાર લોકો ઘવાયાની ઘટના પ્રકાશમાં આવતા રાહદારી અને વાહનચાલકોએ ચક્કાજામ કર્યા હતા. જેને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને અકસ્માતને પગલે લોકોનો આક્રોશ ચરમશીમાએ પહોંચતા ટોળા દ્વારા બસમાં પથ્થરમારો કરી તોડફોડની ઘટના બનતા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બંદોબસ્તમાં રહેલી પોલીસે સમય સૂચકતા વાપરી લાઠીચાર્જ કરી ટોળાને વિખેરી નાખ્યો હતો અને પોલીસે કાયદેસરની કાર્યવાહીની ખાતરી આપતા મામલો થાળે પડ્યો હતો.

### આર-૨ રૂટની બસે અકસ્માત સર્જયો: ચાલક શિશુપાલસિંહને ટોળાંએ માર મારતા સારવાર હેઠળ

પ્રધુમનપાર્કથી લાઈટ હાઉસના રૂટ પર દોડતી આર-ટુ નંબરની સીટી બસ જેના નંબર જીજે-૦૩-બીઝેડ-૦૦૪૮ ઈન્દિરા સર્કલથી પંચાયતનગર તરફ જઈ રહી હતી. ત્યારે ઈન્દિરા સર્કલ ખાતે ટ્રાફિક સિગ્નલ બંધ હોવા છતાં પણ પૂરપાટ ઝડપે ધસી આવેલી સીટી બસના ચાલકે અકસ્માત સર્જાયો હતો. ત્યારે લોકોએ ચાલક પીધેલી હાલતમાં હોવાનો આક્ષેપ કર્યો હતો. બીજી બાજુ ચાલક શિશુપાલસિંહ ઝાલાને ટોળાંએ માર મારતા ઈજાગ્રસ્ત થતાં તેને પણ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જયારે ચાલકે ઈજાગ્રસ્ત હાલતમાં જણાવ્યું હતું કે, તે કોઈ નશામાં ન હતો પણ બ્રેક નહિ લાગતા અકસ્માત સર્જાયો હતો.


### અકસ્માતો નિવારવા ટ્રાફિક અવરનેસ વધુ સંગીન બનાવવી આવશ્યક

સીટી બસ અકસ્માતમાં ચારના ભોગ લેવાની ઘટનાએ અકસ્માતના કારણોની ચર્ચા જગાવી છે. ત્યારે અકસ્માત માત્ર ચાલકની ગફલત પર જ બદનામીનું ઠીકરાં ફોડવાનો રિવાજ છે, ત્યારે અકસ્માત નિવારવા ટ્રાફિક અવરનેસ પણ જરૂરી છે. રાજકોટ સહિત મોટા શહેરોમાં સિગ્નલ અને જાહેર રસ્તા પર વાહન ચાલકો દ્વારા આડેધડ ડ્રાઈવિંગ અને સિગ્નલ સ્ટોપ (અનુ. આઠમા પાને)


### મૃતકો અને ઈજાગ્રસ્તોની ઓળખ




રાજુભાઈ મનુભાઈ ગીડા



કિરણબેન ચંદ્રેશભાઈ કક્કડ



ચિન્મયભાઈ હર્ષદભાઈ ભટ્ટ



સંગીતાબેન ધનરાજભાઈ ચૌધરી

અકસ્માતમાં ચાર લોકોના મોત નીપજ્યા છે જેમાં રાજકોટ મહાનગરપાલિકાના ઓડીટ શાખાના કર્મચારી રાજુભાઈ મનુભાઈ ગીડા (ઉં.વ.-૩૫ રહે. સત્યમ પાર્ક), સંગીતાબેન ધનરાજભાઈ ચૌધરી (ઉં.વ.૪૦ રહે. સ્વામિનારાયણ મંદિર નજીક, અક્ષર માર્ગ), સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના બાંધકામ વિભાગના ક્લાર્ક ચિન્મયભાઈ ઉર્ફે લાલો હર્ષદભાઈ ભટ્ટ, (ઉ.વ.૨૫ રહે. હથિખાના શેરી નંબર-૨) અને કિરણબેન ચંદ્રેશભાઈ કક્કડ (ઉ.વ. ૫૬ રહે કોટેચા ચોક, કાલાવડ રોડ)નો સમાવેશ થાય છે. જયારે ચાર લોકોને ઈજા પહોંચી છે. જેમાં વિશાલ રાજેશભાઈ મકવાણા, ઉંમર વર્ષ-૨૮,, સુરજ ધર્મેશ, ઉંમર વર્ષ-૪૨,,સાનિયાબેન અજયભાઈ રાજભર, ઉંમર વર્ષ-૧૭ અને, વિરાજબા મહાવીરસિંહ ખાચર, ઉંમર વર્ષ-૦૭ નો સમાવેશ થાય છે.

### ચિન્મયના પિતાનું હૃદયરોગના હુમલાથી એક માસ પૂર્વે જ અવસાન થયું'તું : એકના એક ભાઈના અકાળ મોતથી બહેનનું હૈયાફાટ રુદન

સીટી બસે કચડી નાખી ચાર લોકોને મોતને ઘાટ ઉતારી દેતા ચાર પરિવારોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ત્યારે અકસ્માતમાં મોતને ભેંટનાર ચિન્મયભાઈ ઉર્ફે લાલો હર્ષદભાઈ ભટ્ટ(ઉ.વ.૨૫)ના પિતા હર્ષદભાઈનું હજુ એક માસ પૂર્વે જ હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું. ચિન્મય સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના બાંધકામ વિભાગમાં (અનુ. આઠમા પાને)

### અકસ્માતનું કારણ જાણવા એફએસએલની મદદ લેવાઈ

એકતરફ સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ચાલકે નશાની હાલતમાં અકસ્માત સર્જ્યો હતો જયારે ચાલક શિશુપાલસિંહ ઝાલાએ રટણ કર્યું હતું કે, તે નશામાં ન હતો પણ એકાએક બ્રેક નહિ લાગતા આ દુર્ઘટના બની હતી. ત્યારે વાસ્તવિકતા જાણવા પોલીસે એફએસએલની મદદ લીધી હતી. એફએસએલની ટીમે ઘટનાસ્થળે જઈ તેમજ બસનો કબ્જો મેળવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. બીજી બાજુ પોલીસે વિડીયોગ્રાફી આધારિત પંચનામું કર્યું હતું.

### ચાલક નશામાં હતો કે નહિ? બ્લડ રિપોર્ટ બાદ ભેદ ખુલશે

સ્થાનિકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો ચાલક શિશુપાલ નશામાં હોવાથી આ દુર્ઘટના સર્જાઈ હતી. જે બાદ ટોળાંએ ચાલકને માર મારતા તેને પણ સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બીજી બાજુ પોતે નશામાં નહિ હોવાનું અને બ્રેક ફેઈલ થઈ જતાં અકસ્માત સર્જાયાનું ચાલકે રટણ કર્યું હતું. ત્યારે ખરેખર ચાલક નશામાં હતો કે કેમ? તે જાણવા ચાલકનો બ્લડ સેમ્પલ લેવામાં આવ્યો છે અને હવે બ્લડ રિપોર્ટ આવ્યા બાદ જ આ બાબત પરથી પડદો ઊંચકાશે.

### ટ્રાફિક સિગ્નલ રેડ કે ગ્રીન?: ભારે અસમંજસ

ઘટનામાં એક વાત એવી મળી રહી છે કે, ટ્રાફિક સિગ્નલ બંધ હોય(રેડ લાઈટ) વાહન ચાલકો સિગ્નલ પર ઉભા હતા અને પૂરપાટ ધસી આવેલી બસએ વાહન ચાલકોને કચડી નાખ્યા હતા. બીજી બાજુ અકસ્માતના વાયરલ થયેલા સીસીટીવીમાં વાહનચાલકો પોતાના વાહન લઈને જઈને રહ્યા હતા અને પાછળથી બસના પૈડા ચાલકો પર ફરી વળ્યાં હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ત્યારે હવે ટ્રાફિક સિગ્નલ ગ્રીન હતું કે રેડ તે અંગે ભારે અસમંજસની સ્થિતિ જોવા મળી રહી છે.

### સિટી બસના ચાલકો બેફામ?: ઈન્દિરા સર્કલ બાદ કિસાનપરા ચોકમાં વીજતંત્રની કારને ટક્કર મારી



ઈન્દિરા સર્કલ ખાતે સર્જાયેલ અકસ્માતની ગણતરીની કલાકો બાદ જ અન્ય એક સીટી બસએ કિસાનપરા ચોક ખાતે પીજીવીસીએલ તંત્રની કારને ટક્કર મારી હતી. જે ઘટનાનો વિડીયો પણ સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહ્યો છે ત્યારે શું સીટી બસના ચાલકો બેફાન બન્યા છે તેવા સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે કોન્ટ્રાકટીંગ એજન્સી વિરુદ્ધ પણ શહેરીજનોમાં રોષનો માહોલ છે.

# મૃતકોને ૧૫ લાખ અને ઈજાગ્રસ્તોને બે લાખની સહાય જાહેર કરતું કોર્પોરેશન

## જીવલેણ અકસ્માત સર્જનાર સિટી બસના ડ્રાઈવર શિશુપાલસિંહ રાણાને તાત્કાલિક અસરથી ટર્મિનેટ કરાયો

## વિશ્વમ એજન્સી સામે પણ આકરી કાર્યવાહી કરવાની કોર્પોરેશનના પદાધિકારીઓ અને અધિકારીઓની ઘોષણા

**અબતક, રાજકોટ**

આજે સવારે સિટી બસ દુર્ઘટનામાં મોતને ભેટેલા ચારેય મૃતકોના પરિવારજનોને ૧૫ લાખની સહાય ચુકવવાની જાહેરાત કોર્પોરેશન દ્વારા કરવામાં આવી છે. અકસ્માતમાં ઘવાયેલા ચાર વ્યક્તિઓને બબ્બે લાખ ચુકવવામાં આવશે. જ્યારે સિટી બસનું સંચાલન કરતી વિશ્વમ એજન્સી સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે.

આજે સવારે ઈન્દીરા સર્કલ પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે સિટી બસ નંબર જીજે-૦૩-બીઝેડ-૦૦૪૮ થી જે દુર્ઘટના બની છે. તેમાં ચાર લોકોના મૃત્યુ થયા છે. જેમાં મૃતકોમાં રાજકોટ મહાનગરપાલિકાના ઓડીટ શાખાના કર્મચારી રાજુભાઈ મનુભાઈ ગીડા (ઉ.વ.૩૫), સંગીતાબેન ધનરાજભાઈ ચૌધરી, (ઉ.વ.૪૦), બાલો ઉર્ફે ચિન્મયભાઈ હર્ષદભાઈ ભટ્ટ (ઉ.વ.૨૫) અને કિરણબેન (અનુ. આઠમા પાને)

### મુખ્ય એજન્સીનું પેમેન્ટ અટકાવાયું: પેટા એજન્સીનો સંચાલક ભાજપનો કાર્યકર હોવાની ચર્ચા

સિટી બસનું સંચાલન કોર્પોરેશનની રાજકોટ રાજપથ લીમીટેડ નામની એસપીવી દ્વારા કરવામાં આવી રહ્યું છે. સિટી બસનો કોન્ટ્રાકટ દિલ્હીની પીએમઆઈ એજન્સીને આપવામાં આવ્યો છે. આ એજન્સી દ્વારા પેટા કોન્ટ્રાકટ વિશ્વમ એજન્સીને આપવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. પેટા એજન્સીના સંચાલક ભાજપના કાર્યકર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વિક્રમ ડાંગર નામનો વ્યક્તિ પાસે પેટા કોન્ટ્રાકટ છે. જે ભૂતકાળમાં ભાજપનો વોર્ડ મહામંત્રી રહી ચુક્યો છે. ઘટના બાદ તે ભૂગર્ભમાં ઉતરી ગયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બીજી તરફ કોર્પોરેશન દ્વારા મુખ્ય એજન્સી પીએમઆઈનું ૬ કરોડથી વધુનું પેમેન્ટ હાલ અટકાવી દેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

### એજન્સી સામે આકરા પગલા લેવાની માત્ર વાત જ થશે કે કોઈ આકરી કાર્યવાહી કરાશે?

દર વખતે જ્યારે જીવલેણ દુર્ઘટનાઓ સર્જાય ત્યારે કોર્પોરેશનના પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા જવાબદારો સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે. તેવી ડંફાસો હાંકવામાં આવે છે. જો કે, ત્યારબાદ કોઈ જ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. એન્ટલાન્ટીસ એપાર્ટમેન્ટમાં આગની ઘટનાને એક મહિનો વિતી જવા છતાં હજુ સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. સિટી બસ દુર્ઘટના બાદ કોર્પોરેશન દ્વારા મૃતકોના પરિવારજનો અને ઈજાગ્રસ્તો માટે સહાય જાહેર કરી દેવામાં આવી છે. સાથોસાથ એવી પણ ડંફાસ મારવામાં આવી છે કે જવાબદારો સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે. હવે સમય જ બતાવશે કે તંત્ર દ્વારા કેવી આકરી કાર્યવાહી કરવામાં આવશે.

### આજે વિશ્વ હાથી બચાવ દિવસ

# આફ્રિકન બુશ હાથી અને એશિયન હાથી બન્ને લુપ્ત પ્રજાતિ તરીકે સુચિબધ્ધ

## ગ્રહ પરના સૌથી મોટા ભૂમિ પ્રાણી તરીકે તે ઈકો સિસ્ટમના સ્વાસ્થ્યને જાળવવામાં મહત્વ પૂર્ણ: જેમની વસ્તીમાં નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે, ત્યારે પૃથ્વીવાસીઓએ તેની દુર્દશા વિશે જાગૃતિ લાવવાનો છે: વિશ્વમાં આફ્રિકા અને એશિયામાં સૌથી વધુ જોવા મળે છે

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

પૃથ્વી પર પ્રાણી જગતનું સૌથી મોટું પ્રાણી હાથી છે. તે લાગણીશીલ, બુધ્ધિશાળી અને સુંદર મહાકાય પ્રાણી છે, પણ તેની વસ્તુ દુ:ખદ રીતે વિવિધ જોખમને કારણે ઝડપથી ઘટી રહી છે, આજે હાથી બચાવ દિવસ કે સેવધ એલિફન્ટ ડે ઉજવાય રહ્યો છે, ત્યારે વૈશ્વિક સ્તરે તેની જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજાયા છે. આપણે સૌએ તેને પડતી મુશ્કેલી બાબતે શિક્ષિત કરવાની તાતી જરુરીયાત છે. વિશ્વમાં હાથી આફ્રિકા અને એશિયા ખંડમાં જોવા મળે છે, તેની બે પ્રજાતિઓમાં આફ્રિક્ન બુશ અને એશિયન હાથી બન્ને લુપ્ત પ્રજાતિ તરીકે સુચિબધ્ધ કરાયા છે.

ગ્રહ પરના સૌથી મોટા ભુમિ પ્રાણી તરીકે તે ઈકો સિસ્ટમના સ્વાસ્થ્યને જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. વસ્તીમાં થતાં નોધપાત્ર ઘટાડા સામે અને તેની દુર્દશા વિશે જાગૃતિ લાવવાનો છે. વિશ્વમાં આફ્રિકાના જંગલોમાં માત્ર ચાર લાખ હાથી જ બચ્યા છે, તેના ઘટાડાનું મુખ્યકારણ હાથી દાંતનો વેપાર ગણાય છે, જો કે ૧૯૮૯ થી તેના પર પ્રતિબંધ મુકાયો છે. વિશ્વમાં હાથી દાંતનું સૌથી મોટું બજાર ચીન છે, તેને પણ ૨૦૧૬થી તેના વેપાર ઉપર પ્રતિબંધ મુકયો છે. બાળકોને હાથી ખુબ જ ગમે છે.

વિશ્વમાં તેની કુલ ત્રણ પ્રજાતિઓમાં આફ્રિકન બુશ, આફ્રિકન ફોરેસ્ટ અને એશિયન હાથી છે. તે બુધ્ધિશાળી, સામાજીક અને મોટાભાગે સૌમ્ય જોવા મળે છે. તે આનંદ, ગુસ્સો અને દુ:ખ જેવી વિવિધ લાગણીઓ પ્રદર્શિત કરે છે. તે લાંબા અંતરના ભૂકંપના સ્પંદનો ઉત્પન કરે છે, અને સ્પર્શ દ્વારા એકબીજાનું સ્વાગત કરે છે. તેમનું કદ અને શકિત તેમના રહેઠાણોને આકાર આપે છે. તે બીજ ફેલાવવા અને વિવિધ છોડ અને વૃક્ષોની પ્રજાતિઓના પ્રજનનને સરળ બનાવે છે. માનવ સંસ્કૃતિમાં પણ તેમનું લાંબા સમયથી મુલ્ય રહ્યું છે.

તેમના શાળા પણ શકિત અને મિલનસાર સ્વભાવ માટે સૌને આદર હોય છે. પ્રાચિન સ્થાપત્યોમાં પણ તેના ચિત્રો, કોતરણી સાથે બૌધ્ધ મંદિરો કે ગૌથિક ચર્ચમાં પથ્થરની કોતરણી હોય છે. આ મનોહર જીવને વિશ્વના વિવિધ ધર્મોમાં પણ પૂજનીય માનવામાં આવે છે. એશિયામાં હાથીઓનો ઉપયોગ ઘણીવાર કામ કરતા પ્રાણી તરીકે થાય છે, લોકો તેની પાસે ભાર વહન કરવા અને પરિવહનના સાધન તરીકે ઉપયોગ કરે છે. તેમનામાં અદભુત શકિત હોવાથી પ્રાચિન સમયમાં તેનો યુધ્ધોમાં ઉપયોગ થતો હતો.

તેમનો ગેરકાયદેર શિકાર પ્રતિબંધ હોવા છતાં આજે વૈશ્વિક સ્તરે જોવા મળે છે, આફ્રિકન હાથીનું દર ૩૦ મિનિટે એકને હાથી દાંત માટે મારી નાખવામાં આવે છે. હાથી માટે અન્ય ખતરામાં રહેઠાણનું નુકશાન અને વિભાજન, શહેરીકરણ, પાક અંગે માનવીઓ સાથે સંઘર્ષો પણ છે. કેદમાં રાખવામાં આવેલા અને ઉપેક્ષિત હાથીઓ સાથે દુવ્યવહાર કરવાના કિસ્સા પણ જોવા મળે છે. આફ્રિકન વન હાથીઓને ગંભીર રીતે લુપ્ત પ્રાય પ્રજાતિ તરીકે વર્ગીકૃત કરાય છે. હાથીઓના પુનર્વસન અને તેના બચાવ કર્યો માટે ઘણી સંસ્થા કાર્ય કરી રહી છે. હાથી વિશે ઘણી લોકવાયકોઓ પણ જોવા મળે છે, તેને વરસાદ લાવનાર પ્રાણી કે પૌરાણિક કથાઓમાં તેને શકિત અને રાજાશાહીનું પ્રતિક ગણાય છે. તેના પગથી સંવેદન શીલ ત્વચાનો ઉપયોગ કરીને સ્પંદન અનુભવે છે, તેના હલન ચલનનું સંકલન કરીને અન્ય લોકોને ભયની ચેતવણી આપે છે. બૌધ્ધધર્મમાં સફેદ હાથીઓને શ્રધ્ધાનું પ્રતિક ગણાય છે. દુષ્કાળ દરમ્યાન તે પાણી માટે ખોદકામ કરે છે, તના છાણ દ્વારા બીજ ફેલાવવાનું કામ કરે છે. તે પોતાની ચામડીને સનબર્ન અને જંતુના કરડવાના બચાવ માટે પોતાના શહીર ઉપર ધુળ, કાદવ નાંખે છે. તે માણસના અવાજે ઓળખી શકે છે, અને મૈત્રિપૂર્ણ અને ધમકી ભર્યા સ્વર વચ્ચેનો તફાવત સમજે છે. હાથીઓનો આદરણિય દરજજો હોવા છતાં તેમના અસ્તિત્વ માટે ખતરો મુખ્યત્વે માનવ પ્રેરિતઓ ગણાય છે. ૨૦૧૨ થી વૈશ્વિ સ્તરે તેમના બચાવ માટે દિવસ ઉજવાય છે. આજની ઉજવણીમાં સૌએ સોશિયલ મીડીયા પર જાગૃતિ પ્રસરાવવી, હાથી દાંતના ઉત્પાદન ન ખરીદવા, સાથે પ્રાણીઘરની મુલાકાત લઈને તેના વિશે વિવિધ જાણવી જોઈએ. ખાસ કરીને વિદ્યાર્થી મિત્રોને આ પ્રાણી વિશે જનજાગૃતિમાં સામેલ કરવા જરુરી છે.



### હાથીની સૂંઢમાં હાડકા હોતા નથી, પણ દોઢ લાખ સ્નાયુ હોય છે !

ભૂતકાળમાં જોવા મળતી અનેક જાતિઓ લુપ્ત થઈ ગઈ છે. અને હાલની જાતિઓ માટે પણ મનુષ્યોનું સંકટ જોવા મળી રહ્યું છે. એક અચરજ પમાડે તેવા સંશોધનમાં જાણવા મળ્યું કે હાથીઓ પણ માણસની જેમ એકબીજાને નામથી સંબોધે છે. હાડકા વગરની સૂંઢમાં દોઢ લાખ સ્નાયુ હોય છે. તેના કાન શરીરનું તાપમાન જાળવવામાં મદદ કરે છે. તે એક દિવસમાં ૩૦૦ લીટર પાણી પીવે છે. તેના મોટા કાન હોવા છતાં અવાજ સાંભળવામાં નબળા હોય છે. તેની ચામડી એક ઈંચ જાડી હોય છે. સૂંઢના છેડે આવેલો આંગળી જેવો ભાગ ખંજવાળ અને આંખો સાફ કરવામાં કામ આવે છે. હાથી પાણીમાં લાંબ અંતર સુધી તરી શકે છે. તેની ઉંચાઈ ૧૦ થી ૧૨ ફુટની હોય છે. તે કૂદકા મારી શકતું નથી. હાથી બહુ ઉંઘ લેતા નથી, પણ રાત્રે ઉભા ઉભા જ ઉંઘ ખેંચી લે છે. ભારતીય હાથી ભારત ઉપરાંત બર્મા, સિયામ, મલાયા, સુમાત્રા અને શ્રીલંકામાં વસે છે. ભારતીય હાથીમાં માત્ર નર હાથીને દંતશૂળ જોવા મળે છે.



**આફ્રિકાના જંગલોમાં હવે માત્ર ચાર લાખ હાથી જ બન્યા છે, તેના ઘટાડાનું મુખ્ય કારણ હાથી દાંત માટે તેનો શિકાર ગણાય છે: ૧૯૮૯ થી હાથી દાંતના આંતરરાષ્ટ્રીય વેપાર પર પ્રતિબંધ મુકાયો છે: વિશ્વમાં સૌથી મોટું હાથી દાંત બજાર છે, તેને પણ ૨૦૧૬થી પ્રતિબંધ મુકયો છે**

# પાંચ વર્ષ સુધીના બાળકને ઘરથી દૂર કરવું જોઈએ નહીં

## પાંચ વર્ષ સુધીના બાળકને કોઈ અનુશાસનમાં બાંધવું જોઈએ નહીં

**ચિંતનની પાંખે**



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

ભારતની શિક્ષણ પરંપરા વિશ્વમાં સૌથી પ્રાચીન છે.ન માત્ર પ્રાચીન પરંતુ તે વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ પણ છે. આટલી પ્રાચીન શિક્ષણ પરંપરામાં બાલ શિક્ષણના સંદર્ભમાં એક વાત ખાસ ધ્યાન દેવા જેવી છે. એ છે બાળકને શાળામાં બેસાડવાની ઉંમર. ભૂતકાળમાં વિદ્યાલયમાં વિદ્યાભ્યાસ માટે પ્રવેશની ઉંમર ક્યાંક સાત વર્ષની હતી, તો ક્યાંક છ વર્ષની હતી. કોઈપણ પરિસ્થિતિમાં પાંચ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકોનો વિદ્યાલયમાં પ્રવેશ થતો ન હતો.

કોઈપણ પરિસ્થિતિમાં બાળકને પાંચ વર્ષની ઉંમર સુધી માતા-પિતા કે ઘરથી દૂર કરવું જોઈએ નહીં.પાંચ વર્ષ સુધીના બાળકને કોઈ અનુશાસનમાં બાંધવું જોઈએ નહીં. જ્યારે આપણે અઢી ત્રણ વર્ષના બાળકને મોન્ટેસરી,નર્સરી કે કે.જી.ના નામે વિદ્યાલયમાં મોકલીએ છીએ.ત્યાં તો પાઠ્યક્રમ લાગુ કરી દેવામાં આવે છે. સ્કૂલ બેગ, પુસ્તકો,ગૃહકાર્ય, પરીક્ષા વગેરે લાગુ પડી જાય છે. એનો સીધો અર્થ એ થાય કે આપણે બાળકને સમયથી બે ત્રણ વર્ષ વહેલું ભણાવવાનું શરૂ કરી દઈએ છીએ. આમાં અનુશાસન મૂક્ત ક્યાં રહ્યું ? જો કે નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦ અન્વયે હવે છ વર્ષની ઉંમરનું બાળક જ પહેલાં ધોરણમાં પ્રવેશ પાત્ર બનવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

ઉંમરના ત્રણ તબક્કા છે.ગર્ભાવસ્થાથી પાંચ વર્ષની ઉંમર સુધીનો પહેલો તબક્કો, છ થી પંદર વર્ષ સુધીનો બીજો તબક્કો અને સોળ વર્ષથી જીવનના અંત સુધીનો ત્રીજો તબક્કો. આ ત્રણેય તબક્કા જીવન વિકાસની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાના આધાર પર નક્કી કરવામાં આવ્યા છે. ગર્ભાવસ્થાથી પાંચ વર્ષની ઉંમર સુધીમાં સંસ્કાર ગ્રહણ ક્ષમતા સૌથી વધુ હોય છે. આ વાત સાથે ભારતીય અને પાશ્ચાત્ય તમામ મનોવૈજ્ઞાનિકો સંમત છે. ક્યાંક ક્યાંક આ ઉંમર છ વર્ષની પણ બતાવવામાં આવે છે. પાંચ વર્ષ પૂરાં થયા પછી બુદ્ધિનો વિકાસ શરૂ થાય છે અને પંદર વર્ષ પૂરાં થતાં થતાં બુદ્ધિની ક્ષમતા પણ પૂરી થઈ જાય છે. એનાથી આગળ બુદ્ધિ વિકાસ થતો નથી. તેના પછી જે પણ બુદ્ધિ વધે છે તે અનુભવ અને કાર્યના માધ્યમથી જ વધે છે.

પાંચ વર્ષની ઉંમર સુધી વિકાસનું માધ્યમ સંસ્કાર છે.પંદર વર્ષની ઉંમર સુધી વિકાસનું માધ્યમ શિક્ષણ છે અને સોળ વર્ષની ઉંમરથી આગળ વિકાસનું માધ્યમ સ્વાધ્યાય છે. યોગની ભાષામાં જો કહેવામાં આવે તો પાંચ વર્ષની ઉંમર સુધી વિકાસ પ્રક્રિયાનું અધિષ્ઠાન 'ચિત્ત' છે, પંદર વર્ષની ઉંમર સુધી 'મન' અને સોળ વર્ષથી આગળ વિકાસની પ્રક્રિયાનું અધિષ્ઠાન 'બુદ્ધિ' છે.

આપણે સંપૂર્ણ શિક્ષણ વ્યવસ્થાને આ મૂળભૂત વાતો સાથે જોડવી જોઈએ. આ સંદર્ભમાં આપણી શિક્ષણ વ્યવસ્થાનું વિભાજન થવું જોઈએ. પાંચ વર્ષની ઉંમર સુધી ઘરમાં માતા-પિતા દ્વારા સંસ્કાર મેળવે, છથી પંદર વર્ષ સુધી આચાર્ય દ્વારા વિદ્યાલયમાં શિક્ષણ મેળવે અને સોળ વર્ષથી આગળ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી સ્વતંત્ર શિક્ષણ મેળવે. આ અર્થમાં પાંચ વર્ષની ઉંમર સુધી અવાજની મધુરતા, સ્વાદની સાત્વિકતા, પ્રકાશની તેજસ્વીતા, સ્પર્શની પવિત્રતા, સમગ્ર વાતાવરણની પ્રસન્નતા, ગતિનું લાલિત્ય,ઈન્દ્રિય અનુભવોની સુંદરતા પ્રાપ્ત થવી જોઈએ. આ ભૌતિક પ્રકારનો અનુભવ થયો.સાથે સાથે જે પણ માનવીય સંબંધ જોડાય તે પ્રેમપૂર્ણ હોવા જોઈએ. સાંસ્કૃતિક પરંપરા અને જીવન મૂલ્યો સાથે પણ સંબંધ જોડવો જોઈએ. આપણા પૂર્વજો અને મહાપુરૂષો આપણા પ્રેરણા સ્રોત છે, એ પણ શિશુ અવસ્થાના શિક્ષણનો એક ભાગ છે.આ જ નૈતિક શિક્ષણ છે. એનાથી ચરિત્ર નિર્માણ થશે. બાળકને જે જે માધ્યમથી પ્રેરણા આપીએ, અનુભવ કરાવીએ છીએ એ આનંદદાયક હોવા જોઈએ. આ દૃષ્ટિએ ખેલ, ગીત, વાતો વગેરે ખૂબ જરૂરી છે. બાળકોને રમવામાં, ગાવામાં, નાચવા-કૂદવામાં, પાણીમાં પલળવામાં, ઘાસ કે રેતીમાં આળોટવામાં, વાતો સાંભળવામાં, સંગીત સાંભળવામાં અને મોટાઓનું અનુકરણ કરવામાં ખૂબ જ આનંદ આવે છે. આ બધાં સંસ્કારનાં માધ્યમો છે.

સંસ્કાર પ્રક્રિયામાં સૌથી વધુ અનુભવ અને પ્રેરણાનું મહત્વ છે.બાળકને રંગના નામ યાદ ન રહે તો ચિંતાની વાત નથી.આંખોને વિવિધ પ્રકારના રંગ, રંગની રચના, રંગનું સમાયોજન વગેરે દેખાવું જોઈએ. ગીતના શબ્દો યાદ ના રહે તો ચિંતા નથી. તથ્ય યાદ ન રહે તો પણ ચિંતા નથી, પરંતુ ગીતનો ભાવ અને સ્વર અંદર ઉતરવા જોઈએ. પાણીમાં લાકડાં તરે છે અને લોખંડ ડૂબી જાય છે, એ જોવું જરૂરી છે. અર્થાત પોતાની ચારે બાજુની સૃષ્ટિનું આંતરબાહ્ય, અનુભવ કરવો, તેમની સાથે તાદાત્મ્ય સાધવું, આનંદથી પુલકિત થઈ જવું, બધા તરફથી પ્રેમની વર્ષા થઈ રહી છે, એનો અનુભવ કરવો એ જ તેના અંતઃકરણને સમૃદ્ધ કરવાનો એક માત્ર ઉપાય છે.




## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૬-૦૪-૨૦૨૫ બુધવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (વાર તહેવાર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (મેંગો આઈસ્ક્રીમ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૫:૩૦ સ્પે.સ્ટોરી (આર યુ ઓકે)
૦૫:૩૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુક્ક્ુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સ્ટેંડપ કોમેડી
૦૮:૦૦ થી ૦૮:૩૦ મનુ મોજીલો
૦૮:૩૦ થી ૦૯:૩૦ ચાલને જીવી લઈએ
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૭-૦૪-૨૦૨૫ ગુરુવાર**

૦૬:૩૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૭-૪-૨૦૨૫ ગુરૂવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ શાલીવાહન શકિ: ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | ચૈત્ર વદ ચોથ વિછુડો |
| નક્ષત્ર | જયેષ્ઠા |
| યોગ | વરિયાન કરણ: કૌલવ |
| સુર્યોદય | ૬.૨૭ સુર્યાસ્ત: ૭.૦૭ |
| ચંદ્ર રાશી | વૃશ્ચિક |
| રાશિ અક્ષર | ન.ય |
| દિશાશૂળ | દક્ષિણ દિશા તરફ |
| રાહુકાળ | બપોરે ૧.૩૦ થી ૩ |
| દિવસનાચોઘડીયા | શુભ,રોગ,ઉદ્વેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ |
| રાત્રીનાચોઘડીયા | અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદ્વેગ,શુભ,અમૃત |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૪૯ થી ૧.૪૦ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | | ૯ | | | | ૨ |
| ૮ | | | | | | | ૭ | |
| ૬ | ૪ | | ૮ | | | | ૯ | |
| | | | | | | ૪ | ૬ | |
| | | ૭ | ૫ | | | | ૩ | |
| ૯ | | | | | | | | |
| | | ૫ | ૧ | ૨ | ૯ | | | |
| | | ૬ | | | | ૧ | | |
| | | | | ૩ | | ૫ | | |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૩૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૫ | ૨ | ૯ | ૪ | ૭ | ૬ | ૧ |
| ૯ | ૬ | ૭ | ૧ | ૩ | ૫ | ૮ | ૨ | ૪ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૬ | ૭ | ૫ | ૯ | ૩ |
| ૨ | ૯ | ૮ | ૫ | ૪ | ૩ | ૧ | ૭ | ૬ |
| ૧ | ૩ | ૬ | ૯ | ૭ | ૮ | ૨ | ૪ | ૫ |
| ૫ | ૭ | ૪ | ૬ | ૨ | ૧ | ૯ | ૩ | ૮ |
| ૮ | ૪ | ૯ | ૭ | ૫ | ૬ | ૩ | ૧ | ૨ |
| ૬ | ૨ | ૧ | ૩ | ૮ | ૯ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૫ | ૩ | ૪ | ૧ | ૨ | ૬ | ૮ | ૯ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૭.૪.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, ચૈત્ર વદ ચોથ, જ્યેષ્ઠા નક્ષત્ર, વરિયાન યોગ, કૌલવ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** આર્થિક બાબતો માં સારું રહે,બેન્ક બેલેન્સ વધારી શકો. નાણાકીય લેવડ દેવડમાં લાભ થાય પરંતુ યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બનશે.

**વૃષભ (બ,વ,ઉ) :** સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**મિથુન (ક,છ,ઘ) :** ગોચર ગ્રહો મુજબ જોઈએ તો બારમે ચંદ્રમા મનને થોડું દ્વિધામાં રાખે છે વળી ખર્ચ પર અંકુશ રાખવો હિતાવહ છે, આવક જાવકનો હિસાબ રાખવો જરૂરી બને.

**કર્ક (ડ,હ) :** થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવે ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ લાભદાયક રહે.

**સિંહ (મ,ટ) :** જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે. દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે, પોઝિટિવ વિચારો થી ખુબ લાભ મળે, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત) :** પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, દિવસ ખુશનુમા વીતે .

**વૃશ્ચિક (ન,ય) :** નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સારું રહે, ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો માટે સારી તક આવે, પ્રગતિ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** અંગત વ્યક્તિ સાથે મતભેદ થઈ શકે છે વળી હિતશત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે.

**મકર (ખ,જ) :** વિદ્યાર્થીવર્ગને ઉચ્ચ અભ્યાસમાં સફળતા અપાવતો શુભ દિન. યાદશક્તિ અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.


**કુંભ (ગ,સ,શ) :** આજના દિવસે તમારા રસના વિષયોમાં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદમાં પસાર થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** આજના દિવસે તમે બનાવેલા સબંધો તમને કામ લાગશે, ભાઈ ભાંડુ સુખ સારું રહે, અંગત મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

## સ્ત્રી સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ!!!

# કૃષિ માટે અક્સિર પ્રથમ બાયો કેપ્સ્યુલ બનાવનાર વિશ્વની એક માત્ર મહિલા ડો. ચૈત્ર નારાયણ!!!

## દેશભરમાંથી કૃષિ માટે પસંદ કરાયેલી શ્રેષ્ઠ ૭ સ્ટાર્ટઅપ્સમાં પસંદગી પામેલી એક માત્ર મહિલાઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ડો. ચૈત્ર નારાયણને કરાયા સન્માનિત



વિજ્ઞાન અને કૃષિ ક્ષેત્રે નવીન સંશોધનો સમયાંતરે ધરતી માતા અને ખેડૂતો માટે આશાનું કિરણ બનીને આવે છે. તાજેતરમાં, ભારતીય મૂળના એક તેજસ્વી સંશોધક, ડો. ચૈત્ર નારાયણે પ્રાકૃતિક ખેતી માટે વિશ્વની પ્રથમ બાયો કેપ્સ્યુલ બનાવીને એક નવી ક્રાંતિની શરૂઆત કરી છે. તેમનું આ સંશોધન રાસાયણિક ખાતરો અને જંતુનાશકો પરની નિર્ભરતા ઘટાડવામાં અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

કર્ણાટકના કોડગુના એક તેજસ્વી સંશોધક અને ઉદ્યોગસાહસિક ડો. ચૈત્ર નારાયણે ખેતી અને વિજ્ઞાનના ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ બનાવી છે. મૈસુર યુનિવર્સિટીમાંથી માઈક્રોબાયોલોજી માં પીએચડી અને એમએસસીની ડિગ્રી ધરાવતા ડો. ચૈત્રે વિશ્વની પ્રથમ બાયો કેપ્સ્યુલની શોધ કરીને પ્રાકૃતિક ખેતીને એક નવી દિશા આપી છે. તેમનું સંશોધન માત્ર ખેડૂતો માટે જ નહીં, પરંતુ પર્યાવરણ માટે પણ આશાનું કિરણ સમાન છે.

આ તકનીકના ઘણા ફાયદા છેઃ જેમ કે કેપ્સ્યુલમાં રહેલા સૂક્ષ્મ જીવો જમીનમાં પોષક તત્વોની ઉપલબ્ધતા વધારે છે અને જમીનની રચના સુધારે છે. ત્યારે કુદરતી પોષક તત્વોની ઉપલબ્ધતા વધવાથી રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઓછો થાય છે. કેટલાક સૂક્ષ્મ જીવો પાકને રોગો અને જીવાતો સામે કુદરતી રીતે રક્ષણ પૂરું પાડે છે, જેનાથી રાસાયણિક જંતુનાશકોની જરૂરિયાત ઘટે છે. આ ઉપરાંત કુદરતી રીતે ઉગાડવામાં આવેલો પાક વધુ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ હોય છે. ત્યારે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઓછો ઉપયોગ જમીન, પાણી અને હવાને પ્રદૂષિત થતા બચાવે છે. તેમજ સુધારેલી જમીનની રચના પાણીને વધુ સારી રીતે જાળવી રાખે છે, જેનાથી સિંચાઈની જરૂરિયાત ઓછી થાય છે.



વિરોધી પ્રવૃત્તિ પર આધારિત હતો. તેમના સંશોધનમાં ટર્મિનલિયા પેનિક્યુલાટા નામના ઔષધીય વૃક્ષમાંથી એલાજિક એસિડને અલગ પાડવામાં અને તેની લાક્ષણિકતાઓનો અભ્યાસ કરવામાં કૃષિ માટે શ્રેષ્ઠ ૭ સ્ટાર્ટઅપ્સ પસંદ કર્યા કરવામાં આવ્યા હતા. જેમાં પણ પસંદગી પામનાર ડો. ચૈત્ર નારાયણ ફક્ત એક જ મહિલા હતી. તેમની આ નવીન વિચારસરણી અને સંશોધન ક્ષમતાને કારણે ૨૦૧૮ મળી હતી અને તેમાં તેઓએ પસંદગી પણ પામ્યા હતા. એટલું જ નહીં, મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ તેમની બાયોકેપ્સ્યુલ ટેકનોલોજીની પ્રસ્તુતિ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ પણ તેમની પસંદગી કરવામાં આવી હતી.

ડો. ચૈત્ર દ્વારા સ્થાપિત કોડગુ એગ્રીટેક, જૂન ૨૦૧૬ માં શરૂ થયેલી વિશ્વની પ્રથમ બાયોકેપ્સ્યુલ ઉત્પાદન કંપની છે. આ કંપનીનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને પર્યાવરણને અનુકૂળ અને ટકાઉ ખેતી પદ્ધતિઓ અપનાવવામાં મદદ કરવાનો છે. તેમની બાયો કેપ્સ્યુલ જમીનની ફળદ્રુપતા વધારવા અને પાકને રોગોથી બચાવવામાં મદદરૂપ સાબિત થઈ રહી છે, જેનાથી રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ ઘટાડી શકાય છે.

આ ઉપરાંત, જાન્યુઆરી ૨૦૧૯ માં શરૂ થયેલ શિવમ ડિસ્ટિલેશન તેમની બીજી પહેલ છે. આ કંપની હુનસુર અને પેરિયાપટના પ્રદેશોના ખેડૂતોને તમાકુની ખેતીના વિકલ્પ તરીકે સુગંધિત પાક ઉગાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ખેડૂતોને તેમના ઘરઆંગણે જ બજાર ઉપલબ્ધ કરાવવા અને તેમની આવક બમણી કરવામાં મદદ કરવા માટે આ જ વિસ્તારમાં એક સુગંધિત પ્લાન્ટ પ્રોસેસિંગ અને ડિસ્ટિલેશન યુનિટની સ્થાપના કરવામાં આવી છે.

ડો. ચૈત્ર માત્ર એક સફળ ઉદ્યોગસાહસિક અને સંશોધક જ નથી, પરંતુ તેઓ કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી યંગ ઈન્ડિયન્સ સાથે પણ સંકળાયેલા છે અને વિવિધ સંસ્થાકીય અને સામાજિક કાર્યોમાં સક્રિયપણે યોગદાન આપી રહ્યા છે. તેમની આ બહુમુખી પ્રતિભા અને ખેડૂતો પ્રત્યેની નિષ્ઠા તેમને એક સાચા

(અનુ. આઠમા પાને)



### અઢળક ફાયદાઓ ધરાવતી આ બાયો કેપ્સ્યુલ ગુજરાતમાં દેવીશ્રી એગ્રી કેરમાં ઉપલબ્ધઃ ડો. ચૈત્ર નારાયણ

અબતક સાથે ની વાત ચિતમાં ડો. ચૈત્ર નારાયણે આ અંગે જણાવ્યું હતું કે, ગુજરાતમાં પણ અઢળક ફાયદાઓ ધરાવતી આ બાયો કેપ્સ્યુલ દેવીશ્રી એગ્રી કેરમાં સરળતા થી મળી રહેશે. આ બાયો કેપ્સ્યુલ એક અત્યાધુનિક તકનીક છે જે જમીનની ફળદ્રુપતા વધારવા અને પાકને રોગો અને જીવાતોથી બચાવવા માટે બનાવવામાં આવી છે. પરંપરાગત ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ જમીનની ગુણવત્તાને નષ્ટ કરે છે અને પર્યાવરણને પણ નુકસાન પહોંચાડે છે. પ્રાકૃતિક ખેતી આ સમસ્યાનો ટકાઉ ઉકેલ લાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ તેમાં ઘણીવાર સમય અને વધુ મહેનતની જરૂર પડે છે. બાયો કેપ્સ્યુલ આ પડકારોને ઘટાડવામાં મદદ કરે છે.

આ કેપ્સ્યુલ ખાસ પ્રકારના સૂક્ષ્મ જીવો (માઈક્રોઓર્ગેનિઝમ્સ), કુદરતી વૃદ્ધિ પ્રમોટર્સ અને પોષક તત્વોથી બનેલી હોય છે, જે બાયોમટીરિયલ્સ દ્વારા સુરક્ષિત હોય છે. ડો. નારાયણે એવી ડિઝાઈન તૈયાર કરી છે કે આ કેપ્સ્યુલ જમીનમાં ચોક્કસ ઊંડાઈએ પહોંચ્યા પછી ધીમે ધીમે ખુલે છે અને તેમાં રહેલા ફાયદાકારક સૂક્ષ્મ જીવો અને પોષક તત્વો જમીનમાં ભળી જાય છે.

આ સાથે આ બાયો કેપ્સ્યુલ દ્વારા જમીનના પાકોમાં વધારો કરી શકાય છે તેમજ તેનાથી જમીનને પણ કોઈ પણ પ્રકારનું નુકશાન થતું નથી. આ ઉપરાંત તેઓએ જણાવ્યું હતું કે, આ બાયો કેપ્સ્યુલનો ઉપયોગ કરી ખેતી કરવાથી ખેડૂતોને સારો પાક મળી શકે છે. તેમજ જો કોઈ ખેડૂતોને આ બાયો કેપ્સ્યુલનો ઉપયોગ કરી ખેતી કરવામાં સકોચ અનુભવતા હોઈ તો પહેલા તેઓએ થોડા પાકમાં આનો ઉપયોગ કરવો જોઈએ. એને જે પરિણામ મળે તે પર થી ધીમે ધીમે તેનો ઉપયોગ વધારવો જોઈએ.

આ ઉપરાંત તેઓએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષ થી તેમના દ્વારા આ કામગીરી કરવામાં આવી રહેલી છે. પરંતુ તેમાંથી તેઓને ક્યારેય નાકાર્તાત્મક પ્રતિસાદ મળેલો નથી. તેમને આ અંગે ખેડૂતો પાસે થી હંમેશા હકારત્મત પ્રતિસાદ જ મળ્યો છે. જેથી દરેક ખેડૂતે એક વખત આ બાયો કેપ્સ્યુલનો ઉપયોગ કરવો જોઈએ. જેથી તમારો પાક બમણો થશે અને પ્રમાણમાં મહેનત ઓછી કરવી પડશે. આ ઉપરાંત આ બાયો કેપ્સ્યુલનો ઉપયોગ કરવાથી પાકની ગુણવત્તા સાથે તે સ્વાસ્થ્ય માટે પણ ઉતમ સાબિત થઈ છે.



# ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા અભિયાનને આંદોલનરૂપે ચલાવવા અધિકારીઓને તાકીદ કરતા કલેક્ટર

**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને રાજકોટ જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. જેમાં ''ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા'' અભિયાન અન્વયે અવેરનેસ કેમ્પ યોજવા અને કેમિસ્ટની દુકાનોની સમયાંતરે તપાસ કરવા સહિતની જરૂરી સૂચનાઓ અપાઈ હતી. શાળા, કોલેજ અને સમુદાય સ્તરે ડ્રગ્સના દુષ્પ્રભાવો વિશે જાગૃતિ લાવવા માટે સેમિનાર, વર્કશોપ અને પ્રદર્શનોનું આયોજન કરવું. ડ્રગ્સના જોખમો, તેના લક્ષણો અને સહાય માટે ઉપલબ્ધ સંસાધનો વિશે માહિતી આપતી પત્રિકાઓ, પોસ્ટરો, વિડિયો અને ડિજિટલ સામગ્રી તૈયાર કરવી અને તેનું વિતરણ કરવું. ટેલિવિઝન, રેડિયો, અખબારો અને સોશિયલ મીડિયા જેવા માધ્યમો દ્વારા વ્યાપક સ્તરે જાગૃતિ સંદેશાઓ ફેલાવવા. બાળકો અને યુવાનોને ડ્રગ્સથી બચાવવા માટે વાલીઓ અને શિક્ષકોને તાલીમ અને માર્ગદર્શન આપવું. ડ્રગ્સના દુષ્પ્રભાવો વિશે માહિતીને શાળાના અભ્યાસક્રમમાં યોગ્ય રીતે સમાવેશ કરવો. યુવાનોને તણાવનો સામનો કરવા, દબાણનો સામનો કરવા અને યોગ્ય નિર્ણયો લેવા માટે જીવન



કૌશલ્ય તાલીમ આપવી.આ સૂચનોને અમલમાં મૂકીને ''ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા'' અભિયાનને એક મજબૂત અને અસરકારક ઝુંબેશ બનાવી શકાય છે, જે આપણા દેશને ડ્રગ્સના દુષણથી મુક્ત કરવામાં મદદરૂપ થશે.કલેક્ટર પ્રભવ જોશીએ શાળા-કોલેજ વિસ્તારોમાં પાન-મસાલા, તમાકુ, સિગારેટ કે ડ્રગ્સનું વેચાણ અટકાવવા સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને નક્કર કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ઉપરાંત, રાજકોટ જિલ્લામાં પડતર જમીન પર ગાંજા અને અફીણના છોડનું વાવેતર પર પ્રતિબંધ મુકવા જરૂરી ચર્ચા કરી હતી. કલેકટરએ ''ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા'' અભિયાન હેઠળ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વધુને વધુ જનજાગૃતિ કેમ્પનું આયોજન કરવા પર ભાર મુક્યો હતો. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ પાસેથી ૮૦થી વધુ કેમિસ્ટની દુકાનો પર કોડીન, સીરપ, સહિતની ગેરકાયદેસર નશાકારક દવાઓના વેચાણની તપાસ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. આ બેઠકમાં પોલીસ અધિક્ષક હિમકર સિંહ, નિવાસી અધિક કલેકટર એ.કે. ગૌતમ, આસિસ્ટન્ટ કલેકટરશ્રી મહેક જૈન, પ્રાંત અધિકારી સર્વે ચાંદની પરમાર, વિમલ ચક્રવર્તી, આર.આર.ખાંભરા, રાહુલ ગમારા, નાગાજણ તરખલા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી પ્રાર્થનાબેન સેરસીયા, એસ.ઓ.જી.ના અધિકારીઓ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ સહિત સંબધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કલેક્ટરશ પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને રાજકોટ જિલ્લા કક્ષાની નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક મળી

# સ્વાદથી સ્વાસ્થ્ય સુધી ઉપયોગી એવું શરીરનું ગુણરત્ન "ફુદીના"

**અબતક રાજકોટ**

ઉનાળાના આકરા તાપમાં લોકો બીનજરૂરી ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે. રાજ્યના અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૨-૪૩ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ચૂક્યો છે. ઉનાળામાં સૌથી મોટી સમસ્યા ડિહાઈડ્રેશનની હોય છે. ત્યારે પૂષ્કળ પાણી, કાકડી, તરબૂચ, શક્કરટેટી સહિતના ખાદ્યપદાર્થોની સાથે આહારમાં ફૂદીનાનો સમાવેશ કરવાથી ડિહાઈડ્રેશનથી બચી શકાય છે.આયુર્વેદમાં ફૂદીનાને એક





ભોજન, ડ્રિન્કસ અને ગાર્નિશિંગ માટે વપરાય છે.નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, ફૂદીનામાં એન્ટી-કેન્સર, એન્ટી-ઓબેસિટી, એન્ટી-માઈક્રોબાયલ, એન્ટી-ઈન્ફલેમેટરી, એન્ટી-ડાયાબિટિક અને હ્રદય રક્ષણાત્મક ગુણધર્મો રહેલા છે.ફૂદીનો શરદી, ઉધરસ અને અસ્થમા જેવી શ્વાસ સંબંધી સમસ્યાઓમાં રાહત આપે છે. ફૂદીનો ત્વચાને ઠંડક આપે છે અને ખીલ સહિતની અન્ય સ્કિન સંબંધી સમસ્યાઓથી રાહત આપે છે. તેમાં રહેલા એન્ટી-બેક્ટેરિયલ ગુણ ઓરલ હેલ્થ માટે ફાયદાકારક છે.એન્ટીઑકિસડન્ટ અને વિટામિન્સથી ભરપૂર હોવાથી, તે રોગપ્રતિકારક શકિતને પણ મજબૂત બનાવે છે. તેની સુગંધ તણાવ અને ચિંતા ઘટાડવામાં મદદ કરી શકે છે. ફૂદીનો આપણા સ્વાસ્થ્ય માટે કેવી રીતે ફાયદાકારક છે તે નીચે આવેલા ગ્રાફિક પરથી સમજીએ-પ્રશ્ન-શું ફૂદીનો વજન ઘટાડવામાં મદદ કરે છેઆયુર્વેદમાં ફૂદીનાનો

(અનુ. આઠમા પાને)

### ફુદીનાને એક મહત્વપૂર્ણ ઔષધી, શરીરનું તાપમાન ઘટાડી છે, ભારે ગરમીમાં પણ તાજગીનો અનુભવ આપે છે

મહત્વપૂર્ણ ઔષધી માનવામાં આવે છે. તેના પાંદડા પોતાના ઠંડકના ગુણધર્મો માટે જાણીતા છે. તે શરીરનું તાપમાન ઘટાડવામાં મદદ કરે છે, જેના કારણે વ્યક્તિ ભારે ગરમીમાં પણ તાજગી અનુભવે છે.ફુદીનો એક સુગંધિત વનસ્પતિ છે જેનો ઉપયોગ વિશ્વભરમાં રસોઈ, દવા અને સુગંધિત તેલ બનાવવા માટે થાય છે. તેની તાજી અને ઠંડક આપનારી સુગંધ તેને ઉનાળા માટે એક લોકપ્રિય ઘટક બનાવે છે. ફુદીનો એક બહુગુણી વનસ્પતિ છે જે સ્વાદ, સુગંધ અને સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી છે, ખાસ કરીને ઉનાળામાં તે તાજગીનો અનુભવ કરાવે છે. ફૂદીનાનો ઉપયોગ સામાન્ય રીતે

### આયુર્વેદ અનુસાર ફુદીનાના ફાયદાઓ

પાચન સુધારે છેઃ ફૂદીનો પાચનક્રિયાને સુધારવામાં મદદ કરે છે. તે પેટમાં ગેસ, અપચો અને પેટના દુખાવામાં રાહત આપે છે. તેમાં રહેલા તત્વો પાચક ઉત્સેચકોને ઉત્તેજિત કરે છે.

શ્વાસ સંબંધી સમસ્યાઓમાં રાહતઃ ફૂદીનો શ્વાસનળીને ખોલવામાં મદદ કરે છે અને કફને દૂર કરે છે. તેથી તે શરદી, ખાંસી અને અસ્થમા જેવા રોગોમાં ફાયદાકારક છે.

માથાનો દુખાવો અને તણાવમાં રાહતઃ ફૂદીનાની સુગંધ તાજગી આપે છે અને મનને શાંત કરે છે. તેના તેલનો ઉપયોગ માથાના દુખાવા અને તણાવને ઓછો કરવા માટે થાય છે. ત્વચા માટે ફાયદાકારકઃ ફૂદીનો ત્વચાને ઠંડક આપે છે અને ખંજવાળ, બળતરા અને એલર્જીમાં રાહત આપે છે. તેના એન્ટીબેકટેરિયલ ગુણધર્મો ત્વચાના ચેપને દૂર કરવામાં મદદ કરે છે.

મોંની દુર્ગંધ દૂર કરે છેઃ ફૂદીનો મોંમાં તાજગી લાવે છે અને દુર્ગંધ પેદા કરતા બેકટેરિયાને મારવામાં મદદ કરે છે.

રોગપ્રતિકારક શક્તિ વધારે છેઃ ફૂદીનામાં એન્ટીઓક્સીડેન્ટ્સ અને વિટામિન્સ હોય છે જે શરીરની રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરે છે. લોહીનું પરિભ્રમણ સુધારે છેઃ ફૂદીનો રક્ત પરિભ્રમણને સુધારવામાં મદદ કરે છે.

ઉબકા અને ઊલટીમાં રાહતઃ ફૂદીનો ઉબકા અને ઊલટીની સમસ્યામાં પણ રાહત આપે છે.

### ઉનાળાની ગરમીમાં રાહત આપનાર ફુદીનાની વિવિધ આઈટમો

ફુદીનાનું શરબતઃ આ એક તાજગીભર્યું પીણું છે જે ઉનાળાની ગરમીમાં રાહત આપે છે. ફુદીનાના પાનને પીસીને, તેમાં ખાંડ અને લીંબુનો રસ ઉમેરીને શરબત બનાવી શકાય છે. તેને પાણીમાં ભેળવીને પીવો.

ફુદીનાની ચાઃ ગરમ કે ઠંડી ફુદીનાની ચા ઉનાળામાં ખૂબ જ આરામદાયક લાગે છે. તાજા ફુદીનાના પાનને ગરમ પાણીમાં ઉકાળીને અથવા ઠંડા પાણીમાં પલાળીને ચા બનાવી શકાય છે. તમે તેમાં મધ અથવા લીંબુનો રસ પણ ઉમેરી શકો છો.

ફુદીનાનું પાણી : એક જગ પાણીમાં થોડા ફુદીનાના તાજા પાન અને લીંબુના ટુકડા નાખીને થોડો સમય રહેવા દો. આ પાણી પીવાથી શરીર હાઈડ્રેટેડ રહે છે અને તાજગીનો અનુભવ થાય છે. તમે તેમાં કાકડીના ટુકડા પણ ઉમેરી શકો છો.

લસ્સી અને દહીંમાં: લસ્સી અથવા દહીંમાં ફુદીનાના પાનને પીસીને ઉમેરવાથી તે સ્વાદિષ્ટ અને પાચન માટે વધુ સારું બને છે.

(અનુ. આઠમા પાને)

### વોર્ડ નં.૧માં રામાપીર ચોકડીથી નાણાવટી ચોક તરફ જતા રસ્તે

# લાભદીપ સોસાયટીમાં 'સૂચિત'માં ખડકાયેલા પાંચ માળના બિલ્ડીંગનું ડિમોલીશન

## ભાવિક પટેલ નામના આસામીએ ગેરકાયદે ખડકેલા કોમર્શિયલ હેતુના પાંચ માળના બાંધકામને મેન્યુઅલી તોડવાનું શરૂ કરાયું: ડિમોલીશન રોકવા ભાજપના કોર્પોરેટર અને મોટા નેતાઓના ધમપછાડા

**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં.૧માં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રામાપીર ચોકડીથી નાણાવટી ચોક તરફ જતા રસ્તે લાભદીપ સોસાયટીમાં સૂચિત વિસ્તારમાં ભાવિકભાઇ પટેલ નામના આસામીએ ભગવતી ડેરી ફાર્મના નામે પાંચ માળનું વાણિજ્ય હેતુનું બાંધકામ ખડકી દીધું હતું. જે દૂર કરવા માટે કોર્પોરેશનની વેસ્ટ ઝોન કચેરીની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા આજથી ડિમોલીશન શરૂ કરવામાં આવ્યું છે. બિલ્ડીંગની એક તરફ સ્કૂલ અને બીજી તરફ મકાન આવેલા હોવાના કારણે બુલડોઝર ફેરવી શકાય તેમ ન હોય મેન્યુઅલી ગેરકાયદે બાંધકામ તોડવાનું શરૂ કરાયું હોય સંપૂર્ણ બાંધકામ તોડતા અંદાજે ૧૫થી ૨૦ દિવસનો સમય નીકળી જશે.

આ અંગે વધુ માહિતી આપતા વેસ્ટ ઝોન કચેરીના ઈન્ચાર્જ સિટી એન્જીનીયર કુંતેશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે શહેરના વોર્ડ નં.૧માં લાભદીપ સોસાયટીમાં ભાવિકભાઇ પટેલ નામના આસામીએ સૂચિત વિસ્તારમાં ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ પાંચ માળનું વાણિજ્ય હેતુનું ગેરકાયદે બાંધકામ ખડકી દીધું હતું. જે ધ્યાનમાં આવતા અગાઉ ગેરકાયદે બાંધકામ દૂર કરવા માટે કલમ-૨૬૦ (૧) મુજબ નોટિસ પાઠવવામાં આવી હતી. છતાં બાંધકામ હટાવવામાં ન આવતા ૨૬૦ (૨) મુજબ નોટિસ આપવામાં આવી હતી. છતાં આસામીએ ખડકેલું ગેરકાયદે બાંધકામ દૂર કરવાની તસ્દી લીધી ન હતી. આજે સવારે મ્યુનિ.કમિશનરના આદેશ બાદ વેસ્ટ ઝોન કચેરીની ટાઉન પ્લાનિંગ શાખા આ ગેરકાયદે ખડકાયેલા બાંધકામને દૂર કરવા માટે ત્રાટકી હતી. ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત પાંચ માળનું અંદાજિત ૨૦,૦૦૦ ચોરસ ફૂટ બાંધકામ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેને લાગૂ રહેણાંક વિસ્તાર છે. જ્યાં ભગવતી ડેરીનું બાંધકામ છે. તેની એક બાજુ સ્કૂલ અને બીજી બાજુ ત્રણ જેટલા રહેણાંક મકાનો હોવાના કારણે સ્થાનિક લોકોની સલામતીને ધ્યાનમાં રાખીને બુલડોઝર કે જેસીબી વડે બાંધકામ દૂર કરવાને બદલે હથોડા અને થ્રેસરથી બાંધકામ તોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ પાંચ માળનું બાંધકામ દૂર કરવામાં અંદાજે ૧૫ થી ૨૦ દિવસનો સમય નીકળી જશે. ડિમોલીશન દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વિજીલન્સ પોલીસને સાથે રાખવામાં આવી હતી. પીજીવીસીએલની ટીમને પણ સાથે રાખવામાં આવી હતી. સૂચિત સોસાયટીમાં પાંચ માળનું બિલ્ડીંગ ગેરકાયદે ખડકાઇ ગયું ત્યાં સુધી ટીપી શાખાની ટીમે આંખ આડા કાન કર્યા હોવાની પણ શંકા સેવાઈ રહી છે. ભાજપના એક મોટા નેતાએ આ બિલ્ડીંગ ઉભું કરી દીધું હોવાની ચર્ચા થઇ રહી છે. ડિમોલીશન અટકાવવા માટે ભાજપના કોર્પોરેટરો અને કેટલાક આગેવાનોએ ભલામણનો મારો ચલાવ્યો હતો.






# શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના પ્રાગટ્ય ઉત્સવને અનુલક્ષીને રવિવારે ફૂલ મંડલી મનોરથ

**અબતક, રાજકોટ**

પ્રથમ પીઠ યુવરાજ વૈષ્ણવાચાર્ય ગૌસ્વામી મિલનકુમારજી મહોદયના સાનિધ્યમા 'પ્રથમેશ સેવક સમિતિ' રાજકોટ દ્વારા વિવિધ મનોરથ શૃંખલાનું આયોજન કર્યુ છે. વૈષ્ણવ સૃષ્ટિને અનેરો અલૌકિક લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે. મનોરથની વિશેષ સુંદરતા એ છે કે પ્રથમેશજીના સેવ્યસ્વરૂપ 'શ્રીમહાપ્રભુજી' જે કૃપા કરીને 'શ્રી વલ્લભ કુંજ મંદિર' રાજકોટ બિરાજમાન છે



તે તા.૨૦-૦૪-૨૦૨૫ ના રોજ જશુબાઈ મંડાણે પધારશે.શ્રી મહાપ્રભુજી ફુલ મંડલીમાં બિરાજશે. દર્શનનો સમય : સાંજે ૭.૩૦ કલાકે. વધાઈ કીર્તન અને રાસ રાત્રે ૦૯.૩૦ કલાકે. સ્થળ જશુબાઈ મંડાણ, લાલજી પારેખની શેરી ખત્રીવાડ, બાલકૃષ્ણ લાલજીની હવેલી પાસે, રાજકોટ.

વૈષ્ણવાચાર્ય ગોસ્વામી મિલનકુમારજી મહોદયના ૫૦માં જન્મદિવસ નિમિતે 'સ્વર્ણ મહોત્સવ'નો ક્રમ મુંબઇ મુકામે ઉજવવામાં આવશે.

# સારા વિચારો અપનાવવા સંકલ્પ કરવો આવશ્યક: નિષ્ણાંત સત્યેન્દ્ર તિવારી

## 'એક પગલુ આકાશ તરફ' કાર્યક્રમમાં શ્રોતાઓએ પ્રશ્નો પુછી જવાબો મેળવ્યા



**અબતક, રાજકોટ**

એક પગલું આનંદ તરફ નામનો અનોખો સંવાદ કાર્યક્રમ તાજેતરમાં રાજકોટના પ્રમુખ સ્વામી ઓડિટોરિયમમાં યોજાયો હતો. રવિકુમાર ભારતીયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અમૃતલાલ ભારદીયાએ પોતાના જીવનના દ્રષ્ટાંત આપતું ઉત્સાહપ્રેરક ઉદ્બોધન કર્યું હતું. એ સાથે મુખ્ય પ્રવકતા સત્યેન્દ્ર તિવારીએ રોજબરોજના જીવનમાં સર્જાતા પ્રશ્નો, ડિપ્રેશન, તનાવ વગેરેનું નિરાકરણ સંવાદ અને પ્રત્યાયનથી કઇ રીતે લાવી શકાય તેની વિસ્તૃત સમજ આપી હતી. સત્યેન્દ્રભાઈએ શ્રોતાગણને જીવનમાં સારી વાતો અમલમાં લાવવા અને સારા વિચારો અપનાવવા માટે સંકલ્પ કરવો આવશ્યક છે તેમ કહ્યું હતુ. મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓએ તેમને ઉદ્ભવતા પ્રશ્નો પૂછીને જવાબ આપ્યા હતા. પ્રશ્નોતરીના રૂપમાં યોજાયેલા કાર્યક્રમમાં કૌશિક મહેતાએ પોતાના આગવા અંદાજમાં સવાલો પૂછ્યા હતા અને તિવારી એ તેના ઉત્તર આપ્યા હતા.

દિવ્યાંગ તિવારીએ કાર્યક્રમમાં સ્ટેજ સંચાલન કર્યું હતુ. કાર્યક્રમના આરંભે મોક્ષ દિવ્યાંગ તિવારીએ શ્લોકપઠન કર્યું હતુ. વિશેષ આમંત્રિત મહેમાનો તરીકે ડો. કમલ પરીખ, સૌરાષ્ટ્ર કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના નલીન ઝવેરી, નરેન્દ્ર ઝીબા તથા વિદ્યાનિકેતન શાળાના સ્થાપક વિમલ કપૂર હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા પ્રોગ્રામના સંયોજક રાજેશ અગ્રવાલે જહેમત ઉઠાવી હતી. એ સાથે સુરેન્દ્ર ગુપ્તા, દિપક ત્રિવેદી, હર્ષિદા ત્રિવેદી, વિપુલ પરમાર, વિજય ચંદારાણા, અનિલ ગુપ્તા, શેખર તિવારી, કિરણ મર્થક, નેહા શાહ વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અનુસૂચિત જાતિના યુવાનો માટે રાષ્ટ્ર સુરક્ષાની સેવામાં જોડાવવાની ઉમદા તક

## 'સૂબેદાર રામજી સકપાલ યોજના' હેઠળ અનુસૂચિત જાતિના યુવાનોને ૭૫ દિવસની તાલીમ આપીને અગ્નિવીર માટે તૈયાર કરાશે

**અબતક, રાજકોટ**

અનુસૂચિત જાતિના યુવાનો રાષ્ટ્ર સુરક્ષાની સેવામાં જોડાઈને પોતાની કારકિર્દી બનાવે તેવા ઉમદા હેતુથી રાજ્ય સરકારની 'સૂબેદાર રામજી સકપાલ યોજના' અંતર્ગત અગ્નિવીર પરીક્ષાની તૈયારી માટે તાલીમ આપવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી શ્રી ભાનૂબેન બાબરીયાના નેતૃત્વમાં આ વર્ષે રૂ. ૫૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનાના સુયોગ્ય અમલીકરણ માટે ગાંધીનગર સ્થિત રક્ષા શકિત યુનિવર્સિટી દ્વારા યુવાનોને ભરતી અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયાર કરાશે. અનુસૂચિત જાતિના પસંદગી પામેલા ૧૫૦ તાલીમાર્થીઓને ૭૫ દિવસ તાલીમ અપાશેઆ યોજના હેઠળ રક્ષા શકિત યુનિવર્સિટી અનુસૂચિત જાતિના પસંદગી પામેલા ૧૫૦ તાલીમાર્થીઓને ૭૫ દિવસ માટે તાલીમ આપવામાં આવશે. આ યોજના હેઠળ તાલીમાર્થીને માત્ર તાલીમ જ નહિ પરંતુ રાજ્ય સરકાર દ્વારા પ્રત્યેક યુવાનને દર મહિને ૧,૦૦૦ રૂપિયા લેખે રૂ. ૨૫૦૦ સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવશે. આ સ્ટાઈપેન્ડની રકમ તાલીમાર્થીના એકાઉન્ટમાં સીધી ડીબીટી મારફતે ચૂકવવામાં આવશે.

સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા 'સૂબેદાર રામજી સકપાલ યોજના' હેઠળ અનુસૂચિત જાતિના યુવાનોને રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી ખાતે રહેવા, જમવા, સ્ટાઈપેન્ડ, તાલીમ સહિતની બાબતો માટે રૂ. ૫૧ લાખની જોગવાઈ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી સમયમાં આ યોજના અંતર્ગત રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા સંપૂર્ણ માર્ગદર્શીકા જાહેર કરવામાં આવશે.

### યોજના માટે ૧૭.૫ વર્ષથી ૨૧ વર્ષ સુધીના યુવાનોની પસંદગી કરાશે

અગ્નિવીરમાં ગુજરાતમાંથી સૌથી વધુ યુવાનો સફળ થાય તે માટે સૂબેદાર રામજી સકપાલ યોજના હેઠળ ૧૭.૫ વર્ષથી ૨૧ વર્ષ સુધીના યુવાનોની પસંદગી કરવામા આવશે. આ તાલીમ માટે ઊંચાઈ ૧૬૮ સે. મી., વજન ૫૦ કિલોગ્રામ, છાતી ૭૭+૫ સે.મી.નું શારીરિક લાયકાતનું ધોરણ નક્કી કરાયું છે. આ યોજનાનો લાભ લેવા માટે શૈક્ષણિક ન્યૂનતમ લાયકાત ધો.૧૦ રાખવામાં આવ્યું છે સાથે જ ધોરણ ૧૦માં ઓછામાં ઓછા ૪૫ ટકા હોવા પણ જરૂરી છે. આ માટે અરજીની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન રાખવામાં આવી છે. રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા મળેલી અરજીઓ પૈકી પ્રાથમિક તબક્કે શારીરીક કસોટી તથા લેખિત પરીક્ષા દ્વારા તાલીમાર્થીઓની પસંદગી સંપૂર્ણ પારદર્શીતાથી કરવામાં આવશે.

# અદાણી જૂથ માટે ખુશખબર: વ્હાઈટ કોલર કાયદાઓ મામલે ડોનાલ્ડ ટ્રમ્પની પીછેહઠ

**અબતક, રાજકોટ**

અદાણી જૂથ માટે ફરી એકવાર સારા સમાચાર આવ્યા છે, શેરબજારમાં અદાણીના શેરમાં તોફાની તેજી બાદ અમેરિકન સરકાર તરફથી મોટી રાહત મળી છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપે લાંચ વિરોધી કાયદાઓ પ્રત્યે નરમ વલણ રાખતા તેને લાગુ નહીં કરવાનો નિર્ણય લીધો છે.ટ્રમ્પ વહીવટીતંત્રે ચોક્કસ પ્રકારના વ્હાઈટ-કોલર ગુનાઓ સામે કેસ ચલાવવાથી પાછળ હટવાનો નિર્ણય લીધો છે. જેનાથી અદાણી ગ્રુપને ફાયદો થવાની સંભાવના છે.

હવે ટ્રમ્પ વહીવટીતંત્ર ચોક્કસ પ્રકારના વ્હાઈટ-કોલર ગુનાઓ લાગુ કરવાથી પીછેહઠ કરી રહ્યું છે. જેમાં વિદેશી લાંચ, જાહેર ભ્રષ્ટાચાર, મની લોન્ડરિંગ અને ક્રિપ્ટો માર્કેટ સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે. ડોનાલ્ડ ટ્રમ્પે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યાના બે મહિનામાંજ આ નિર્ણય લેવામાં આવ્યો છે. તે યુએસ ન્યાય વિભાગને વિદેશી વ્યાપાર સોદા મેળવવા માટે વિદેશી અધિકારીઓને લાંચ આપવાના આરોપમાં અમેરિકનો પર કાર્યવાહી બંધ કરવાનો નિર્દેશ આપે છે.

સૌથી મોટી વાત એ છે કે, આ નિર્ણયથી અમેરિકન કોર્ટમાં આરોપોનો સામનો કરી રહેલી કંપનીઓ અને તેમના અધિકારીઓને પણ ફાયદો થઈ શકે છે. નવી નીતિ એઝયુર પાવરને રાહત આપે તેવી શકયતા છે. જેના સોલાર પ્રોજેકટ માટે અદાણી ગ્રુપની કંપની સાથે કરાર હતો.

# બોલબાલા ટ્રસ્ટ દ્વારા કાળઝાળ ગરમીમાં ઠંડી છાશનું વિતરણ

**અબતક, રાજકોટ**



### ટ્રસ્ટના મેમ્બર્સ તેમજ આત્મીય કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ વિસ્તારોમાં સેવા આપી

બોલબાલા ટ્રસ્ટ છેલ્લા ૩૫ વર્ષથી ''માનવ સેવા એજ પ્રભુ સેવા'' સુત્ર ને આધીન કાર્યરત સંસ્થા રાજકોટ તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાં અનેક સેવાકીય પ્રવૃતીઓ કરી રહી છે.

જેમાં હાલ બોલબાલા ટ્રસ્ટ દ્વારા રાજકોટ કલેક્ટર કચેરી ખાતે આવેલ જનસેવા કેન્દ્ર, બોલબાલા સંચાલીત રેનબસેરા શાળાં નં.૧૦, તેમજ અલગ-અલગ વિસ્તારમાં લોકો ને ગરમી થી રાહત મળે તે માટે નિઃશુલ્ક ઠંડી છાસ વિતરણ કરવામાં આવ્યુ હતું

બોલબાલા ટ્રસ્ટ ના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાયના સંકલન હેઠળ બોલબાલા ટ્રસ્ટના કમીટી મેમ્બર, સ્ટાફ તેમજ વિધાથીઓએ આત્મીય કોલેજ થી આવેલ વિદ્યાર્થીઓએ સેવાયજ્ઞ જોડાઈને ઉમદા ઉદાહરણ પુરૂ પાડયુ હતુ.

બોલબાલા ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાયે છાસ સેવાના સહયોગ આપતા દાતાઓનો આભાર વ્યકત કર્યો હતો અને જણાવ્યુ હતુ કે બોલબાલા ટ્રસ્ટ આગામી દિવસોની ગરમીને ધ્યાનમાં રાખી બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, જયુબેલી માર્કેટ જેવા વિસ્તારોના રાહદારીઓ માટે છાસ વિતરણ કરવામાં આવશે.

# સિટી બસની સ્પીડ લિમિટ બાંધવાની કોંગ્રેસની રજૂઆત નિંભર તંત્રએ કચરાપેટીમાં પધરાવી દીધી !!!

## કોંગ્રેસના અગ્રણીઓ ઘટનાસ્થળે દોડી ગયા

**અબતક, રાજકોટ**

શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિક સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરી રહી છે. રાજકોટ શૈક્ષણિક હબ બની ગયું છે.સીટી બસો માતેલા સાંઢની જેમ ચાલી રહી છે અવારનવાર પ્રજાના ટાટીયા ભાંગવાનું અથવા ફેટલ અકસ્માતની ઘટનાઓ સીટી બસના ડ્રાઈવરો દ્વારા વધી રહી છે. રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાને સીટી બસમાં સ્પીડ લિમિટ બાંધવા અને વિવિધ મુદ્દાઓને લગતુ આવેદનપત્ર આપવામાં આવેલ હતું પરંતુ તંત્ર દ્વારા આ અંગે કોઈ અસરકારક પગલાં ભરવામાં આવ્યા નહોતા. સીટી બસ દ્વારા ઈન્દિરા સર્કલ ખાતે અડધો ડઝનથી વધારે લોકોને ઉલાળિયા છે ત્યારે તેમાંથી ત્રણના મોતની પુષ્ટિ મળી છે જ્યારે હજુ પણ એકાદ બે ગંભીર હોય ત્યારે મૃતકોને તમામને રાજકોટ મહાનગરપાલિકા કે રાજય સરકાર દ્વારા સહાય મળવી જોઈએ.

સીટી બસના કેટલાક ડ્રાઈવર અને કંડકટરોનું વર્તન અત્યંત તોછડું અને દાદાગીરી પૂર્વકનું રહ્યુ છે મહિલાઓ સાથે અને સિનિયર સિટીઝન સાથે પણ મન ફાવે તે પ્રકારે વર્તનો કરે છે. સીટી બસનો ડ્રાઈવર કંડકટર તમામને શિસ્તના પાઠ ભણાવવાની જરૂર છે.

ડ્રાઈવરો પીધેલી હાલતમાં હોવાનું વખતો વખત પ્રકાશમાં આવ્યુ છે અને આજે પણ ડ્રાઈવર પીધેલી હાલતમાં હોવાનું લોક મુખે ચર્ચા રહયુ છે. અને સીટી બસમાંથી દારૂની બોટલ પણ મળી હોવાનું પ્રકાશમાં આવેલ છે. ત્યારે પોલીસ તંત્ર દ્વારા એસ.ટી બસના ડ્રાઈવરોનું બ્રેથએનેલાઈઝર દ્વારા ડ્રાઈવર નશામાં છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવે છે ત્યારે અમારી માંગ એ છે કે હાલ રાજકોટની તમામ સીટી બસમાં બ્રેથએનેલાઈઝરની સુવિધા મુસાફરોને મળવી જોઈએ. ઘટનાની જાણ થતા ની સાથે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી, વશરામભાઈ સાગઠીયા, જશવંતસિંહ ભટ્ટી, તુષારભાઈ નંદાણી સહિતના આગેવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા.

### કોંગ્રેસના આગેવાનોએ મૃતકોના પરિજનોને સાંત્વના પાઠવી



શહેર કોંગ્રેસન આગેવાન પ્રમુખ અતુલ રાજાણી, કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતા વશરામ સાગઠિયા, જશવંતસીંહ ભટ્ટી, ગોપાલ અનડકટ, રણજીત મુંધવા અને મયુરસિંહ જાડેજા સહિતના આગેવાનો સીવીલ હોસ્પીટલે પહોંચી ગયા હતા. દુર્ઘટનામાં મૃત્યુ પામનારના પરીવાર જનોને મળી સાંત્વના પાઠવી હતી.

# રાજયના સરકારના કર્મીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો થશે

### હવે કર્મચારીઓને મુળ પગારમાં ૫૫ ટકા મોંઘવારી ભથ્થુ મળશે: કેન્દ્ર સરકારે ગત મહિનામાં કેન્દ્રિય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો કર્યો હતો

**અબતક, રાજકોટ**

ગાંધીનગર ખાતે સરકારની આજે કેબિનેટ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અનેક મુદ્દાઓ પર ચર્ચાઓ કરવામાં આવી હતી. રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓ માટે આ બેઠકમાં મોટો નિર્ણય લીધો હતો. હવેથી રાજ્યના સરકારી કર્મચારીઓના ડીએમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર કર્મચારીઓના ડીએમાં બે ટકાનો નિર્ણય કરશે. ગત માર્ચ મહિનામાં કેન્દ્ર સરકારે કર્મચારીઓના ડીએમાં વધારો કર્યો હતો.

ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટની બેઠકમાં રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓના ડીએમાં બે ટકાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. આ પહેલા રાજ્ય સરકારે ગત ડિસેમ્બર મહિનામાં સરકારી કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ વધાર્યું હતું. જેમાં પહેલી જુલાઈ ૨૦૨૪થી વધારો કરીને ૫૩ ટકા ભથ્થુ મંજૂર કરવામાં આવ્યું હતું. હાલમાં કર્મચારીઓને મુળ પગારના ૫૩ ટકા મોંઘવારી ભથ્થુ મળી રહ્યું છે. રાજ્ય સરકારે આજે કેબિનેટની બેઠકમાં નિર્ણય કરતાં આ ભથ્થામાં બે ટકાનો વધારો થશે. એટલે હવે કર્મચારીઓને મુળ પગારમાં ૫૫ ટકા મોંઘવારી ભથ્થુ મળશે.ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે ગત માર્ચ મહિનામાં કેન્દ્રિય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો કર્યો હતો. કેન્દ્રિય કેબિનેટમાં આ નિર્ણય લેવાયો હતો. જે અનુસંધાને આજે ગુજરાત સરકારની કેબિનેટની બેઠક મળી હતી. જેમાં રાજ્ય સરકારે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો કરવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણયને કારણે કર્મચારીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી.

# એસ.બી. આઇ.એમ્પ્લોઇઝ યુનિયનના જનરલ સેક્રેટરી પદે નિતેશ પરમારની નિયુક્તિ

**અબતક, રાજકોટ**

સ્ટેટ બેંકના સાત હજારથી વધુ સમગ્ર ગુજરાતમાં ફરજ બજાવતા ક્લેરિકલ અને સબોર્ડિનેટ કેડરના કર્મચારીઓના બનેલ બિનરાજકીય સંગઠન એસ.બી.આઇ. એમ્પ્લોઇઝ યુનિયનના જનરલ સેક્રેટરી તરીકે સ્ટેટ બેન્કમાં ફરજ બજાવતા ઉત્સાહી કર્મઠ સક્રિય અનુભવી તેમજ યુનિયનમાં નાની મોટી અનેક જવાબદારીઓ સફળતાપૂર્વક સંભાળનાર નિતેશભાઈ પરમારની યુનિયનના જનરલ સેક્રેટરી તરીકે સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી છે. નિતેશ પરમારને નવી જવાબદારી મળવા બદલ સમગ્ર રાજ્યમાંથી યુનિયનના સભ્યો તરફથી અભિનંદન અને શુભકામનાઓ મળી રહી છે.

# ટ્રકમાં જુના બુટ-ચપ્પલની આડમાં છુપાવેલો રૂ ૩.૭૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## ભારત ઈન્ડસ્ટ્રીઝ એરીયાના ગોડાઉનમાં કટીંગ વેળાએ પીસીબી શાખા ત્રાટકી, દમણથી દારૂ મોકલનાર અને ટ્રક ચાલકની ધરપકડ

### ટ્રક અને ૨૩૦૪ બોટલ મળી રૂપિયા ૧૧૫ ૭૪ લાખનો મુદ્દામાલ કબજે, રામનાથપરાનો સોહીલ થઈમ નામના બુટલેગરની શોધખોળ

**રાજકોટ, અબતક**

રાજકોટ શહેરના થોરાળા વિસ્તારમાં આવેલા ભારત ઈન્ડસ્ટ્રીઝ એરિયાના સુમન ઈન્ડસ્ટ્રીઝ સામેના ગોડાઉનમાં ટ્રકમાં જુના બુટ ચંપલના કોથળાની આડમાં છુપાવેલો વિદેશી દારૂના કટીંગ વેળાએ પીસીબી શાખા એ દરોડો પાડી રૂપિયા ૩ ૫ ૭૪ લાખની ૧૧.૭૪ લાખનો વિદેશી દારૂના તથા સાથે વસાહતના અને ટ્રકના ચાલક મળી બે શખ્સોને ધરપકડ કરી છે. પોલીસે ટ્રક દારૂ મળે રૂપિયા ૧૧૫ ૭૪ લાખનો મુદ્દામાં કબજે કર્યો છે. પોલીસે ટ્રકના ચાલક અને દમણથી દારૂ મોકલના સહિત એ શક્ષોની ધરપકડ કરી તેની પ્રાથમિક પૂછપરછમાં આ દારૂનો જથ્થો સોહીલ રામનાથપરા ના સોહીલ નામના બુટલેગરે મંગાવ્યાનું ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ રાજકોટ શહેરમાં દારૂ ધૂસાડવા બુટલેગરો સક્રિય થયા હોવાની પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાને મળેલી માહિતીના આધારે તમામ બ્રાન્ચ અને શહેરના તમામ એન્ટ્રી થતા રસ્તા ઉપર કડક હાથે ચેકિંગ કરવા અને પેટ્રોલિંગ હાથ ધરવા આપેલી સૂચનાને પગલે પીસીબીના ઈન્ચાર્જ પીઆઈ એમઆર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એમજે હુણ




સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે આજી વસાહત અનમોલ પાર્ક શેરી નંબર ૨ માં રહેતો જાવેદ રહિશ શેખ નામનો શખ્સ લષ ૩ બીપી એ.સી ૫૩ નંબરના આઈસર ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને થોરાળા વિસ્તારમાં આવેલી ભારત ઈન્ડસ્ટ્રીઝ એરીયા માં સુમન ઈન્ડસ્ટ્રીઝ ના સામે આવેલા ગોડાઉનમાં કટીંગ કરતા હોવાની એ.એસ.આઈ સંતોષભાઈ, હરદેવસિંહ, હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ અને કોન્સ્ટેબલ દેવરાજભાઈ ને મળેલી બાતમીના આધારે એએસઆઈ મયુરભાઈ, મહિપાલસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ કીરતસિંહ ઝાલા, કિરણભાઈ મારુ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મહેતા અને ગિરિરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફે દરોળો પાડ્યો હતો. બરોડા દરમિયાન ટ્રકમાં જુના બુટ ચંપલની આડ માં છુપાવેલો રૂપિયા ૩.૭૪ લાખની કિંમતનો ૨૩ ૦૪ બોટલ દારૂ સાથે ટ્રકના ચાલક જાવેદ શેખ અને વિદેશી દારૂનો જથ્થો દમણ થી ભરીને મોકલી આપનાર મૂળ દિલ્હીનો અને હાલ વરસાદ રહેતો મહેશ ઉર્ફે મોનુ ગોપાલ ચૌહાણ સહિત બંને શખ્સોની ધરપકડ કરી પોલીસે આઈસર ટ્રક અને દારૂ મળી રૂપિયા ૧૧.૭૪ લાખનો મુદ્દામાં કબજે કર્યો હતો ઝડપાયેલા શખ્સોની પ્રાથમિક પૂછપરછમાં આ દારૂનો જથ્થો હરામનાથ પરા વિસ્તાર માટે તો સોહિલ યુસુફ થઈમ નામના શખ્સે મોકલ્યાનું ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે.

## ડીલે જસ્ટિસ, ડીનાઈડ જસ્ટિસ!!

# ન્યાય તોળવામાં ગુજરાત સાત ક્રમ નીચે ઉતર્યું!!!

### કાનૂની સહાય પુરી પાડવામાં પણ રાજ્ય ત્રીજા ક્રમેથી ૧૩માં ક્રમે ધકેલાયુ

**અબતક, રાજકોટ**

ન્યાય પહોંચાડવામાં ટોચના ચાર રાજ્યોમાં સ્થાન મેળવનાર ગુજરાત ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ (આઈજેઆર) રેન્કિંગમાં ૧૧મા ક્રમે સરકી ગયું છે. મંગળવારે પ્રકાશિત થયેલા આ અહેવાલમાં ચિંતાજનક ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. કોર્ટરૂમમાં સ્ટાફનો અભાવ, કાનૂની સહાયનો ઓછો ઉપયોગ અને અનામત ક્વોટા પૂરા નહિ થવાના લીધે ગુજરાત ન્યાય તોળવામાં સાત ક્રમ નીચે સરકી ગયું છે. કાનૂની સહાય પર રાષ્ટ્રીય સરેરાશ કરતાં વધુ ખર્ચ કરવા છતાં રાજ્ય પહોંચ સાથે સંઘર્ષ કરી રહ્યું છે. રાજ્ય તેની ઉચ્ચ અદાલતમાં વધુ મહિલા ન્યાયાધીશો માટે અલગ છે.

આ અહેવાલ છ વર્ષમાં ચોથો આવો અભ્યાસ ટાટા ટ્રસ્ટ્સ દ્વારા સરકારી ડેટાનો ઉપયોગ કરીને સંકલિત કરવામાં આવ્યો છે. જે ચાર મુખ્ય સ્તંભો પર આધારિત હોય છે. જેમાં પોલીસ, ન્યાયતંત્ર, જેલ અને કાનૂની સહાયમાં ન્યાયની પહોંચ પૂરી પાડવામાં રાજ્યો કેટલું સારું પ્રદર્શન કરે છે તેનું મૂલ્યાંકન કરે છે. પ્રથમ વખત, તેમાં રાજ્યમાં ન્યાય વિતરણનું મૂલ્યાંકન કરવા માટે રાજ્ય માનવ અધિકાર આયોગ કેવી રીતે કાર્ય કરે છે તેની પણ વિચારણા કરવામાં આવી.

ગુજરાતનો સૌથી મોટો આંચકો ન્યાયતંત્ર ક્ષેત્રે હતો. રાજ્ય હવે ન્યાયિક કામગીરીમાં ૧૮ મધ્યમ અને મોટા રાજ્યોમાંથી ૧૪મા ક્રમે છે, જે ૨૦૨૨માં ૯મા ક્રમે હતું. દેશમાં હાઈકોર્ટના ન્યાયાધીશોની સૌથી વધુ જગ્યાઓ ખાલી છે, જેમાં ૩૮.૫% ની અછત છે - જે રાષ્ટ્રીય સરેરાશ ૩૨.૭% કરતા પણ ખરાબ છે.

નીચલી અદાલતોમાં પણ ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ વધીને ૩૧.૧% થઈ ગઈ છે. તેનો અર્થ એ કે ગુજરાતમાં દર ૬૧,૭૯૫ લોકો માટે એક ગૌણ અદાલતના ન્યાયાધીશ છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૬૯,૦૧૭ કરતા થોડો સારો છે પરંતુ વધતી જતી અછત ચિંતાનો વિષય છે.

### ન્યાયિક કર્મચારીઓના રહેણાંકમાં પણ ૨૦.૯%ની અછત

માળખાગત સુવિધાઓની દ્રષ્ટિએ, ગુજરાતમાં કોર્ટરૂમમાં ૧૨.૩% અને ન્યાયિક કર્મચારીઓ માટે રહેણાંક ક્વાર્ટરમાં ૨૦.૯% ની અછત છે. તેનો ન્યાય વિકાસ બજેટ ઉપયોગ ૬૦% થી નીચે છે, જે કોર્ટ માળખાગત સુવિધાઓ અને સેવાઓ સુધારવા માટે ફાળવવામાં આવેલા ભંડોળનો ઓછો ઉપયોગ સૂચવે છે.


તેવી જ રીતે કાનૂની સહાય પૂરી પાડવામાં રાજ્ય ત્રીજા ક્રમથી નીચે ૧૩મા ક્રમે આવી ગયું છે. એકંદર ન્યાય વિતરણમાં કર્ણાટક ૧૮ રાજ્યોમાં ટોચ પર છે.

ગુજરાતે તેની હાઈકોર્ટમાં મહિલા ન્યાયાધીશોની નિમણૂકમાં પ્રગતિ કરી છે. રાષ્ટ્રીય સરેરાશ ૧૪% ની સરખામણીમાં ૨૫% છે. તેની ગૌણ ન્યાયતંત્રમાં ફક્ત ૨૦% મહિલા ન્યાયાધીશો છે. જે ૩૮% રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણી ઓછી છે. રાજ્ય તેના અનામત ક્વોટાને પૂર્ણ કરવામાં પણ નિષ્ફળ ગયું છે. ૨૦૨૨ થી, ન્યાયતંત્રમાં અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠકોમાંથી માત્ર ૨% બેઠકો ભરવામાં આવી છે, જયારે અનુસૂચિત જાતિના પદો લગભગ ૯૭% પર પૂર્ણ થયા છે. ઓબીસી પ્રતિનિધિત્વ પણ અપેક્ષાઓ કરતાં ઓછું છે. અદાલતોમાં સ્ટાફની અછત લગભગ બમણી થઈ ગઈ છે, જેમાં ૪૭% ની અછત છે.

કાનૂની સહાય એ એક બીજું ક્ષેત્ર છે જ્યાં ગુજરાત નીચે ગયું છે. એક સમયે ત્રીજા ક્રમે હતું, તે હવે ૧૮ રાજ્યોમાં ૧૩મા ક્રમે છે. રાજ્યએ ૨૦૨૨-૨૩માં તેના કાનૂની સહાય બજેટના ૮૭% યોગદાન આપ્યું હોવા છતાં, ફક્ત ૭૮% જ ઉપયોગમાં લેવાયું હતું.

# અફઘાનિસ્તાનમાં ૫.૯ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો

## ભૂકંપની અસર દિલ્હી-એનસીઆર સહિત ભારતના અનેક વિસ્તારોમાં જોવા મળી: ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૭૫ કિ.મી. ઊંડે હતું



**અબતક, નવી દિલ્હી**

દિલ્હી-એનસીઆરમાં આજે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ઘટના વિશે માહિતી આપતાં રાષ્ટ્રીય ભૂકંપ કેન્દ્રએ કહ્યું કે આજે અફઘાનિસ્તાનના હિંદુ કુશ વિસ્તારમાં ૫.૯ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો હતો જેની અસર દિલ્હી-એનસીઆર સહિત ભારતના અનેક વિસ્તારોમાં જોવા મળી હતી. એનસીએસના અહેવાલ અનુસાર ભૂકંપનું કેન્દ્ર ૭૫ કિ.મી. ઊંડે હતું. ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ ભારે નુકસાન પહોંચાડવા માટે પૂરતું ગણાય છે. ખાસ કરીને ભૂકંપના કેન્દ્રની આજુબાજુના વિસ્તારોમાં. જોકે અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના અહેવાલ સામે આવ્યા નથી. પરંતુ ભૂકંપનો આંચકો ભારે હોવાને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ભૂકંપના આંચકા સવારે ૪:૪૪ વાગ્યે અનુભવાયા હોવાની જાણકારી મળી રહી છે. જેના કારણે લોકો ફફડી ગયા હતા અને ઊંઘમાંથી ઊઠી દોટ મૂકવાની ફરજ પડી હતી. ભારતમાં દિલ્હી-એનસીઆર, યુપી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને જમ્મુ-કાશ્મીરના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ આફ્ટર શોક અનુભવાયા હતા.


દુઃખદ અવસાન
ઉઠમણું / પ્રાર્થનાસભા



સ્વ. કાંતાબેન રમણીકલાલ દેસાઈ
સ્વ.તા. ૧૫/૦૪/૨૦૨૫, મંગળવાર

અમારા માતૃશ્રી કાંતાબેન રમણીકલાલ દેસાઈ (ઉ.વ.૯૮) તા. ૧૫/૦૪/૨૦૨૫, મંગળવારના રોજ અરીહંતશરણ પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...


તા. ૧૭/૦૪/૨૦૨૫, ગુરૂવારે • ઉઠમણું : સવારે ૧૦ થી ૧૧
પ્રાર્થનાસભા : સવારે ૧૧ થી ૧૨ • સ્થળ : પારસ સોસાયટી કોમ્યુનિટી હોલ, પારસ સોસાયટી, નિર્મલા કોન્વેન્ટ સ્કુલ રોડ, રાજકોટ.

નલીનભાઈ રમણીકલાલ દેસાઈ
ડો. કિશોરભાઈ રમણીકલાલ દેસાઈ (સિનિયર બાળરોગ નિષ્ણાંત)
દિલીપભાઈ રમણીકલાલ દેસાઈ
અનિલભાઈ રમણીકલાલ દેસાઈ (એડવોકેટ)
શ્રીમતી હંસાબેન ઐશ્વર્યકુમાર દાસ

દેસાઈ પરિવારના જય જીનેન્દ્ર



ચોથી વાર્ષિક પૂણ્યતિથિએ
શ્રદ્ધાંજલી



સ્વ.હરગોવિંદભાઈ માવજીભાઈ વ્યાસ
સ્વ.તા.૧૬-૦૪-૨૦૨૧, શુક્રવાર

વ્હાલના વડલા જેવું આપનું જીવંત અસ્તિત્વ તો આજે અમારી વચ્ચે નથી, પણ એ વડલાની શીતલ છાયાં સમાન સંસ્કાર, સ્નેહ, સમર્પણ, ધૈર્ય, સંઘર્ષ અને સકારાત્મકતાથી ભરપુર આપનું કર્તવ્યનિષ્ઠ, સૌમ્ય વ્યકિતત્વ સદાય અમારા માટે આદર્શરૂપ બની રહેશે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

ગં.સ્વ. નીલાબેન હરગોવિંદભાઈ વ્યાસ
નીરજ હરગોવિંદભાઈ વ્યાસ ✦ પલ્લવી નીરજભાઈ વ્યાસ
રક્ષીત હરગોવિંદભાઈ વ્યાસ ✦ કાજલ રક્ષીતભાઈ વ્યાસ
પૂજા વિશાલભાઈ શાહ ✦ વિશાલ મહેશભાઈ શાહ
રજનીકાંત માવજીભાઈ વ્યાસ

રૂદ્ર, અયાંશ, યશ્વી, પ્રાચી તથા વ્યાસ પરિવારના જય શ્રીકૃષ્ણ




૧૩મી પુણ્યતિથિએ પુણ્યસ્મરણ

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥
'આ (બ્રહ્મતત્વ) પૂર્ણ છે.
આ વિશ્વ પૂર્ણ છે.
પૂર્ણમાંથી પૂર્ણ ઉદ્દેભવ્યું છે.
પૂર્ણબ્રહ્મમાંથી પૂર્ણ લીધા પછી પણ પૂર્ણબ્રહ્મ જ બાકી રહે છે.

નાથાભાઈ બી. ઉનાગર । ચંદુભાઈ બી. ઉનાગર
ગં.સ્વ.હીરાબેન છગનભાઈ ઉનાગર તથા
પુત્ર પરિવાર : હર્ષદભાઈ, દિપકભાઈ, મહેશભાઈ

મહેશ્વરી પ્રિન્ટર્સ, રાજકોટ.



પ્રજાપતિ સ્વ. છગનભાઈ ભાણજીભાઈ ઉનાગર
સ્વ. તા. ૧૬-૪-૨૦૧૨ સોમવાર



12મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ. રાજુભાઈ પ્રતાપભાઈ રાજદેવ
સ્વ.તા. 16-04-2013 (ચૈત્રસુદ છઠ્ઠ)

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે,
મૃત્યુ થવું એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં
જીવિત રહેવું એ જીવનમાં કરેલા કર્મની વાત છે.
તમે અમારા હૃદયમાં સ્મૃતિરૂપે હંમેશા જીવીત છો અને રહેશો...
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રર્થના...

લી. રામ ગ્રુપ
PM આંગડીયા (અડાજણ)

ADMEDIA



12મી વાર્ષિક પુણ્યતિથીએ
શ્રદ્ધાંજલી



સ્વ. રાજુભાઈ પ્રતાપભાઈ રાજદેવ
સ્વ.તા. 16-04-2013 (ચૈત્રસુદ છઠ્ઠ)

આપની દિર્ધ દ્રષ્ટિ હજી પણ અમારૂ માર્ગદર્શન કરી રહી છે, આપના લાગણીભર્યા શબ્દો અમોને પ્રોત્સાહિત કરી રહ્યાં છે, આપના મહાન કાર્યો અમારો પ્રેરણાસ્ત્રોત બની રહ્યાં છે. આપની સિધ્ધિઓ અમારી પ્રવૃત્તિનો શક્તિસ્ત્રોત બની રહી છે. આપની હાજરી હરહંમેશ અમારી સાથે ને સાથે જ છે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.
જીજ્ઞેષ રાજાણી • કેવલ ટી. માટલીયા
મીલન પી. ધોકાઈ
તથા R.P. આંગડીયા પરિવાર

ADMEDIA



12મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ. રાજુભાઈ
પ્રતાપભાઈ રાજદેવ
સ્વ.તા. 16-04-2013 (ચૈત્રસુદ છઠ્ઠ)

તમે એક પળમાં જીંદગીનું સંભારણું છોડી ગયા, જીંદગી હતી ટુંકી છતાં લાગણી ઘણી મુકી ગયા, જીવ્યા થોડું પણ બધાના દિલ જીતી ગયા, બધાને હસાવનાર તમો અમોને રડાવી ગયા, જીવન એવુ જીવી ગયા કે, કદી ભુલાશે નહિ, દુઃખને દેખાડ્યું નહિ સુખને છલકાવ્યું નહિ, મહેનત થકિ પરિવાર અને સમાજનું ભલુ કર્યું, સમાજમાં સુવાસ ફેલાવી સંસ્કારોની જ્યોત જલાવી. આપની ખોટ ક્યારેય નહિ પુરાય. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.
ગં.સ્વ. દક્ષાબેન રાજેશભાઈ રાજદેવ
વૈશાલીબેન હિરેનકુમાર ઘેલાણી | તેજસ રાજેશભાઈ રાજદેવ | ખુશબુબેન અલ્કેશકુમાર ઠક્કર
હિરેનકુમાર પ્રદિપભાઈ ઘેલાણી | સીમા તેજસભાઈ રાજદેવ | અલ્કેશકુમાર સુરેશભાઈ ઠક્કર
આર્યા હિરેનકુમાર ઘેલાણી | રીશાન તેજસભાઈ રાજદેવ | અનાયા અલ્કેશકુમાર ઠક્કર
તથા રાજદેવ પરિવારના જયશ્રી કૃષ્ણ...

ADMEDIA



12મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ. રાજુભાઈ
પ્રતાપભાઈ રાજદેવ
સ્વ.તા. 16-04-2013 (ચૈત્રસુદ છઠ્ઠ)

ધૈર્ય, સમજણ, સેવા, સમર્પણ અને સાહસ જેના જીવનમાં સહજ ભાવે વણાયેલા હતા, તેવું આપનું નિસ્વાર્થ જીવન અમારા માટે પ્રેરણાદાયક બની રહેશે. સદા સ્મરણમાં રહી જશે આપની સાદગી અને નિષ્કામ કર્મયોગ. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લી.
વ્રજેષ રાજાણી • અતુલ ધ્રુવ (ડો.)
અરજણભાઈ રબારી (વિછીયા)
હિરૂપ તન્ના • નિલેષ શેઠ
જીજ્ઞેશભાઈ ધાબલીયા (RD)
તથા PM આંગડીયા પરિવાર

ADMEDIA



12મી વાર્ષિક પુણ્યતિથીએ
શ્રદ્ધાંજલી



સ્વ. રાજુભાઈ
પ્રતાપભાઈ રાજદેવ
સ્વ.તા. 16-04-2013 (ચૈત્રસુદ છઠ્ઠ)

તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં, સદેહ તમે નથી એ સચ્ચાઈ છે, પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો એ વિશ્વાસ છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.
સ્વ. ઈશ્વરલાલ ગોપાલજી દોશી
સ્વ. તારામતી ઈશ્વરલાલ દોશી • મુકેશભાઈ ઈશ્વરલાલ દોશી
તથા દોશી પરિવાર
મોડર્ન એન્ટરપ્રાઈઝ - રાજકોટ

ADMEDIA

તંત્રી લેખ

# ચોમાસું જમાવટ કરશે ધાનના ઢગલા થશે

દરેક ભારતીયના હૈયે કાળઝાળ ગરમીમાં ટાઢક અપાતા સમાચાર હવામાન વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે. સતત બીજા વર્ષે દેશમાં ચોમાસુ સામાન્ય કરાત શરૂ રહશે તેવો દાવો કરવામાં આવ્યો છે.દેશમાં ધાનના ઢગલા થશે. અર્થ તંત્રને વધુ મજબૂતી મળશે.ભારતની અર્થ વ્યવસ્થાને ૫ મિલિયન ડોલર સુધી પહોંચાડવાનુ મોદી સરકારનુ જે સપનું છે તેને બળ મળશે. ચોમાસુંના દિવસોમાં જૂનથી સપ્ટેમ્બર સુધી સારો વરસાદ પડશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ વર્ષે ચોમાસામાં ૧૦૫% વરસાદની શક્યતા છે, જે ખેડૂતો અને ખેતી માટે સારો સંકેત છે. આઈએમડી મુજબ વર્ષે ૨૦૨૫ માં ૧૦૫ ટકા એટલે કે ૮૭ મીમી વરસાદની શક્યતા છે. ચોમાસાની ઋતુ ૪ મહિના સુધી ચાલે છે.જેના માટે લાંબા ગાળાની સરેરાશ ૮૬૮.૬ મીમી એટલે કે ૮૬.૮૬ સેમી છે.ગુજરાત સહિતના રાજ્યોમાં સામાન્ય કરતાં વધુ વરસાદની આગાહી કરવામાં આવી છે તેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓડિશા, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, મરાઠવાડા, પશ્ચિમ બંગાળ અને તેલંગાણાનો સમાવેશ થાય છે. જે રાજ્યોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે તેમાં જમ્મુ અને કાશ્મીર, બિહાર, તમિલનાડુ, લદ્દાખ અને પૂર્વોત્તર રાજ્યોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે ચોમાસુ ૧ જૂનની આસપાસ કેરળમાં પ્રવેશ કરે છે. ચોમાસુ સામાન્ય રીતે ૧૫-૨૫ જૂનની વચ્ચે આવે છે. ૪ મહિનાની ઋતુ પછી, સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ચોમાસું રાજસ્થાન થઈને પાછું ફરે છે.મે અને જૂનમાં ગરમીનો પ્રકોપ ચાલુ રહેશે. અલ નીનોની કોઈ શક્યતા નથી. હાલમાં ગરમી અને લૂ ફેંકાઇ રહી છે. ભારતમાં ૫૨ ટકા કૃષિ ક્ષેત્ર ચોમાસા પર આધારિત છે. આવી સ્થિતિમાં ખેડૂતો માટે આ રાહતના સમાચાર છે. અલ નીનોને કારણે દરિયાનું તાપમાન ૩-૪ ડિગ્રી વધે છે. આના કારણે, ઓછા વરસાદવાળા વિસ્તારોમાં વધુ વરસાદ અને વધુ વરસાદવાળા વિસ્તારોમાં વધુ વરસાદ પડે છે. અલ નીનોની અસરને કારણે ભારતમાં ચોમાસુ નબળું રહે છે. ભારતમાં મોટાભાગે વરસાદ ચોમાસા દરમિયાન થાય છે. દેશના ૭૦-૮૦ ટકા ખેડૂતો વરસાદ માટે ચોમાસા પર આધાર રાખે છે. વધુ કે ઓછો વરસાદ ઉપજને અસર કરે છે. કૃષિ ક્ષેત્ર અર્થતંત્રમાં ૨૦ ટકા ફાળો આપે છે. અડધી વસ્તી કૃષિ ક્ષેત્રમાં કાર્યરત છે. સારો વરસાદ એટલે સારી આવક. ૨૦૨૦ થી ૨૦૨૪ ની વાત કરીએ તો, સ્કાયમેટની આગાહી ફરી એકવાર સાચી સાબિત થઈ છે.

૨૦૨૪માં, આઈએમડીએ ૧૦૬ ટકા વરસાદની આગાહી કરી હતી અને સ્કાયમેટે ૧૦૨ ટકા વરસાદની આગાહી કરી હતી, પરંતુ વરસાદ ૧૦૮ ટકા રહ્યો હતો. સ્કાયમેટે ૨૦૨૩માં ૯૪ ટકા વરસાદની આગાહી કરી હતી અને વરસાદ પણ એટલો જ હતો. આઈએમડી એ ૯૬ ટકા વરસાદની આગાહી કરી હતી. ૨૦૨૧માં, આઈએમડીએ ૯૮ ટકા વરસાદની આગાહી કરી હતી, પરંતુ વરસાદ ૯૯ ટકા પડ્યો હતો.

# ગ્રેટર રાજકોટ ચેમ્બરનો કાયદાકીય લડાઈમાં જવલંત વિજય

## ૭૫ વર્ષથી અનરજીસ્ટર સંસ્થા તરીકે ચાલતી રાજકોટ ચેમ્બરની પીછેહઠ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર ખાતે આવેલી જુદી જુદી વેપારી સંસ્થાઓમાં સંરચનાત્મક અનેક પ્રવૃતિઓ ચાલતી રહે છે. રાજકોટની વેપારી સંસ્થા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખુબ જ જુની સંસ્થા તરીકે પ્રતિષ્ઠીત લોકો જેવા કે, જમીયતરામ મોદી, પ્રાણલાલભાઈ જોષી, ઉમાંકાતભાઈ પંડીત, ચંદુભાઈ કોઠારી જેવા પ્રતિષ્ઠીત વેપારીઓ દ્વારા સ્થપાયેલ. અને મધુભાઈ શાહ, પ્રવિણભાઈ પુંજાણી તથા જયંતભાઈ દેસાઈ જેવા પ્રતિષ્ઠીત આગેવાનો દ્વારા વર્ષો સુધી સંચાલન કરવામાં આવેલ અને રાજકોટના વેપાર ઉદ્યોગનો અવાજ સરકાર સુધી પહોંચાડવામાં અગ્રેસર રહેવામાં સંસ્થા તરીકે સ્થાન ધરાવતી હતી.

પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં આ સંસ્થા બીનઅનુભવી લોકો દ્વારા સંચાલન કરવામાં આવી રહેલ હોય, અનેક મુળભુત બાબતોને ધ્યાને લીધા વગર બંધારણમાં ફેરફાર કરવા અને હાલના પદાધિકારીઓને મંચ પર ચોટી રહેવા બંધારણમાં ફેરફાર કરવા પ્રયત્ન થઈ રહેલ છે. આ પ્રયત્ન વિશે છેલ્લા થોડાક સમયથી ધમધમાટ ચાલી રહેલ હોય, નવા બંધારણનો મુસદ્દો કેટલાક સ્થાપિત દિનોને ધ્યાનમાં રાખીને બનાવવાના આશયથી તૈયાર કરવામાં આવેલ. આ બંધારણીય મુસદ્દો સામાન્ય સભામાં પાસ કરાવવાનો હોય, માત્ર પોતાના મળતીયા સભ્યોને હાજર રાખી થોડા સમય પહેલા બંધારણ મંજુર કરાવી રજીસ્ટ્રાર ઓફ ટ્રસ્ટ રજુ કરી બંધારણ માન્ય કરાવી સંસ્થાનું રજીસ્ટ્રેશન કરાવવા પ્રયત્ન કરેલ છે.

આ પ્રયત્નમાં પણ અરજદાર રાજકોટ ચેમ્બરના પદાધિકારીઓ કયા કાયદા નીચે બંધારણનું એટલે કે સંસ્થાનું રજીસ્ટ્રેશન નક્કી કરી શકયા નથી અને દુવિધામાં રાજકોટ ચેમ્બરને ટ્રસ્ટ એકટ નીચે રજીસ્ટ્રેશન કરાવવા અરજી કરેલ છે. આ અરજીમાં અનેક વિસંગતતા રહેલી હોય, ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વિસંગતતા બાબતે અને સમાન હેતુએ કામ કરતી ભળતા નામની સંસ્થા હોય, વાંધો રજુ કરવામાં આવેલ.જેમાં ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનો વિજય થયો હતો.

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન ધનસુખભાઈ વોરા તથા ઉપપ્રમુખ ઈશ્વરભાઈ બ્રાંભોલીયા દ્વારા જણાવવામાં આવેલ છે.

# લીટલ ફાઉન્ડેશન દ્વારા રાહદારીઓને ઠંડા - પીણાનું વિતરણ

## શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, સાંસદ રામભાઈ મોકરીયા અને ધારાસભ્ય દર્શિતાબેન શાહ સહિતના ઉપસ્થિત રહ્યા

**અબતક, રાજકોટ**

ડો. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૪ મી જન્મજયંતી નિમિતે હોસ્પિટલ ચોક ખાતે આવેલ પ્રતિમા પાસે લીટલ સ્માઈલ ફાઉન્ડેશન દ્વારા ઠંડા પીણાનો નિઃશૂલ્ક સ્ટોલ ઉભો કરવામાં આવેલ હતો. ઉનાળાનો ધોમધખતા તાપમાં ઉપસ્થિત સર્વે સમાજના લોકો માટે ઠંડા પીણાના વ્યવસ્થાના સ્ટોલનું ઉદ્ઘાટન રાજકોટ શહેર ભાજપ પ્રમુખ




ડો.માધવ દવે, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ અને પુર્વ ધારાસભ્ય માધુભાઈ બાબરીયાના હસ્તે કરવામાં આવેલ હતું. ડો. બાબાસાહેબ આંબેડકરજીની ૧૩૪ મી જન્મજયંતી નિમિતે લીટલ સ્માઈલ ફાઉન્ડેશન દ્વારા ઠંડા પાણીનું વિતરણ કરવામાં આવેલ હતું. જનતા પાર્ટીના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભભૂતી પિવડાવી રોગ મટાડતી ભુઈનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા

## ૨૦ વર્ષથી જેપુર ગામે ધતિંગ લીલા આચરતી ભુઈ પોલીસના કબ્જામાં

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના વિરપુર પાસેના જેપુર ગામમાં છેલ્લા પંદર વર્ષથી ઘરમાં માતાજીનો મઢ રાખી ભભુતી, માનતા, રોગ મટાડવાનો દાવો કરતી ભુઈ ભાવના ધીરૂભાઈ મકવાણાના ધતિંગ લીલાનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે માલવીયાનગર પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૬૭ મો સફળ પર્દાફાશ કર્યો હતો. ભુઈ ભાવના પતિ ધીરૂ કાળાએ કબુલાતનામું આપી કાયમી કપટલીલા બંધની જાહેરાત કરી દીધી હતી. વિજ્ઞાન જાથાએ ૧૨૬૭ મો માલવીયાનગર પોલીસ સ્ટેશનની મદદથી સફળ પર્દાફાશ કર્યો હતો.

બનાવની વિગત પ્રમાણે રાજકોટ ગોકુલધામ પાસેના કવાર્ટરમાં સાસુ મંજુલાબેન રામભાઈ લોખિલના ઘરે જેપુરની ભુઈ ભાવના ધીરૂભાઈ મકવાણા આવી સવારથી પીડિતા રાધિકા નિર્મળને નડતર દૂર કરવા વિધિ-વિધાન માટે આવ્યા હતા. બાજોઠમાં સ્થાપન, ધાર્મિક વિધિ રાખવામાં આવી હતી. પતિ નિર્મળે કહ્યું રાધિકાને નડતર કાઢવા માટે ભુઈ દંપતિ બોલાવે છે. વિનાયકનગર રહેતી નણંદ મીરાબેન ખાંભરા આવી ગયેલ છે. ભભુતી પીવા પીડિતાને બોલાવેલ. અગાઉ પાંચ વર્ષમાં પાંચ થી છ ભુવાઓ આવીને ભુવાપણું કર્યું હતું.



જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ માલવીયાનગર પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. જીગ્નેશ દેસાઈને વાત કરી તેમાં ગુન્હો બનતો અટકાવવો અતિ જરૂરી છે. પીડિતા આપઘાત કરે તે પહેલા જાથાને મદદ કરવા માંગણી કરી હતી. પો.ઈન્સ. દેસાઈએ તુરંત જાથાની મદદે પોલીસ સ્ટાફ ફાળવી દીધો. મહિલા પોલીસ હર્ષાબેન દયાલભાઈ ડાભી અને જગદીશભાઈ પીઠાભાઈ સ્ટાફની ફાળવણી કરી દીધી.

જાથાના જયંત પંડયા સાથે રોમિત રાજદેવ, મિનેષ જીવાણી, અંકલેશ ગોહિલ, પ્રકાશ મનસુખ સ્થાનિક સભ્યો પો. સ્ટેશને પહોંચી ગયા. ત્યાં પિડીતા રાધિકા હાજર હતી. તેમની પાસે રૂબરૂમાં હકિક્ત જાણી ભુઈ ભાવના પાસે મોકલી દીધી. ત્યાં ભુઈ દંપતિએ વિધિ-વિધાન શરૂ કરી દીધા. સાસુ મંજુલા મોટેમોટેથી અવાજો કરી દબાવતી હતી જાથા મોબાઈલમાં સાંભળતું હતું. ભભુતી પિવડાવવાની વાત કરતાં જાથાની ટીમ અને પોલીસ સ્ટાફ મંજુલાના ઘરે ત્રાટક્યો. હાજર સૌ અવાચક થઈ ગયા. ભુઈ દંપતિ પરિસ્થિતિ પામી ગયા. મહિલા પોલીસે સારવાર કરી, પતિ નિર્મળે ૧૦૮ ગાડી બોલાવવા માટે મોબાઈલ કરી દીધો. હર્ષાબેનની સારવાર કારગત નીવડતા પીડિતાને સારુ થઈ ગયું. બધાને પોલીસ સ્ટેશને બોલાવવા સાથે ભુઈને ગાડીમાં બેસાડી દીધા. વારંવાર માફી માંગી દશામાની ભુઈ છું. ભભુતીથી રોગ મટે છે. મારા ઘરે મહિનામાં હજારો માણસો આવે છે તેવી વાત કરી, પોલીસ સ્ટેશને પહોંચી ગયા.

જાથાનો ૧૨૬૭ મો સફળ પર્દાફાશમાં જાથાની ટીમના રોમિત રાજદેવ, મિનેશ જીવાણી, પ્રકાશ મનસુખભાઈ અને અંકલેશ ગોહિલ તથા પો.ઈન્સ. જીગ્નેશ દેસાઈ, મહિલા પો.કર્મી હર્ષાબેન ડાભી, જગદીશભાઈ પીઠાભાઈ, પોલીસ સ્ટાફે ઉત્તમ કામગીરી બજાવી હતી.

રાજયમાં ધર્મ, આસ્થા અને દોરા-ધાગાની છેતરપિંડીની માહિતી આધાર-પુરાવા સાથે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ પર કરવા જણાવેલ છે.

# જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ૬૭૦મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**



જીતેન્દ્રભાઈ હરજીભાઈ ભાગીયાનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૬૭૦મુ ચક્ષુદાન થયેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન ની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવાયું છે.

## જયોતિ સીએનસીના સ્થાપના દિન નિમિતે

# શ્રીમંદ રાજચંદ્ર સેવા ગ્રુપ દ્વારા શુકવારે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

અત્યારે ઉનાળાની સખત ગરમીમાં રાજકોટ સિવીલ હોસ્પિટલમાં તમામ પ્રકારના બ્લડની સખત અછત છે. ત્યારે જરુરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભ આશયથી શ્રીમદ્દ રાજચંદ્ર ફાઉન્ડેશન ના સહયોગથી જયોતિ સીએનસી ના ૩૭માં સ્થાપના દિવસ નીમીતે તા. ૧૮-૪ શુક્રવારે સવારે ૧૦ થી ૫.૩૦ કલાક સુધી જયોતિ સીએનસી ગેટ નં. ૨ ના છેવાડે જીઆઈડીસી, મેટોડા, રાજકોટ ખાતે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં જયોતિ સીએનસીના પરાક્રમસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, વિક્રમસિંહ રાણા, શ્રીમદ્દ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવીલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા વિનંતી. કોઈના જન્મ દિવસ કે સ્મૃતિ રુપે રાજકોટ સિવીલ હોસ્પિટલના લાભાર્થે રકતદાન કેમ્પનું આયોજન કરવા ચક્ષુદાન, દેહદાન, અંગદાન, સ્કીનદાન, થેલેસેમીયા જાગૃતિ સેમીનાર કરવા કે જીવદયાના અન્ય કોઈપણ કાર્ય માટે શ્રીમદ્દ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ નો સંપર્ક કરવા જણાવેલ છે.

# એસજીવીપી ગુરુકુળમાં વેદનું અનુષ્ઠાન કરતાં ઋષિકુમારો



**અબતક, રાજકોટ**

ચૈત્ર માસ પ્રારંભે એસજીવીપી ગુરુકુલ દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલયમાં વેદનો અભ્યાસ કરતા ઋષિકુમારો સત્યનારાયણ ગુરુજીની આગવાની નીચે વેદનું અનુષ્ઠાન કરી રહ્યા છે. પાટીલ ખુશાલ, જોષી આઉષ્ય, જોષી વંશ, જોષી દેવાંશ, અંકિત ભટ્ટ, કિરણ ભટ્ટ, વંશ સહિતના ઋષિકુમારોએ વેદનું અનુષ્ઠાન કર્યુ હતું.

# મેઘવાળ સમાજ દ્વારા વશરામ સાગઠિયાનું સન્માન

## કોંગ્રેસ પક્ષના જીલ્લાના સંગઠનમાં મહત્વની જવાબદારી મળતા અભિવાદન કરાયું



**અબતક, રાજકોટ**

અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના મહામંત્રી.સંગઠન પ્રભારી અને સાંસદ વેણુગોપાલ દ્વારા ગુજરાત કોંગ્રેસ શહેર અને જીલ્લા સંગઠનને વધુ મજબૂત બનાવવા સહિત તમામ જીલ્લા શહેરમાં પ્રમુખઓની નિમણુંક બાબતે એ.આઈ.સી.સી અને પ્રદેશ કોંગ્રેસના અગ્રણીઓની નિરીક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી તેના સંદર્ભમાં રાજકોટ મહાનગરપાલિકા વિરોધપક્ષના નેતા અને મેઘવાળ સમાજના આગેવાન વશરામભાઈ સાગઠીયાની પસંદગી કરીને મહત્વની જવાબદારી સોંપીને વરણી કરવામાં આવી તેના અનુસંધાને રાજકોટ શહેરના રાજકીય બિનરાજકીય લોકોએ રાજકોટ મેઘવાળ સમાજ દ્વારા ઠક્કરબાપા છાત્રાલય ખાતે એકત્રિત થઈને સન્માન કાર્યક્રમ યોજીને વશરામભાઈ સાગઠીયાને સાલ ઓઢાડી ફુલહારથી સન્માનિત કર્યા અને કોંગ્રેસપક્ષનો પણ આભાર વ્યક્ત કર્યો આ તકે બાબુભાઈ ડાભી. કે. જી. કન્નર, વસંતભાઈ બેડવા, ચુનીલાલ પરમાર, વશરામભાઈ ચાંડપા, હિરાલાલ પરમાર, આ તકે મિલિંદભાઈ પરમાર, પુનાભાઈ ચાવડા, રમેશભાઈ વઘેરા, માવજીભાઈ સાગઠીયા, રાહુલભાઈ પરમાર, બીપીનભાઈ સાગઠીયા.નરેશભાઈ જે પરમાર સહિતના આગેવાનો હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ શાંતિ માટે બહુ - આયામી અભિગમ અપનાવવો પડશે: આચાર્ય લોકેશજી

## જૈન આચાર્ય લોકેશજી અને યુએઈના સહિષ્ણતા મંત્રીએ વિશ્વશાંતિ અંગે વિસ્તૃત ચર્ચા કરી

**અબતક, રાજકોટ**

વિશ્વશાંતિ કેન્દ્રના સ્થાપક આચાર્ય લોકેશજીએ દુબઈમાં યુએઈના સહિષ્ણુતા



મંત્રી શેખ નાહયાન બિન મુબારક અલ નાહયાનને મળ્યા અને વિશ્વશાંતિ અને સદભાવના સ્થાપિત કરવાના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી હતી. જૈન આચાર્ય લોકેશજી જણાવ્યું હતું કે વિશ્વશાંતિ સ્થાપિત કરવા માટે બહુ-પરિમાણીય અભિગમ અપનાવવાની જરૂર છે જે સંઘર્ષ, હિંસા અને યુદ્ધના મૂળ કારણોને સંબોધિત કરે અને રાષ્ટ્રો અને સમુદાયો વચ્ચે એકબીજા પ્રત્યે સમજણ, સહકાર અને સદભાવનાને પ્રોત્સાહન આપે. લોકેશજીએ કહ્યું કે અહિંસા વિશ્વ ભારતી દ્વારા દિલ્હી એનસીઆરમાં સ્થાપિત વિશ્વ શાંતિ કેન્દ્ર આંતર-ધાર્મિક પરિષદો, આંતર-ધાર્મિક સંવાદો અને કાર્યશાળાઓ, શાંતિ શિક્ષણ દ્વારા વિશ્વ શાંતિ અને સંવાદિતા સ્થાપિત કરવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. યુએફ્ના સહિષ્ણુતા મંત્રી શેખ નાહયાન બિન મુબારક અલ નાહ્યાને કહ્યું કે વિશ્વશાંતિ કેન્દ્ર જેવી સંસ્થાઓની આજકાલ જરૂર છે અને આ કેન્દ્ર દ્વારા વિશ્વ શાંતિ અને સદભાવના માટેના પ્રયાસોને વેગ મળશે. ધર્મ અને આસ્થા આંતર-ધાર્મિક સંવાદને પ્રોત્સાહન આપીને, સહિષ્ણુતા અને પરસ્પર સમજણને પ્રોત્સાહિત કરીને અને સહિયારા મૂલ્યો અને સિદ્ધાંતો પર ભાર મૂકીને શાંતિને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

# શહેર ભાજપ અગ્રણી દિવ્યરાજસિંહ ગોહિલનો આજે જન્મદિવસ

રાજકોટ શહેર ભાજપ અગ્રણી, ક્ષત્રિય સમાજના યુવા આગેવાન અને જાણીતા એસ્ટ્રોલોજર દિવ્યરાજસિંહ ગોહિલ (ભગતભાઈ)નો આજે જન્મદિવસ છે. તળાજા તાલુકાના કુકડ ગામના વતની અને હાલ રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવનાર દિવ્યરાજસિંહ ગોહિલ આજે જીવનના ૪૭વર્ષ પૂર્ણ કરી ૪૮વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી માં વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૬ સુધી ઉદ્યોગ સેલ માં કન્વીનર તરીકે અને વર્ષ



૨૦૧૬ થી ૨૦૨૩ સુધી શહેર ભાજપના મંત્રી તરીકે સંગઠનની જવાબદારી સફળતા પૂર્વક નિભાવી હતી. આ ઉપરાંત ક્ષત્રિય સમાજના મુખ્ય સંગઠન રાજકોટ જીલ્લા ક્ષત્રિય સમાજ માં ટ્રસ્ટી અને સંગઠનમંત્રી તરીકે જવાબદારી નિભાવે છે. અને અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. પોતાના જ્યોતિષના શોખ ના કારણે ખૂબ મોટો ચાહક વર્ગ ધરાવે છે. સરળ, શાંત અને મળતાવડા સ્વભાવના કારણે બહોળુ મિત્ર વર્તુળ ધરાવે છે. આજે જન્મદિવસ હોવાથી રાજકીય, સામાજિક સહિત વિવિધ ક્ષેત્રના લોકો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# વિવેકાનંદ યુથ કલબ દાતાઓનાં સહયોગથી પાંચ હજાર જોડી સ્લીપરનું વિતરણ કરશે

**અબતક, રાજકોટ**

ધગધગતા-ડામર કે ધૂળીયા રસ્તા પર ઉઘાડા પગે ફરતા બાળકો, બહેનો, વડીલો કે યુવાનોને કુદરતી કોપમાં સહાયરૂપ બનવાની ઉમદા પ્રવૃત્તિ ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ સેવા સંસ્થાનો એવોર્ડ મેળવનાર અનેકવિધ પ્રવૃતિથી ધમધમતી શહેરની સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા થઈ રહી છે. સંસ્થા દ્વારા આ અનોખું અભિયાન છેલ્લા ૨૫ વર્ષથી ઉનાળાના દીવસોમાં હાથ ધરવામાં આવે છે.

સંસ્થાના અનુપમ દોશી, સુનિલ વોરા, નલીન તન્નાએ સ્લીપર વિતરણ અભિયાન અંગે માહિતી આપતા વધુમાં જણાવ્યું સમાજના જરૂરતમંદ બાંધવોના પગ ઠારવાનું અભિયાન હનુમાન જયંતીથી શરૂ કરવામાં આવેલ છે.પાંચ હજાર જોડી નવા સ્લીપરનું વિતરણ દાતાઓના સહયોગથી કરવામાં આવનાર છે.


માનવતાપ્રેમી ભાઈઓ-બહેનોને જનસેવાના આ કાર્યમાં ઉદારતાપૂર્વક સહયોગ આપવા સંસ્થા દ્વારા અપીલ કરાઈ છે. સંસ્થાના કાર્યકર્તાઓ શહેરીજનો તરફથી મળનારા પાંચ હજાર જોડી પગરખાઓ લઈને દિવસ દરમ્યાન શહેરના ઉદ્યોગનગર, આજી વસાહત, માર્કેટીંગ યાર્ડ, દાણાપીઠ, ગાંધીગ્રામ, માધાપર ચોકડી, મોરબી રોડ, જામનગર રોડ, કુવાડવા રોડ, ગોંડલ રોડ, જંકશન પ્લોટ, મવડી રોડ, નાનામવા રોડ, રૈયા રોડ, યુનીવર્સિટી રોડ, ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ સહીતના શહેરના તમામ વિસ્તારોમાં ફરીને તેમજ રાજકોટની ભાગોળે આવેલા શાપર, વેરાવળ, મેટોડા, રતનપર, નવાગામ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં જઈને ગામમાં તેમજ સીમમાં કામ કરતા ખેતમજુરોને વિતરણ કરાશે.

જનસેવાના આ કાર્યમાં સ્લીપર - ચંપલ લઈ આપીને તેમજ આર્થિક સહયોગ આપીને સહભાગી બનવા ઈચ્છતા ભાઈઓ-બહેનોને અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવાયુ છે.

સંસ્થા દ્વારા શરૂ થનાર આ અભિયાનમાં સંસ્થાના અનુપમ દોશી, સુનીલ વોરા, નલીન તન્ના, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, જનાર્દન આચાર્ય, દિનેશભાઈ ગોવાણી, હસુભાઈ રાચ્છ, પરિમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, નૈષધભાઈ વોરા, વિપુલભાઈ ભટ્ટ, દક્ષીણભાઈ જોષી, મહેશભાઈ વ્યાસ, જીતુભાઈ ગાંધી, હિરેનભાઈ મહેતા, અશ્વિન ચૌહાણ, કિશોર ટાકોદરા, ઉર્મિશ વ્યાસ, મહેશભાઈ જીવરાજાની, નયન ગંધા, શરદભાઈ દવે,રમેશભાઈ શીશાંગીયા, મહેશભાઈ પરમાર, સંજયભાઈ ગાંગાણી, હિતેશ શાહ, કોમું માજી, ડો. હાર્દિક દોશી વગેરે કાર્યરત છે.

# આનંદો... ચોમાસું ટનાટન રહેશે

## અલ નીનોની કોઈ અસર નહીં: સામાન્ય કરતા વધુ વરસાદ પડવાની આઈએમડીની હૈયે ટાઢક આપતો વરતારો




**અબતક, રાજકોટ**

ખેડૂતો માટે લાપસીના આંધણ મુકાય તેવા હૈયે ટાઢક આપતા સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. આ વર્ષે ભારતમાં નૈઋત્વનું ચોમાસું સામાન્ય કરતા પણ વધુ સારુ રહેશે. દેશમાં સરેરાશ ૧૦૫ ટકા જેટલો વધુ વરસાદ પડશે તેવી આગાહી આઈએમડી દ્વારા આપવામાં આવી છે. અગાઉ ખાનગી હવામાન વિભાગ દ્વારા પણ દેશમાં ચોમાસુ સારુ રહેવાનો અને ૧૦૩ ટકા જેટલો વરસાદ પડવાની શકયતા વ્યકત કરી છે.

ભારતીય હવામાન વિભાગએ દાવો કર્યો છે કે આ વખતે ચોમાસુ સામાન્ય કરતા સારું રહેશે. જૂનથી સપ્ટેમ્બર સુધી સારો વરસાદ પડશે.આઈએમડી મુજબ, ૨૦૨૫ માં ૧૦૫ ટકા એટલે કે ૮૭ સેમી વરસાદની શક્યતા છે. ચોમાસાની ઋતુ ૪ મહિના સુધી ચાલે છે, જેના માટે લાંબા ગાળાની સરેરાશ ૮૬૮.૬ મીમી એટલે કે ૮૬.૮૬ સેમી છે. આનો અર્થ એ થયો કે સમગ્ર મોસમ દરમિયાન કુલ આટલો વરસાદ પડશે.જે રાજ્યોમાં સામાન્ય કરતાં વધુ વરસાદની આગાહી કરવામાં આવી છે તેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓડિશા, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, મરાઠવાડા, પશ્ચિમ બંગાળ અને તેલંગાણાનો સમાવેશ થાય છે. જે રાજ્યોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે તેમાં જમ્મુ અને કાશ્મીર, બિહાર, તમિલનાડુ, લદ્દાખ અને પૂર્વોત્તર રાજ્યોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે ચોમાસુ ૧ જૂનની આસપાસ કેરળમાં પ્રવેશ કરે છે. ચોમાસુ સામાન્ય રીતે ૧૫-૨૫ જૂનની વચ્ચે આવે છે. ૪ મહિનાની ઋતુ પછી, સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં ચોમાસું રાજસ્થાન થઈને પાછું ફરે છે.મે અને જૂનમાં ગરમીનો પ્રકોપ ચાલુ રહેશે. અલ નીનોની કોઈ શક્યતા નથી. હાલમાં ગરમી અને લૂ ફૂંકાઇ રહી છે, જેના કારણે વીજળી અને પાણીની માંગમાં વધારો થશે. ભારતમાં ૫૨ ટકા કૃષિ ક્ષેત્ર ચોમાસા પર આધારિત છે. આવી સ્થિતિમાં ખેડૂતો માટે આ રાહતના સમાચાર છે. અલ નીનોને કારણે દરિયાનું તાપમાન ૩-૪ ડિગ્રી વધે છે. આના કારણે, ઓછા વરસાદવાળા વિસ્તારોમાં વધુ વરસાદ અને વધુ વરસાદવાળા વિસ્તારોમાં વધુ વરસાદ પડે છે. અલ નીનોની અસરને કારણે ભારતમાં ચોમાસુ નબળું રહે છે.

ભારતમાં ૭૦ ટકા વરસાદ ચોમાસા દરમિયાન થાય છે. દેશના ૭૦-૮૦ ટકા ખેડૂતો વરસાદ માટે ચોમાસા પર આધાર રાખે છે. વધુ કે ઓછો વરસાદ ઉપજને અસર કરે છે. કૃષિ ક્ષેત્ર અર્થતંત્રમાં ૨૦ ટકા ફાળો આપે છે. અડધી વસ્તી કૃષિ ક્ષેત્રમાં કાર્યરત છે. સારો વરસાદ એટલે સારી આવક. ૨૦૨૦ થી ૨૦૨૪ ની વાત કરીએ તો, સ્કાયમેટની આગાહી ફરી એકવાર સાચી સાબિત થઈ છે.

૨૦૨૪માં, આલએમડી એ ૧૦૬ ટકા વરસાદની આગાહી કરી હતી અને સ્કાયમેટે ૧૦૨ ટકા વરસાદની આગાહી કરી હતી, પરંતુ વરસાદ ૧૦૮ ટકા રહ્યો હતો. સ્કાયમેટે ૨૦૨૩માં ૯૪ ટકા વરસાદની આગાહી કરી હતી અને વરસાદ પણ એટલો જ હતો. આઈએમડી એ ૯૬ ટકા વરસાદની આગાહી કરી હતી. ૨૦૨૧માં, આઈએમડી એ ૯૮ ટકા વરસાદની આગાહી કરી હતી, પરંતુ વરસાદ ૯૯ ટકા પડયો.

આગામી ચોમાસા અંગે આઈએમડીએ તેની પ્રથમ આગાહી કરતી વખતે જણાવ્યું હતું કે, આ વર્ષે સમગ્ર દેશમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસામાં 'સામાન્યથી વધુ' વરસાદ પડવાની શક્યતા છે.

ખેતીવાડી કામગીરી માટે સારા મોસમી વરસાદની આગાહી મહત્વપૂર્ણ છે, કારણ કે તે ખરીફ (ઉનાળામાં વાવેલા) પાકોના વાવેતર વિસ્તારમાં વધારો કરવા પર સીધી અસર કરે છે અને સારા કૃષિ ઉત્પાદન તરફ દોરી જાય છે. આ બદલામાં, ગ્રામીણ અર્થતંત્રને વેગ આપે છે અને આખરે દેશના એકંદર અર્થતંત્રમાં ફાળો આપે છે, જ્યાં મોટાભાગના કાર્યબળ કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ પર આધાર રાખે છે. આગાહી સૂચવે છે કે આ વર્ષે દક્ષિણપશ્ચિમ (ઉનાળા) ચોમાસાનો મોસમી વરસાદ 'સામાન્યથી વધુ' શ્રેણીમાં રહેવાની પ્રબળ સંભાવના છે.

જોકે ઉત્તરપૂર્વ ભારત, તમિલનાડુ અને બિહારના કેટલાક ભાગોમાં 'સામાન્યથી ઓછો' વરસાદ પડવાની સંભાવના છે, દેશના મોટાભાગના અન્ય ભાગો, જેમાં 'ચોમાસાના મુખ્ય ક્ષેત્ર'નો સમાવેશ થાય છે જ્યાં ખેડૂતો ખેતીવાડી કામગીરી માટે મોસમી વરસાદ પર આધાર રાખે છે, ત્યાં 'સામાન્યથી વધુ' વરસાદ પડી શકે છે. જો આગાહી સાચી પડે છે, તો આ સતત બીજા વર્ષે 'સામાન્યથી વધુ' ચોમાસાનો વરસાદ થશે. રેકોર્ડ દર્શાવે છે કે હવામાન વિભાગની આગાહી વાસ્તવિક વરસાદની ખૂબ નજીક છે અને છેલ્લા ચાર વર્ષમાં ભૂલનું માર્જિન નોંધપાત્ર રીતે ઘટ્યું છે.

ભારતમાં ચોમાસાના વરસાદને પ્રભાવિત કરતા ત્રણ વૈશ્વિક પરિબળોમાંથી બે - અલ નિનો-સધર્ન ઓસિલેશન અને હિંદ મહાસાગર ડાયપોલ - હાલમાં તટસ્થ છે અને ચોમાસાની ઋતુ દરમિયાન આ રીતે ચાલુ રહેવાની સંભાવના છે જ્યારે એક (બરફ આવરણ) આ વર્ષે વરસાદ પર સકારાત્મક અસર કરશે.

ઉત્તરીય ગોળાર્ધ તેમજ યુરેશિયા પર શિયાળો અને વસંત બરફ આવરણનો વિસ્તાર સામાન્ય કરતા ઓછો છે અને તે ઉનાળાના ચોમાસાના વિપરીત પ્રમાણસર છે. તેનો અર્થ એ કે આ સ્થિતિ ભારતમાં મોસમી વરસાદને અનુકૂળ રહેશે.

## દેશમાં સરેરાશ ૧૦૫ ટકા જેટલો વરસાદ પડશે: ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટે પણ ચોમાસામાં ૧૦૩ ટકા વરસાદ પડવાની આગાહી કરી છે

# છત્તિસગઢના બસ્તરમાં એન્કાઉન્ટરમાં બે નક્સલી ઠાર

## સુરક્ષા કર્મચારીઓએ એન્કાઉન્ટર સ્થળ પરથી એકે-૪૭ રાઈફલ સહિત અન્ય હથિયારો, દારૂગોળો અને નકસલી સામગ્રી પણ જપ્ત કરી

**અબતક, છતીસગઢ**

છત્તીસગઢના કોંડાગાંવ અને નારાયણપુર જિલ્લાની સરહદે આવેલા કિલમ-બરગુમ વિસ્તારના જંગલોમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું, જેમાં પૂર્વ બસ્તર ડિવિઝનના બે વોન્ટેડ નકસલવાદી કમાન્ડર માર્યા ગયા. આ એન્કાઉન્ટર ૧૫ એપ્રિલના રોજ થયું હતું, જેમાં સુરક્ષા દળોએ ડીવીસીએમ હલદર અને એસીએમ રામેને મારીને મોટી સફળતા મેળવી હતી.



સુરક્ષા દળોએ ગુપ્ત માહિતીના આધારે આ કાર્યવાહી કરી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે બંને નકસલીઓ પર કુલ ૧૩ લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં હલદર પર ૮ લાખ અને રામે પર ૫ લાખનું ઈનામ હતું. સુરક્ષા કર્મચારીઓએ એન્કાઉન્ટર સ્થળ પરથી એકે-૪૭ રાઈફલ સહિત અન્ય હથિયારો, દારૂગોળો અને નકસલી સામગ્રી પણ જપ્ત કરી છે.

કોંડાગાંવ ડીઆરજી અને બસ્તર ફાઈટર્સની સંયુક્ત ટીમે આ કામગીરી હાથ ધરી હતી. આ વિસ્તારમાં નકસલી ગતિવિધિઓના અહેવાલો બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. સુરક્ષા દળો વિસ્તારમાં પ્રવેશતાની સાથે જ નકસલીઓએ તેમના પર ગોળીબાર શરૂ કરી દીધો. જવાબી કાર્યવાહીમાં, સુરક્ષા દળોએ બંને નકસલી કમાન્ડરોને ઠાર માર્યા છે.સુરક્ષા દળોએ આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન પણ શરૂ કર્યું છે.

# ઓછા સ્કોરે પંજાબનો કોલકતા સામે જબરદસ્ત વિજય!!!

## ૧૧૧ રનનો પીછો કરવા ઉતરેલી કોલકતાની ટિમ ૯૫ રનમાં જ ઓલઆઉટ: ચહલની શાનદાર બોલિંગે પંજાબને વિજય અપાવ્યો

**અબતક, નવી દિલ્હી**

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની ૩૧મી મેચમાં પંજાબ કિંગ્સની ટીમે ધમાલ મચાવી દીધી હતી. પંજાબની ટીમે કોલકાતા નાઈટ રાઈડર્સને તેના હોમ ગ્રાઉન્ડ પર માત્ર ૧૧૧ રન કરીને હરાવ્યું હતું. પંજાબ કિંગ્સની આ જીત બાદ પોઈન્ટ ટેબલમાં પણ મોટી હલચલ મચી ગઈ છે. આ પંજાબ કિંગ્સની ૬ મેચમાંથી ચોથી જીત હતી. બીજી તરફ, કોલકત્તાને આ સીઝનમાં ૭ મેચમાંથી ચોથી હારનો સામનો કરવો પડ્યો હતો.


પંજાબ કિંગ્સ અને કેકેઆર વચ્ચેની આ મેચ ન્યૂ ચંડીગઢના મુલ્લાંપુર ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં ટોસ જીતીને પંજાબ કિંગ્સની ટીમે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પંજાબની ટીમ સારી શરૂઆત બાદ કેકેઆર સામે ખરાબ રીતે નિષ્ફળ ગઈ હતી. પંજાબ કોઈક રીતે કોલકત્તા સામે ૧૫.૩ ઓવરમાં ૧૧૧ રનનો સ્કોર હાંસલ કરવામાં સફળ રહ્યું. કોલકત્તા તરફથી હર્ષિત રાણાએ શાનદાર બોલિંગ કરી અને ત્રણ વિકેટ લીધી હતી.

આ ઉપરાંત વરુણ ચક્રવર્તી અને સુનીલ નારાયણે પણ બે-બે વિકેટ લીધી હતી.માત્ર ૧૧૨ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી કેકેઆરની ટીમની શરૂઆત પંજાબ કિંગ્સ કરતા ખરાબ રહી હતી. કોલકત્તાએ ફક્ત ૭ રનમાં બે વિકેટ ગુમાવી દીધી. જોકે, રઘુવંશીએ થોડા સમય માટે ઈનિંગ્સને સંભાળવાનો પ્રયાસ કર્યો, પરંતુ યુઝવેન્દ્ર ચહલના સ્પિન સામે કોલકત્તાના બેટ્સમેન સંપૂર્ણપણે લાચાર દેખાતા હતા. પંજાબ તરફથી ચહલે ૪ ઓવરમાં ૨૮ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. આ રીતે સમગ્ર કોલકત્તાની ટીમ ૧૫.૧ ઓવરમાં ૯૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ, જેના કારણે પંજાબ ૧૬ રનથી મેચ જીતી શક્યું હતું.

### ચહલનો ધમાકો!!!

પોતાના શાનદાર પ્રદર્શનથી ચહલ આઈપીએલમાં સૌથી વધુ વખત ચાર કે તેથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો છે.

આ બાબતમાં તેણે કોલકત્તાના અનુભવી સ્પિનર સુનીલની બરાબરી કરી જેણે ચહલની જેમ આઈપીએલમાં આઠ વખત ચાર કે તેથી વધુ વિકેટ લીધી છે. કોલકત્તા સામે આ ત્રીજી વખત છે જ્યારે ચહલે ચાર કે તેથી વધુ વિકેટ લીધી છે. લસિથ મલિંગાએ સાત વખત, કગીસો રબાડાએ છ વખત અને અમિત મિશ્રાએ પાંચ વખત આવું કર્યું છે.




જા.નં. ૭૦૧ — તા. ૦૯/૦૪/૨૦૨૫

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.(સુધારા જાહેરાત)

| ક્રમ | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ |
|---|---|---|---|
| ૧ | શહેરમાં "ગો-ગ્રીન" યોજના હેઠળ જુદા જુદા રસ્તાઓ વિગેરેમાંવૃક્ષારોપણ કરી ત્રણ વર્ષ નિભાવણી કરવાનું કામ(ત્રીજો પ્રયત્ન) | રૂ. ૧૮૭૫/- | રૂ.૪૦,૦૦૦/- |
| ૨ | મોરબી મહાનગરપાલિકાના જુદા જુદા વિસ્તારમાં મીયાવાકી પદ્ધતિથી થીમ ફોરેસ્ટ બનાવાનું કામ કોન્ટ્રાક્ટ ૧ વર્ષ નિભાવણી સાથે(બીજો પ્રયત્ન) | રૂ. ૧૮૭૫/- | રૂ.૪૦,૦૦૦/- |
| | વેબસાઇટનું નામ | www.nprocure.com | |
| | ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૦૧/૦૫/૨૦૨૫ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | |
| | ટેન્ડર જરૂરી ડોક્યુમેન્ટ પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૦૮/૦૫/૨૦૨૫ ના ૧૮:૦૦ કલાક સુધી.કમિશ્નરશ્રી, મોરબી મહાનગરપાલિક. જી.મોરબી | |
| | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ (જો શક્ય હોય તો) | તા. ૧૩/૦૫/૨૦૨૫ ના રોજ ૧૨:૦૦ કલાકે | |


નોંધ- ટેન્ડર મંજુર કરવું / નામંજુર કરવાની સત્તા મોરબી મહાનગરપાલિકાની રહેશે. માટે www.nprocure.com વેબસાઇટ ઉપર જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

ડેપ્યુટી કમિશ્નર(પ્રો.)
મોરબી મહાનગરપાલિકા

માહિતી/રાજ/૭૧/૨૫-૨૬

# દેસાઈ પરિવારમાં માતૃ શોક: સિનિયર ધારાશાસ્ત્રી અનિલભાઈ દેસાઈના માતૃશ્રીનું નિધન

## સ્વ. કાંતાબેન દેસાઈની અંતિમ યાત્રામાં વિવિધ રાજકિય,સામાજિક અને સેવાકીય સહિત વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ અશ્રુભીની આંખે જોડાયા: શ્રધ્ધાંજલી અર્પણ



**અબતક, રાજકોટ**

મુળ જેતપુર અને હાલ રાજકોટ નિવાસી સ્વ. રમણીકલાલ અંબાવીદાસભાઈ દેસાઈના ધર્મપત્નિ શ્રીમતી કાંતાબેન રમણીકલાલ દેસાઈ (ઉ.વ. ૯૮) તે નલિનભાઈ (સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા), ડો.કિશોરભાઈ (સિનિયર બાળરોગ નિષ્ણાંત), દિલીપભાઈ (સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા) તથા અનિલભાઈ (સીનિયર એડવોકેટ) તથા શ્રીમતી હંસાબેન એશ્વર્યકુમાર દાસના માતૃશ્રી તેમજ ધરતિ, ત્બિરવ, કૃતિ, ક્રિષ્ના, રાજન, કુરુંગી, મલયના દાદીમાં અને અવલોકીતા તથા દેવાંશીના નાનીમાનું તા. ૧૫ ને મંગળવારના રોજ અવસાન થયું છે. મુળ જેતપુર હાલ રાજકોટના પ્રતિષ્ઠીત દેસાઈ કુટુંબના મોભી શ્રીમતી કાંતાબેન રમણીકલાલ દેસાઈ ખુબ જ ધાર્મીક અને પ્રેમાળ સ્વભાવના હતા.

તેમણે પરિવારને હંમેશા પ્રેમ અને ધાર્મીક સંસ્કારોથી સીંચ્યો હતો, તેમના નિધનથી પરિવારને મોટી ખોટ પડેલ છે. આજે સવારે તેમના નિવાસ સ્થાન પંચનાથ પ્લોટ ખાતે રાજકોટના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, જાહેર જીવનના મોભીઓ, ડોકટરો, વકીલો, ઉધ્યોગપતિઓ અને સમાજના શ્રેષ્ઠીઓએ સ્વ.ને પુષ્પાંજલી અર્પણ કરી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

### કાલે સવારે પારસ હોલ ખાતે ઉઠમણુ - પ્રાર્થનાસભા

**સદગતનું ઉઠમણું તા.૧૭ ને ગુરૂવાર સવારે ૧૦ થી ૧૧ અને પ્રાર્થનાસભા સવારે ૧૧ થી ૧૨ પારસ સોસાયટી કોમ્યુનિટી હોલ, નિર્મલા કોન્વેન્ટ સ્કુલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.એડવોકેટ અનિલ આર. દેસાઈના મો.નં. ૯૮૨૪૦ ૪૩૭૮૯ છે.**

# નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા અને રાહુલ સામે ચાર્જશીટ દાખલ સ્પેશિયલ કોર્ટમાં ૨૫મી એ સુનવણી

**અબતક, રાજકોટ**

કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી માટે મુશ્કેલી વધી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ નેશનલ હેરાલ્ડ કેસમાં ૯ એપ્રિલે ૫૦૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના આરોપમાં ચાર્જશીટ દાખલ કરી છે. આ ચાર્જશીટમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનું નામ આરોપી તરીકે છે.છેલ્લા કેટલાક વર્ષોમાં આ કેસમાં સોનિયા અને રાહુલ, તેમજ કોંગ્રેસના ભૂતપૂર્વ ખજાનચી મોતીલાલ વોરા અને ઓસ્કાર ફર્નાન્ડિઝની ઘણી વખત પૂછપરછ પણ કરાય છે. ચાર્જશીટમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સહિત ૫ લોકો અને ૨ કંપનીઓને આરોપી તરીકે નામ દાખલ કરવામાં આવ્યા છે. આરોપીઓમાં કોંગ્રેસના નજીકના સહયોગી સેમ પિત્રોડા અને સુમન દુબેનો પણ સમાવેશ થાય છે. ઈડીએ નાણાકીય વ્યવહારો અને અન્ય પુરાવાઓ રજૂ કર્યા છે. આ ઉપરાંત ઈડીએ એજેએલની ૭૫૦ કરોડની મિલકતો જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી છે, જેમાં મુંબઈ, દિલ્હી અને લખનૌની જમીન અને ઈમારતોનો સમાવેશ થાય છે.સ્પેશિયલ કોર્ટે ૨૫ એપ્રિલે આ ચાર્જશીટ પર સુનાવણી નક્કી કરી છે. આ સુનાવણીમાં કોર્ટ નક્કી કરશે કે આ કેસમાં આગળ શું કાર્યવાહી કરવી. હાલમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી જામીન પર છે.


41 વર્ષનો સાથ
આપની બ્રાન્ડને બનતા જોઇ છે વિશાળ...
આ કહાની અમારી નહી,
તમારી સફળતાની છે....
વિકાસ પબ્લીસીટી કરી રહ્યું છે
42 માં વર્ષમાં મંગલ પ્રવેશ
ગર્વ છે અમને આપની બ્રાન્ડને ભારતના ખુણે ખુણે પહોંચાડવાનો...
આપના પ્રેમ અને વિશ્વાસ બદલ ખુબ ખુબ આભાર
Vikas PUBLICITY Since 1984
1120-1121, RK સુપ્રીમ
નાના મવા સર્કલ પાસે, 150 ફુટ રીંગ રોડ, રાજકોટ.
98795 18143 • 99795 18143
ભારતના કોઇપણ શહેરનાં છાપામાં જાહેરખબર કરતી એજન્સી


### જાહેર નોટીસ

બી. એન્ડ ડી. રજી નં.૧૧/૨૦૨૫

શ્રી મનજીભાઈ જેરામભાઈ ગોહિલ,
રહે.પીપરડી-૨ તા.પાલીતાણા ......અપીલવાળા

વિરૂધ્ધ

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી-કમ-મંત્રીશ્રી, પીપરડી-૨ ગ્રામ પંચાયત કચેરી,
મુ.પીપરડી-૨, તા.પાલીતાણા, જિ:ભાવનગર ......સામાવાળા

**વિષય-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી મનજીભાઈ જેરામભાઈ ગોહિલના નવાસી નમ્રતાબેન પ્રાગજીભાઈ સોલંકીનો જન્મ તા.૨૫/૦૬/૨૦૦૩ના રોજ મોજે. પીપરડી-૨, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના નવાસીના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના નવાસીના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, પીપરડી-૨ ગ્રામ પંચાયત કચેરી, મુ. પીપરડી-૨, તા.પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેક્ટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ :- પાલીતાણા
તારીખ :- ૧૫/૦૪/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા

### જાહેર નોટીસ

બી. એન્ડ ડી. રજી નં.૦૭/૨૦૨૫

શ્રી નાનજીભાઈ લવજીભાઈ ખોખર,
રહે દુધાળા તા.પાલીતાણા ......અપીલવાળા

વિરૂધ્ધ

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
તલાટી-કમ-મંત્રીશ્રી, દુધાળા ગ્રામ પંચાયત કચેરી,
મુ.દુધાળા, તા.પાલીતાણા, જિ:ભાવનગર .......સામાવાળા

**વિષય:-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી નાનજીભાઈ લવજીભાઈ ખોખરના ભાઈ અરવિંદભાઈ લવજીભાઈ ખોખરનો જન્મ તા.૦૩/૦૪/૧૯૭૩ના રોજ મોજે. દુધાળા, તા.પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રીના ભાઈના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના ભાઈના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી-કમ-મંત્રીશ્રી, દુધાળા ગ્રામ પંચાયત કચેરી, મુ. દુધાળા, તા.પાલીતાણાનાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેક્ટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

સ્થળ :- પાલીતાણા
તારીખ :- ૧૫/૦૪/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
પાલીતાણા

### જાહેર નોટીસ

બી.એન્ડ ડી. રજી નં.૦૩/૨૦૨૫

શ્રી દેવરાજભાઈ જવેરભાઈ દિયોરા
રહે. સીતાપુર, તા.ગારીયાધાર ......અપીલવાળા

વિરૂધ્ધ

જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી-કમ-મંત્રીશ્રી માનપુર, તા.ગારીયાધાર ......સામાવાળા

**વિષય:- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના સામાવાળા અરજદારશ્રી દેવરાજભાઈ જવેરભાઈ દિયોરાની પુત્રી શારદાબેન દેવરાજભાઈ દિયોરાનો જન્મ તા.૦૬/૧૧/૧૯૭૬ ના રોજ મોજે. માનપુર, તા.ગારીયાધાર ખાતે થયેલ હોય પરંતુ મોજે: માનપુર ગ્રામ પંચાયતની જન્મ-મરણ રજીસ્ટરે તેમની જન્મ તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મનાં દાખલાની જરૂરીયાત હોવાથી સદરહું અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેઓની પુત્રીના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી માનપુર તા.ગારીયાધારના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગારીયાધાર ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

મુદ્દત તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ ૧૨:૦૦ કલાકે હાજર રહેવું.

સ્થળ:- ગારીયાધાર
તારીખ:- ૦૭/૦૪/૨૦૨૫
કોર્ટનો સિક્કો
મામલતદાર અને
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ગારીયાધાર

# સીબીએસઈ બોર્ડની પરીક્ષાનું પરિણામ મેના ત્રીજા સપ્તાહમાં જાહેર થવાની શક્યતા

## ગયા વર્ષે પણ બોર્ડે ૧૩ મે એ પરિણામ જાહેર કર્યું હતું, તેથી આ વખતે પણ આ સમયની આસપાસ રિઝલ્ટ આવવાની આશા

**અબતક, રાજકોટ**

સીબીએસઈએ હજુ સુધી ઓફિશિયલ રીતે પરિણામ જાહેર કરવાની તારીખ જાહેર કરી નથી પરંતુ પાછલા વર્ષોના વલણને જોતાં એવી અપેક્ષા રાખવામાં આવે છે કે સીબીએસઈ ૧૦મા અને ૧૨મા ધોરણના પરિણામો મે માસના ત્રીજા સપ્તાહમાં જાહેર થઈ શકે છે.

બોર્ડની ૧૦મા ધોરણની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ ૨૦૨૫ દરમિયાન લેવામાં આવી હતી, જ્યારે ૧૨મા ધોરણની પરીક્ષા ૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ સમાપ્ત થશે. આ વર્ષે કુલ ૨૪.૧૨ લાખ વિદ્યાર્થીઓએ ૮૪ વિષયોમાં ધોરણ ૧૦ની પરીક્ષા આપી હતી, જ્યારે ૧૭.૮૮ લાખ વિદ્યાર્થીઓએ ૧૨૦ વિષયોમાં ધોરણ ૧૨ની પરીક્ષા આપી હતી.

પરીક્ષા ૨૦૨૫ પૂર્ણ થઈ ગઈ છે અને હવે વિદ્યાર્થીઓ અને વાલીઓ પરીક્ષાના પરિણામો ક્યારે જાહેર થશે તેની રાહ જોઈ રહ્યા છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ માટે પરીક્ષાઓનું આયોજન કરે છે અને આ વર્ષે પણ લગભગ ૪૨ લાખ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપી છે.

વિદ્યાર્થી પોતાનું રિઝલ્ટ સીબીએસઈની સત્તાવાર વેબસાઈટ cbse.gov.in પર ચેક કરી શકશે. આ સિવાય ડિઝિલોકર એપ અને પોર્ટલ results.digilocker.gov.in કે SMS દ્વારા પણ રિઝલ્ટ મેળવી શકાય છે.

# ન્યુઝ ફ્લેશ

**•રાજકોટમાં સૂર્ય પ્રકોપ યથાવત: બપોરે ૨:૩૦ કલાકે ૪૩ ડિગ્રી તાપમાન, ૧૦ કિમીની ઝડપે ફૂંકતી અંગ દઝાડતી લુ**

**•શેરબજારમાં તેજી જારી: સેન્સેક્સે ૭૭ હજારની સપાટી કુદાવી, નિફટીમાં પણ ૧૦૦ પોઈન્ટથી વધુના ઉછાળો**

# સાબરકાંઠા: ઠગાઈના ગુનામાં વોન્ટેડ ચાર વર્ષે ઝડપાયો

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**



સાબરકાંઠા જિલ્લાના નાસતા ફરતા આરોપીને પકડવા માટે અલગ અલગ ટીમો બનાવી હતી તે અંતર્ગત તલોદ પોલીસ સ્ટેશનના ઈ.પી.કો કલમ ૪૦૬,૪૨૦ મુજબના કામે નાસતા ફરતા આરોપી સુરેશ ગણેશભાઈ દ્રોપલ રહે.૩૩ ઈન્ડિયન કોલોની સામે નારાયણ વિભાગનું બોપલ (ધુમારોડ) અમદાવાદ હાલ રહે.વેજલકા તા.રાણપુર જીલ્લો બોટાદ વાળાની તપાસ કરતા મળી આવતા તેઓની પૂછતાછ કરી જે બાબતે ગુન્હાના રેકોર્ડ આધારે તપાસ કરતા તેના વિરુદ્ધ પોલીસ સ્ટેશન ખાતે ઈપીકો ૪૦૬,૪૨૦ મુજબના ગુન્હામાં નાસતો ફરતો હોવાનું જણાઈ આવતા આરોપીને પકડી આગળની ઘટતી કાર્યવાહી કરવા તલોદ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો.

# ભાડુતનો કબજો છોડાવવાનો દાવો રદ કરવાના કોર્ટના હુકમ સામેની અપીલ નામંજૂર

## જંકશન પ્લોટમા આગાખાન હોસ્ટેલ બિલ્ડિંગમાં એક દુકાનનો ભાડુત પાસેથી કબજો છોડાવવાની દાદ માંગી તી

**અબતક, રાજકોટ**

શહેરના જંકશન પ્લોટ શેરી નં. ૫/૧૫, માં આવેલ આગાખાન હોસ્ટેલ બિલ્ડિંગમાં એક દુકાનનો ભાડુત પાસેથી કબજો છોડાવવાનો દાવો રદ કરવાના સ્મોલ કોઝ કોર્ટના હુકમ સામેની અપીલ પર સેશન્સ કોર્ટ દ્વારા કાઢી નાખવામાં આવી છે.

આ કેસની હકીકત મુજબ ઉપરોકત સ્થળે આગાખાન હોસ્ટેલ વાળા બિલ્ડિંગમાં રાધાકિશ્ના ગોધુમલજી આહુજાએક દુકાન આહુજા ક્રિમ કેન્ડીનાં નામથી આશરે ૪૮ વર્ષથી ભાડુત દરજજે વાપરતા હોઈ, તે દુકાન સંદર્ભે દુકાન પેટા ભાડે આપેલ છે, કાયમી પ્રકારનું બાંધકામ કરેલ છે, ભાડુતી જગ્યાને નુકશાન કરવામાં આવેલ છે અને આજુ બાજુના રહેવાશીઓને તેમજ અન્ય લોકોને ત્રાસ અને હેરાનગતી થાય છે, વપરાશમાં ફેરફાર કરવાના કારણોસર કબજો સોંપી દેવા મકાન માલીક આગાખાન હોસ્ટેલનાં એકઝીકયુટીવ સેક્રેટરીએ રાજકોટની સ્મોલ કોઝ કોર્ટ માં ૨૦૦૭ની સાલમાં કેસ દાખલ કર્યો હતો. સદરહુ કેસમાં ટાયલ કોર્ટે ૨૦૧૯માં જજમેન્ટ આપીને દુકાનના માલીકનો દાવો રદ કરેલ. આથી નારાજ થઈને આગાખાન હોસ્ટેલના સેકેટરીએ ડિસ્ટ્રિકટ કોર્ટમાં ૨૦૧૯માં અપીલ દાખલ કરેલ. જેની સુનાવણીમાં રાધાકિશ્ના ગોધુમલજી આહુજા વતી વકીલ અશ્વિન જે. પોપટે એવી રજૂઆત કરેલી કે, ટ્રાયલ કોર્ટે મુળ દાવામાં રજુ થયેલ તમામ પુરાવાનું બારીકાઈથી નિરીક્ષણ કરેલ છે, જેમકે આ દાવો ટ્રસ્ટ વતી કરવામાં આવેલ છે. પરંતુ ટ્રસ્ટ દાવો ફાઈલ કરવા માટે કોઈ સતા આપેલ હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આ ઉપરાંત મકાન માલીકે જે કારણોસર આ દાવો રજુ કરેલ છે એ આ કેસમાં પુરવાર થયેલ નથી. તેમજ આ ઉપરાંત એવી પણ રજુઆત કરવામાં આવેલ કે ભાડુતી દુકાન અંગે કોઈ ભાડા અંગેનો કરાર કરવામાં આવેલ નથી. આથી મકાન માલીક જણાવે છે એ મુજબ ભાડા કરારની કોઈ શરતોનો ભંગ થયેલ છે એ માની શકાય એમ નથી. આથી ટાયલ કોર્ટએ જે જજમેન્ટ આપેલ છે યોગ્ય હોવાનું ઠરાવી એડિશનલ સેશન્સ જજ ધર્મેન્દ્રસિંઘે વાદીની અપીલ પણ રદ કરવા હુકમ કર્યો હતો. આ કેસમાં ભાડુઆત વધે એડવોકેટ અશ્વિન જે. પોપટ અને કલ્પેશ વાઘેલા રોકાયા હતા.

# ધોરાજી: ચેક રિટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

## હોટલ સંચાલક ને ચૂકવવા આપેલા રૂ.૩.૭૦ લાખનો ચેક બાઉન્સ થયો હતો

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી ખાતે રહેતા યુવાને આર્થિક જરૂરિયાત માટે લીધેલી રકમ હોટલ સંચાલક ને ચૂકવવા આપેલા રૂપિયા ૩.૭૦ લાખનો ચેક રિટર્ન થવાનો કેસ ચાલી જતા અદાલતે આરોપી જીતેન્દ્ર મહેતા ને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ ધોરાજી શહેરના જેતપુર રોડ ભૂતવડ પાટીયા પાસે વછરાજ હોટલના માલિક વિરમભાઈ સામતભાઈ ગરેજા પાસેથી મિત્રતાના દાવે જીતેન્દ્ર નાથાલાલ મહેતાએ આર્થિક જરૂરિયાત માટે હાથ ઊંચીના ૩.૭૦,૦૦૦ લીધા હતા રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે નેગોસીએબલ એકટ હેઠળ ફરિયાદ કરી હતી જે ફરિયાદ ધોરાજીની કોર્ટમાં ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવામાં ફરિયાદી પોતાનું કાયદેસરનું લેણું સાબિત કરી શકેલ ન હોય તેમજ આરોપી ફરિયાદીની ફરિયાદ હકીકતથી વિરુદ્ધ હકીકતો સાબિત કરેલું હોય તે ધ્યાને લઈ અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં બચાવ પક્ષે એડવોકેટ તરીકે ધારાશાસ્ત્રી અરવિંદકુમાર કાપડિયા, જયદીપ કુબાવત અને પાર્થ વઘાસિયા રોકાયા હતા.

### (પહેલા પાનાનું ચાલું)

### અકસ્માત...

શાયરનના અવાજથી દ્રવી ઉઠ્યો હતો જયારે બીજી બાજુ સ્થાનિકોમાં આક્રોશનો માહોલ જોવા મળ્યો હતો. રોષે ભરાયેલ ટોળાંએ બસ પર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી. ઘટનાને પગલે લોકોના ટોળેટોળાં એકત્રિત થઈ જતાં ચક્કાજામ સર્જાયો હતો. બીજી બાજુ આક્રોષિત ટોળાંને વિખેરવા પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો. ઘટનાને પગલે પોલીસ કમિશ્નર, એડિશનલ પોલીસ કમિશ્નર, ડીસીપી સહિતના અધિકારીઓ દોડી ગયા હતા.

રાજકોટ શહેરમાં એક ભયાવહ અકસ્માત સર્જાતા અરેરાટી સાથે રોષ વ્યાપ્યો છે. આજે સવારે અંદાજિત દસ વાગ્યાં આસપાસ ઈન્દિરા સર્કલ નજીક સીટી બસે અકસ્માત સર્જ્યો હતો. પ્રદ્યુમનપાર્કથી લાઈટ હાઉસના રૂટ પર દોડતી આર-ટુ નંબરની સીટી બસ કોટેચા ચોક તરફથી આવી ઈન્દિરા સર્કલ થઈ પંચાયતનગર તરફ જઈ રહી હતી. ત્યારે ઈન્દિરા સર્કલ ખાતે પૂરપાટ ઝડપે ધસી આવેલી સીટી બસના ચાલકે અકસ્માત સર્જ્યો હતો. બેફામ બનેલી સીટી બસે અનેક ટુ વ્હીલર, રીક્ષા અને ફોર વ્હીલને અડફેટે લઈ આઠ લોકોને ટક્કર મારી હતી. જે પૈકી ત્રણ લોકો પર બસના ટાયર ફરી વળતા તેમના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જયારે એક વ્યક્તિને સારવાર મળે તે પૂર્વે જ દમ તોડી દેતા મૃત્યુઆંક ચારને આંબી ગયો હતો. બીજી બાજુ અકસ્માતમાં સાત વર્ષની બાળકી સહીત ચાર લોકોને ઈજા થતાં સારવાર અર્થે સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સીટી બસના ચાલકે અકસ્માત સર્જી ચાર લોકોને જીવતા કચડી નાખતા સ્થાનિકોમાં રોષ ભભુકી ઉઠ્યો હતો અને લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. ટોળાંએ આક્રોશમાં આવી બસ પર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી. ઉપરાંત ટોળાંને કારણે ચક્કાજામ જેવી પરિસ્થિતિ ઉદભવતા ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બયુલન્સ દોડતી થઈ હતી અને થોડી વાર સુધી ઈન્દિરા સર્કલ સહિતનો ૧૫૦ ફૂટ રીંગ રોડ વિસ્તાર એમ્બયુલન્સના શાયરનથી દ્રવી ઉઠ્યો હતો. એમ્બયુલન્સ મારફત ઈજાગ્રસ્તોને સારવાર અર્થે જયારે મૃતકોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, શિશુપાલસિંહ ઝાલા નામનો ડ્રાયવર વાહન ચલાવતો હતો અને અકસ્માતમાં તેણે પણ ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. ઉપરાંત સ્થાનિકોનો આક્ષેપ છે કે, ચાલક ચિક્કાર નશામાં હતો જેના લીધે તેણે અકસ્માત સર્જ્યો હતો. જયારે બીજી બાજુ ડ્રાયવરે ઈજાગ્રસ્ત હાલતમાં જણાવ્યું હતું કે, પોતે કોઈ નશામાં હતો નહિ પણ બ્રેક નહિ લગતા અકસ્માત સર્જાયો હતો.

ઘટનાને પગલે આક્રોશમાં રહેલા ટોળાંએ વધુ બસોમાં તોડફોડ શરૂ કરતા પોલીસ દ્વારા ટોળાંને વિખેરવા હળવો લાઠીચાર્જ કર્યો હતો. બીજી બાજુ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બંગરવા, એસીપી બી જે ચૌધરી સહિતના અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઉપરાંત ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, સાંસદ રામભાઈ મોકીરીયા સહિતના પદાધિકારીઓ પણ ઈન્દિરા સર્કલ ખાતે દોડી ગયા હતા.

### ટ્રાફિક અવરનેસ...

અને ટ્રાફિકના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થતું જોવાય છે. અકસ્માતો નિવારવા વ્યવસ્થાની સાથે સાથે રસ્તા પર વાહન ચલાવતા તમામ લોકોએ ટ્રાફિકના નિયમો અંગે સજાગતા કેળવવી જોઈએ. અકસ્માતમાં કોઈ એકનો દોસ ન ગણી ટ્રાફિક નિયમોનો ભંગ કરી અવ્યવસ્થા સર્જનારા તમામ ક્યાંક ને ક્યાંક કસૂરવાર હોય, મોટા અકસ્માત થાય ત્યારે સ્મશાન વૈરાગ્યની જેમ વાતો થાય છે પણ ટ્રાફિક નિયમોની અમલવારી ભુલાઈ જાય છે. આપણે સૌએ ટ્રાફિક જાગૃતતા કેળવવી જરૂરી છે નહીંતર છાસવારે આવા અકસ્માતો સર્જાતા રહેશે, કોઈના પરિવારનો આધાર છીનવાતો રહેશે અને આપણા સૌના મોઢે ફક્ત એક જ શબ્દ હશે 'ઓમ શાંતિ'.

### ચિન્મયના પિતા...

કોન્ટ્રાકટ આધારિત ક્લાર્ક તરીકે નોકરી કરતો હતો. એકના એક ભાઈના અકાળ મૃત્યુથી સિવિલ હોસ્પિટલ ખાતે બહેનના હૈયાફાટ રુદનથી સૌના રુવાડા ઉભા થઈ ગયા હતા.

### સહાય...

ચંદ્રેશભાઈ કક્કડ (ઉ.વ.૫૬) નો સમાવેશ થાય છે. જ્યારે ચાર લોકોને ઈજા પહોંચી છે. જેમાં વિશાલ રાજેશભાઈ મકવાણા, સુરજ ધર્મેશ, સાનિયાબેન અજયભાઈ રાજબર અને વિરાજબા મહાવીરસિંહ ખાચરનો સમાવેશ થાય છે.

આ દુર્ઘટનાને અત્યંત આઘાતજનક ગણાવતા મેયર નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને દંડક મનીષભાઈ રાડિયાએ જણાવ્યું હતું કે, આ કરૂણ ઘટનામાં ઉદાહરણરૂપ કડક કાર્યવાહી કરવામાં આવશે. અકસ્માત સર્જનાર બસના ડ્રાઈવર શિશુપાલસિંહ રાણાને તાત્કાલિક અસરથી ટર્મિનેટ કરવામાં આવ્યો છે તેમજ યોગ્ય તપાસ બાદ સિટી બસ ઓપરેશન સાથે સંકળાયેલ વિશ્વમ એજન્સી સામે પણ આકરા પગલાં લેવામાં આવશે.

મૃતકોના પરિવારજનોને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પંદર-પંદર લાખ રૂપિયાની સહાય તેમજ ઈજાગ્રસ્તોને બે-બે લાખ રૂપિયાની સહાય જાહેર કરવામાં આવેલ છે. સાથોસાથ થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સની રકમ પણ મળવાપાત્ર થશે.

### (ત્રીજા પાનાનું ચાલું)

### ડો. ચૈત્ર નારાયણ

સમાજસેવક અને પ્રેરણાદાયી વ્યક્તિ બનાવે છે. ડો. ચૈત્રનું કાર્ય દર્શાવે છે કે વિજ્ઞાન અને ઉદ્યોગસાહસિકતાના સમન્વયથી સમાજ અને પર્યાવરણ માટે કેટલું મોટું પરિવર્તન લાવી શકાય છે. ત્યારે ડો. ચૈત્ર નારાયણનું આ સંશોધન પ્રાકૃતિક ખેતીને એક નવી દિશા આપે છે. તેમની બાયો કેપ્સ્યુલ ખેતીને વધુ કાર્યક્ષમ, ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ બનાવી શકે છે. આ શોધ ખેડૂતો માટે આર્થિક રીતે પણ ફાયદાકારક સાબિત થઈ શકે છે અને ગ્રાહકોને સ્વસ્થ અને સુરક્ષિત ખોરાક ઉપલબ્ધ કરાવી શકે છે. ડો. નારાયણનું આ યોગદાન વૈશ્વિક સ્તરે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં એક મહત્વપૂર્ણ પગલું છે અને ભાવિ પેઢીઓ માટે એક સ્વસ્થ પૃથ્વીનું નિર્માણ કરવામાં મદદરૂપ થશે. તેમનું કાર્ય ભારતીય વૈજ્ઞાનિકો માટે ગર્વની વાત છે અને કૃષિ ક્ષેત્રે નવીનતા લાવવા માટે પ્રેરણાદાયી છે.

### "ફુદીના"

ઉપયોગ ચા, શરબત, ચટણી અને અન્ય ખાદ્ય પદાર્થોમાં થાય છે. તેના તેલનો ઉપયોગ માલિશ અને એરોમાથેરાપીમાં પણ થાય છે. ફૂદીનો ત્રણેય દોષો (વાત, પિત્ત અને કફ) ને સંતુલિત કરવામાં મદદરૂપ માનવામાં આવે છે, ઉનાળામાં ફુદીનાનો વિવિધ રીતે ઉપયોગ કરીને તમે ગરમીથી રાહત મેળવી શકો છો અને તેના સ્વાસ્થ્ય લાભો પણ મેળવી શકો છો.ખાસ કરીને પિત્ત દોષને શાંત કરે છે.આમ, આયુર્વેદમાં ફૂદીનાને એક મહત્વપૂર્ણ અને ગુણકારી ઔષધી તરીકે ગણવામાં આવે છે

### ઉનાળાની ગરમીમાં રાહત

ચટણી: ફુદીનાની ચટણી ખૂબ જ સ્વાદિષ્ટ અને પાચનકારક હોય છે. તેને લીલા મરચાં, ધાણા, લીંબુનો રસ અને મીઠું ઉમેરીને બનાવી શકાય છે. તે સેન્ડવીચ, પકોડા અથવા અન્ય નાસ્તા સાથે સારી લાગે છે.

સલાડ: સલાડમાં તાજા ફુદીનાના પાન ઉમેરવાથી તેનો સ્વાદ અને સુગંધ વધી જાય છે. તે સલાડને તાજગી આપે છે.

રાયતું: દહીંમાં ફુદીનાના પાનને પીસીને અથવા બારીક સમારીને ઉમેરવાથી રાયતું સ્વાદિષ્ટ બને છે અને ઉનાળામાં ઠંડક આપે છે.

પુલાવ અને બિરયાની: પુલાવ અને બિરયાનીમાં ફુદીનાના પાન ઉમેરવાથી તેનો સ્વાદ અને સુગંધ ખૂબ જ સરસ આવે છે.

નાસ્તામાં: સેન્ડવીચ અથવા અન્ય નાસ્તામાં ફુદીનાના પાનનો ઉપયોગ કરી શકાય છે.

આ રીતે ઉનાળામાં ફુદીનાનો વિવિધ રીતે ઉપયોગ કરીને તમે ગરમીથી રાહત મેળવી શકો છો અને તેના સ્વાસ્થ્ય લાભો પણ મેળવી શકો છો.

### (છેલ્લા પાનાનું ચાલુ)

### કોંગ્રેસ...

કરાવ્યો હતો. સાથે સાથે કોંગ્રેસના ૧૨૦૦ થી વધુ કાર્યકરો સાથે સંગઠન લક્ષી ચર્ચા કરી હતી.

માત્ર છ દિવસના ટૂંકા વિરામ બાદ કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી ગઈકાલથી ફરી ગુજરાતની મુલાકાતે આવ્યા છે. ગઈકાલે તેઓએ પાલડી સ્થિત પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે નીરીક્ષકો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. એ આઈસીસીના નિરીક્ષકોને જીલ્લાની ફાળવણી કરી દેવામાં આવી છે. આગામી ૨૩ એપ્રિલથી ૮ મેં સુધીના સમય ગાળામાં નીરીક્ષકોની ટીમ અલગ અલગ જિલ્લાઓમાં પ્રવાસ ખેડશે. જિલ્લા પ્રમુખની વરણી માટે જે તે જિલ્લાના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અને પક્ષના સંનિષ્ઠ કાર્યકરોના અભિપ્રાય લેવામાં આવશે. સામાજીક અને ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખી જિલ્લા કે શહેર અધ્યક્ષના નામો નક્કી કરવામાં આવશે. જિલ્લા કે શહેર પ્રમુખ માટે છ-છ દાવેદારોના નામની મજબુત પેનલ બનાવી નિરીક્ષકોએ એઆઈસીસીને મોકલવાની રહેશે. ૪૫ દિવસમાં સંગઠન માળખાની રચના કરી દેવામાં આવશે. તમામ કાર્યક્રમ નકકી કરી દેવામાં આવ્યા છે. ૩૧ મે સુધીમાં જિલ્લા અને શહેરના પ્રમુખના નામ જાહેર કરી દેવામાં આવશે.

મારો તે સારો નહી પરંતુ સારો તે મારો તે મુજબ સંગઠન સરચનાની કામગીરી કરવામાં આવશે. સૌથી સક્ષમ વ્યકિતને જિલ્લાના પ્રમુખ બનાવવામાં આવશે. એઆઈસીસી નિરીક્ષકોને જિલ્લાની ફાળવણી કરી દેવામાં આવી છે. પ્રદેશના નિરીક્ષકો કયાં જિલ્લામાં જશે તેનો નિર્ણય પ્રભારી નક્કી કરશે.

પ્રદેશ સમિતિ દ્વારા છ-છ નામોની પેનલ પર ઉંડાણપૂર્વકની ચર્ચા કર્યા બાદ જિલ્લા કે શહેર પ્રમુખ નક્કી કરવામાં આવશે.

નિરિક્ષકોએ પણ પોતાને મુંઝવતા પ્રશ્નો અંગે રાહુલ ગાંધી પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું.

નિરિક્ષકો સાથેથી બેઠક પુર્ણ કર્યા બાદ રાહુલ ગાંધીએ અમદાવાદમાં સર્કિટ હાઉસ ખાતે પ્રદેશ કોંગ્રેસની કોડિનેશન કમિટીની બેઠકમાં ભાગ લીધો હતો. આ બેઠકમાં કે.સી. વેણુ ગોપાલ અને મુકુલ વાસનીક સહીત કોંગ્રેસના પ્રદેશના તમામ મોટા નેતાઓ સામેલ થયા હતા.

રાહુલ ગાંધીએ એવો સ્પષ્ટ સંદેશો આપ્યો હતો કે આપડે અંદરો અંદર લડવાનું નથી. ભાજપ સામે લડવાનું ગુજરાત વિધાન સભાની ૨૦૨૭ માં યોજાનારી સામાન્ય ચુંટણીમાં ભાજપને હરાવવા માટે કોંગ્રેસના નેતાઓને ખાસ ટાસ્ક આપવામાં આવશે. કોંગ્રેસની કોર્ડિનેશન કમિટીની બેઠકમાં રાહુલ ગાંધીએ સ્પષ્ટ સુચના આપી હતી કે હવે કોંગ્રેસમાં તમામ મોટા નેતાઓનું જવાબદારી ફિકસ કરીને કામગીરી સોંપવામાં આવશે.

યોગ્ય કામગીરી કરનાર નેતાઓને જ પક્ષમાં પ્રમોશન આપવામાં આવશે. યોગ્ય જવાબદારી નહી નિભાવનારા નેતાઓને પક્ષમાં કોઈ હોદાની ફાળવણી કરવામાં આવશે નહી. માત્ર ચુંટણી વખતે જ સક્રિય થતા નેતાઓને કોંગ્રેસ દ્વારા ટિકીટની ફાળવણી કરવામાં આવશે નહી. લોકોની વચ્ચે રહેનારા કાર્યકર કે નેતાને જ ઉમેદવાર જાહેર કરવામાં આવશે આટલું જ નહીં તો ૨૦૨૭માં ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો જિલ્લા પ્રમુખ તરીકે સારી કામગીરી કરનારને સરકારમાં મંત્રી બનાવવામાં આવશે.

દેશભરમાં કોંગ્રેસ દ્વારા સંગઠનમાં પરિવર્તન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના પાયલોટ પ્રોજેકટ સમા સંગઠન સર્જન અભિયાનનો આજે ગુજરાતના મોડાસાથી રાહુલ ગાંધીએ આરંભ કરાવ્યો હતો. તેઓએ આજે ૧૨૦૦ થી વધુ કાર્યકરો સાથે સંગઠન લક્ષી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. અત્યાર સુધી કોંગ્રેસમાં સંગઠનને ખુબ જ ઓછું મહત્વ આપવામાં આવતું હતું. પરંતુ હવે સત્તાની ખુરશી હાંસલ કરવા કોંગ્રેસ સંગઠનને મહત્વ આપી રહી છે. આગામી ૩૧મી મે સુધીમાં કોંગ્રેસ દ્વારા ગુજરાતના તમામ જિલ્લા અને શહેરના પ્રમુખોના નામ જાહેર કરી દેવામાં આવશે.

### પાણી પીવા...

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૬૧.૯૫ ટકા પાણી ઉપલબ્ધ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૬૨ ટકાથી વધુ જળ સંગ્રહ, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૫૬.૨૧ ટકા જળ સંગ્રહ, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૪.૪૪ ટકા જળ સંગ્રહ, કચ્છના ૨૦ જળાશયોમાં ૪૧ ટકાથી વધુ અને ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૪.૯૫ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે.

જ્યારે ૨૧ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૪૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકાથી વધુ, ૭૪ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. માત્ર ૬૭ જળાશયો એવા છે જેમાં ૨૫ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આ ઉપરાંત સરદાર સરોવર ડેમમાં ૨,૫૦૫, વણાકબોરી ડેમમાં ૩,૭૦૦ તેમજ કડાણા ડેમમાં ૧,૭૪૨ કયુસેક પાણીની આવક ચાલુ છે. ઉનાળા દરમિયાન રાજ્યમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરીકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી પુરૂ પાડવામાં આવશે.

# જામજોધપુર: ધુનડા ગામે ભાવેશ્વર મહાદેવ મંદિરના પાટોત્સવમાં ભકતોનું ઘોડાપુર ઉમટયું




**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર તાલુકાના ધુનડા ગામે સતપુરણ ધામ આશ્રમ મુકામે આવેલ ભાવેશ્વર મહાદેવ મંદિર (૧૦૮ શિવ પારદ શિવલીંગ) નો પ્રથમ પાટોત્સવ જેન્તીરામ બાપાના સાનિધ્યમાં યોજાયેલ જેમાં લઘુ રૂદ્ર યજ્ઞ મહાપ્રસાદ તેમજ મુરલીધર ગ્રુપ દ્વારા માંડાવા (ઘેડ) ની ભવ્ય કાન ગોપીનો કાર્યક્રમ યોજાયો હતો. તેમજ આ ધર્મોત્સવ કાર્યક્રમમાં વિવિધ રાજકીય - સામાજીક મહાનુભાવો સંતો ઉપસ્થિત રહેલ હતા. તેમ જ આ કાર્યક્રમમાં ધુનડા સહિત આજુબાજુ ગામના લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**ગોંડલ :** અશ્વિનભાઈ દયાશંકર ત્રિવેદી (બટુકભાઈ, પૂજારી માઁ લક્ષ્મી મંદિર) તે પ્રજ્ઞાબેનના પતિ તથા સરોજબેન, જ્યોતિબેન, ડોલરબેન, જીતેન્દ્રભાઈ, સુધાબેન મુકેશભાઈના ભાઈ તથા હેતલબેન, મિતેષભાઈ, નિશાબેનના પિતા કોશલભાઈ, કિશનભાઈ, બંસી, જય, જીલના મોટા બાપુજી તા.૧૪/૪/૨૦૨૫ ના રોજ અવસાન પામેલ છે. બેસણું તા.૧૭/૦૪/૨૦૨૫ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ બેનાણી વાડી, નાની બજાર, વચલી શેરી ગોંડલ મુકામે રાખેલ છે.

**રાજકોટ:** દશા સોરઠીયા વણિક જેતપુર નિવાસી હાલ રાજકોટ કુસુમબેન (ઉ.વ.૬૮) તે મહેન્દ્રભાઈ ગોરધનદાસ ધ્રુવના પત્ની, તુષાર, ભૂમિના માતા, જલ્પાના સાસુ, ભવ્યાના દાદી તે મહેન્દ્રભાઈ વસ્તાણી (ઉપલેટા)ના બહેન, ભુપતભાઈ, જશવંતભાઈ, મંજુબેન, સરોજબેનના નાના ભાઈના પત્ની, પ્રકાશભાઈ, કિરણબેન, સાધનાબેનના ભાભીનું તા. ૧૪ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૭ ને ગુરુવારના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન માલવીયા વાડી, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**થાનગઢ:** થાનગઢ નિવાસી, હાલ રાજકોટ, સ્વ. સનતકુમાર લક્ષ્મીશંકર રાવલ (એઆઈસી), (ઉ. વર્ષ ૮૪) તે ગં. શોભનાબહેન સનત કુમાર રાવલના પતિ, હેતલ, બ્રિન્દા, મિહિરના પિતા, સારિકા મિહિર રાવલના સસરા, શ્રેયા મિહિર રાવલના દાદા, નિષ્ઠા હર્ષલ સેવકના પિતા, હીર હર્ષલ સેવકના નાના, સ્વ. કિશોરચંદ્ર રાવલ તેમજ પ્રદ્યુમનભાઈ રાવલ, સ્વ. અનિરુદ્ધભાઈ રાવલના ભાઈનું સોમવાર ને તા. ૧૧ ના રોજ અવસાન થયેલ છે. જેમની પ્રાર્થનાસભા તા. ૧૭ ને ગુરુવારના સાંજે ૫ થી ૬-૩૦ કલાકે પૂતળી બા ઉદ્યોગ મંદિર હોલ, ગીતા મંદિર સામે, ભક્તિનગર સર્કલ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મુળ ગામ લીલાખા હાલ રાજકોટ સુરૂ ઈશ્વરદાન ગગુભાઈ (ઉ.વ.૭૬) તે હિતેષભાઈ, રાજેન્દ્રભાઈ, રઘુવીરભાઈના પિતાનું તા. ૧૪ ને સોમવારે અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૭ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ શ્રી ખાત્રાઈ કૃપા, ગાંધીગ્રામ-૩, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગં.સ્વ. પ્રમિલાબેન જગદીશચંદ્ર રૂપારેલ (ઉ.વ.૮૨) તે રાજકોટ રઘુવીર હાર્ડવેર માર્ટ વાળા સ્વ. મોહનલાલ વેલજીભાઈ કકકડ, સ્વ. ગોદાવરીબેન મોહનલાલ કકકડના પુત્રી તે સ્વ. ગુણવંતભાઈ, સુરેશભાઈ, સ્વ. લલીતભાઈ, રઘુવીરભાઈના બહેનનું તા. ૧૨ ના રોજ અવસાન થયેલ છે. તેમની પિયરપક્ષની ટેલીફોનીક સાદડી ગુરુવાર તા. ૧૭ ને સાંજે ૫ થી ૭ રાખેલ છે.


Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# નાગાલેન્ડથી પરવાનો મેળવી પિસ્ટલ ખરીદી સીનસપાટા કરતો પ્રવીણ છૈયા ઝડપાયો

## ૨૦૧૮માં અમરનાથ યાત્રા દરમિયાન અંગરાજ નામના શખ્સ સાથે સંપર્ક થતાં તેણે લાયસન્સથી માંડી હથિયાર સુધીની ગોઠવણી કરી દીધી'તી

**અબતક, રાજકોટ**

નાગાલેન્ડથી પરવાનો મેળવી હથિયાર ખરીદી પિસ્ટલ સાથે સીન સપાટા કરનાર કારખાનેદાર પ્રવીણ પ્રતાપ છૈયાની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. પીઆઈ એમ આર ગોંડલીયાની ટીમના એએસઆઈ ચેતનસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ડાંગર અને ઉમેશભાઈ ચાવડાની બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૮માં કારખાનેદાર અમરનાથ યાત્રા પર ગયો હતો ત્યાં અંગરાજ નામના શખ્સ સાથે સંપર્ક થતાં તેણે હથિયાર લાયસન્સ અને પિસ્ટલની ખરીદી સુધીની ગોઠવણી કરી દીધાનું સામે આવ્યું છે.



દિમાપુર (નાગાલેન્ડ) રાજયમાં રહેતો હોવાના બોગસ પુરાવા ઉપર ૨૦૧૯ ની સાલમાં હથીયાર લાયસન્સ મેળવી પિસ્ટલ, કાર્ટીસ ખરીદનાર રાજકોટના કારખાનેદાર પ્રવિણ પ્રતાપભાઈ છૈયા (આહીર) (ઉ.વ.૪૧, રહે. હસનવાડી મેઈન રોડ, ૮૦ ફુટનો રોડ)ને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લઈ પુછપરછ હાથ ધરી છે. ૨૦૨૨ ની સાલમાં લાયસન્સની અવધી પુરી થયા બાદ લાયસન્સ રીન્યુ નહિ થયાનું બહાર આવ્યું છે.

**ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયાની ટીમની કાર્યવાહી : એએસઆઈ ચેતનસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ડાંગર અને ઉમેશભાઈ ચાવડાની બાતમી**

ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયાની ટીમના એએસઆઈ ચેતનસિંહ ગોહીલ, હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ડાંગર અને ઉમેશભાઈ ચાવડાને એવી બાતમી મળી હતી કે આજી વસાહતમાં દ્વારકાધીશ ઈન્ડસ્ટ્રી નામનુ જોબવર્કનું કારખાનું ધરાવતા અને હસનવાડીમાં રહેતા પ્રવિણ છૈયા પાસે ગેરકાયદે હથીયાર છે. આ બાતમીના આધારે પ્રવિણ છૈયાની અટકાયત કરી પુછપરછ કરતા ઉપરોકત વિગતો બહાર આવી હતી. અમરનાથ યાત્રા વખતે લંગરની સેવા કરતા પોતાના મિત્ર પ્રવિણ પટેલ સાથે પ્રવિણ છૈયા ગયો હતો. ત્યારે હરીયાણાના પાણીપતના રહેવાસી અંગરાજ સાથે ઓળખાણ થઈ હતી. તેણે નાગાલેન્ડ રાજયનું હથીયાર લાયસન્સ અપાવી દેવાની વાત કરી હતી.

બાદમાં તે રાજકોટ આવ્યો હતો અને પ્રવિણ છૈયાને નાણાકીય લેતી-દેતી કરી લાયસન્સ અપાવ્યું હતું. તાજેતરમાં નાગાલેન્ડ રાજયમાંથી ત્યાંના રહેવાસી હોવાના ખોટા પુરાવા ઉભા કરી ગુજરાતમાંથી સેંકડો લોકોએ હથીયાર લાયસન્સ મેળવી લીધાનું કૌભાંડ બહાર આવ્યું છે ત્યારે રાજકોટમાંથી આ પ્રથમ કિસ્સો બહાર આવ્યો છે.પીઆઈ એમ.આર. ગોંડલીયા અને પીઆઈ એમ.એલ. ડામોર દ્વારા ઝડપાયેલા પ્રવિણ છૈયાની વધુ પુછપરછ થઈ રહી છે.

### બોગસ હથિયાર પરવાના કૌભાંડ સાથે કનેક્શન છે કે કેમ? એસઓજી દ્વારા તપાસનો ધમધમાટ

એકતરફ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પ્રવીણ છૈયાની પિસ્ટલ સાથે ધરપકડ કરી લાયસન્સ રીન્યુ નહિ કરાવ્યાનો ગુનો દાખલ કર્યો છે. બીજી બાજુ એટીએસ દ્વારા આંતરરાજ્ય બોગસ હથિયાર પરવાના કૌભાંડની તપાસ ચલાવવામાં આવી રહી છે ત્યારે પ્રવીણ છૈયાને બોગસ હથિયાર પરવાના કૌભાંડ સાથે કનેક્શન છે કે કેમ? તે અંગે એસઓજી તપાસ ચલાવી રહી છે.

# ઢેબર રોડ પર કારખાનેદાર પાસેથી છરીની અણીએ રૂ.૨.૬૨ લાખની લૂંટ

## તે અકસ્માત સર્જયો છે કહી બુકાનીધારી લૂંટારૂ યુવકને નજીકનાં કોમ્પ્લેક્સમાં લઈ જઈ નાણાં પડાવી નાસી ગયો

**અબતક, રાજકોટ**

શહેરના ઢેબર રોડ પર ગઈકાલે સવારે ૧૧ વાગ્યે કારખાનેદાર યુવક સાથે અકસ્માતનું નાટક કરી લૂંટારુએ ધમકાવી છરી બતાવી કારખાનેદાર પાસેથી રૂ.૨.૬૨ લાખ રોકડા લૂંટી લીધાનો બનાવ સામે આવ્યો છે. મોઢે બુકાની બાંધીને આવેલ લૂંટારુએ મિનિટોમાં જ લાખો રૂપિયાની લૂંટ ચલાવી લેવા મામલે ભક્તિનગર પોલીસમાં ગુનો નોંધાયો છે.

મામલામાં મવડીના ૮૦ ફૂટ રોડ પર ઉદ્ગમ સ્કૂલની સામે ગુરુદેવ પાર્કમાં રહેતા અને માલધારી ફાટક પાસે ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ઘરઘંટી બનાવવાનું કારખાનું ધરાવતાં હરેશભાઈ ધીરજલાલ રાદડિયા (ઉ.વ.૪૦) લૂંટારુનો ભોગ બન્યા હતા. હરેશભાઈ રાદડિયા મંગળવારે સવારે ૮.૩૦ વાગ્યે પોતાના ઘરેથી ખિસ્સામાં રૂ.૨ લાખ રોકડા મૂકી બાઈક પર નીકળ્યા હતા અને કારખાને પહોંચ્યા હતા. ત્યારબાદ સાડા દશ વાગ્યાના અરસામાં હરેશભાઈ ઢેબર રોડ પર પ્લેનરી આર્કેડમાં આવેલી આંગડિયા પેઢીએ ગયા હતા અને ત્યાંથી રૂ.૫૦ હજારનું આંગડિયું લીધું હતું. કુલ રૂ.૨.૫૦ લાખ અટિકા ફાટક પાસે આવેલા શીતલ ઈલેક્ટ્રિકવાળાને આપવાના હોય હરેશભાઈ ઢેબર રોડ પરથી અટિકા ફાટક તરફ જવા નીકળ્યા હતા.

દરમિયાન નાગરિક બેંક ચોકથી ઢેબર રોડ પર મધુરમ હોસ્પિટલ તરફ પહોંચ્યા હતા ત્યારે પાછળથી સ્કૂટરમાં એક શખ્સ ધસી આવ્યો હતો અને તેણે હરેશભાઈને આંતરી ઊભા રાખીને કહ્યું હતું કે, તમે અકસ્માત કરી સ્કૂટરમાં નુકસાન કર્યું છે. રૂ.૨ હજાર ખર્ચના આપવા પડશે તેમ કહ્યું હતું. કારખાનેદાર હરેશભાઈએ પોતે કોઈ અકસ્માત કર્યો નથી તેમ કહ્યું હતું, છતાં ખર્ચના રૂ.૨ હજાર આપવા તૈયાર થઈ ગયા હતા. જોકે લૂંટારુએ ત્યાં પૈસા લીધા નહોતા. મારા શેઠને આપવાના છે આગળ ચાલ તેમ કહી હરેશભાઈને પોતાના સ્કૂટરમાં પાછળ બેસાડી દીધા હતા અને સ્કૂટર ભક્તિનગર સોસાયટી પાસે આવેલા સત્યાર્થ પ્રકાશ કોમ્પ્લેક્સ પાસે લઈ ગયો હતો. કોમ્પ્લેક્સના પાર્કિંગમાં સીડી પાસે હરેશભાઈને લઈ જઈ લૂંટારુએ છરી કાઢી અને હરેશભાઈના ખિસ્સા ફંફોળ્યા હતા જેમાંથી રોકડા રૂ.૨.૫૦ લાખ ઉપરાંત પર્સમાં રૂ.૧૨ હજાર હતા તે મળી કુલ રૂ.૨.૬૨ લાખ કાઢી લીધા હતા અને છરી મારતા વાર નહીં લાગે તેમ કહી રૂ.૨.૬૨ લાખ લૂંટી લૂંટારુ નાસી ગયો હતો. લૂંટ ચલાવનાર શખ્સે લાલ શર્ટ, બ્લુ કલરનું જીન્સ અને ટોપી પહેરી હતી તેમજ મોઢે રૂમાલથી બુકાની બાંધી હતી.હરેશભાઈ પોતાના ઘરેથી જ રૂ.૨ લાખ રોકડા લઈને નીકળ્યા હતા અને ઢેબર રોડ પર આંગડિયા પેઢીથી રૂ.૫૦ હજાર લીધા હતા. આંગડિયાની ઓફિસેથી હરેશભાઈ નીકળ્યા અને મધુરમ હોસ્પિટલ પાસે પહોંચ્યા હતા ત્યારે લૂંટારુએ તેમને આંતર્યા હતા અને લૂંટ ચલાવી હતી. લૂંટારુ આંગડિયા પેઢીથી જ કારખાનેદાર હરેશભાઈનો પીછો કરતો હોવાની શંકા પરથી પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી હતી. મામલામાં ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને ભક્તિનગર પોલીસે લૂંટારુને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

**ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને ભક્તિનગર પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ**

# ભાઈ અને ભત્રીજા ઉપર હુમલાના ગુનામાં ચાર શખ્સોને પાંચ વર્ષની જેલ

## નવાગામની સીમમાં હલણના પ્રશ્ન પરિવાર વચ્ચે ચાલતા વિવાદમાં સાડા ચાર વર્ષ પહેલાં મારા મારી થઈ'તી

**અબતક , રાજકોટ**

બામણબોર નવાગામ ખાતે કુવા સુધીના હલણના રસ્તા બાબતે અંદરોઅંદર પરિવાર વચ્ચે ચાલતા વિવાદમાં એક ભાઈ અને તેના બે પુત્રો ઉપર લાકડીથી ગંભીર હુમલાના સાડા ચાર વર્ષ પહેલાંના કેસમાં અદાલતે સેઢા પાડોશી જૂથના ચાર શખ્સોને પાંચ વર્ષની જેલસજા અને જુદા જુદા દંડનો હુકમો કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, નવાગામ બામણબોર ગારીડા રોડ ઉપર રહેતા અને ખેતીકામ કરતા ભવાનભાઈ તેજાભાઈ બાવળીયાએ ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેમની સહિયારી વાડીએ કુવા સુધી જવા માટેના રસ્તા બાબતે તેમના ભાઈઓ, પિતા વગેરે સાથે ડખો ચાલતો હોય આ ડખાનો ખાર રાખીને તારીખ ૨૯/ ૦૯/ ૨૦૨૦ના રોજ તેઓ નવાગામ બામણબોરથી ગારીડા તરફ તેમના ઘર બાજુ આવતા હતા, ત્યારે રસ્તામાં પીરની દરગાહ પાસે પહોંચતા પિતા તેજા ચોથાભાઈ બાવાળીયા, વલ્લભ તેજાભાઈ બાવાળીયા, મહેશતેજાભાઈ બાવળીયા (રહે. બધા બામાણબોર નવાગામ) તથા મહેશભાઈના સસરા દાનાભાઈ છગનભાઈ મેટાળીયા (રહે. પાંચવડા, તા. ચોટીલા) "તને વાડીના કુવામાં જવા માટેનો રસ્તો નહીં મળે ત્યારે જ્યાં દોડવું હોય ત્યાં દોડી લેજે" તેમ કહી આ ચારેય જણાએ તેમની પાસે રહેલ લાકડી વતી માર મારવા લાગેલા જેથી ભવાન તેજાભાઈ બાવળીયાને જમણા પગમાં તથા શરીરે ઈજાઓ થયેલી અને દેકારો કરતાં ચારેય આરોપીઓ ત્યાંથી જતા રહેલા અને ૧૦૮ને બોલાવી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લીધેલી અને જે અંગેની વિગતવાર ફરિયાદ ચાર આરોપીઓ સામે આપવામાં આવી હતી. જેથી આરોપીઓની ધરપકડ, ધોરણસરની કાર્યવાહી અને પોલીસતપાસમાં તેઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય કોર્ટ સમક્ષ ચાર્જશીટ ફાઈલ કર્યું હતું. જે કેસ ચાલવા ઉપર આવતાજરૂરી કાયદાકીય પ્રકિયાના ભાગ રૂપે હાલના કામે જરૂરી મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તપાસવામાં આવેલ હતા અને આ કામે બંને પક્ષકારોની દલીલો અને રજુઆતો કોર્ટ દ્વારા સાંભળવામાં આવી હતી, તેમજ મુળ ફરીયાદી ભવાનભાઈ તેજાભાઈ બાવળીયા વતી રોકાયેલ એડવોકેટ તથા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો દલીલો અને ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ ધ્યાને ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ છે, તેવું માનીને કોર્ટે ચારેય આરોપીઓને પાંચ વર્ષની કેદ તથા રૂ.૧૦,૦૦૦ દંડ અને જો આરોપી દંડ ન ભરે તો વધુ એક વર્ષની કેદનો હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં સરકાર તરફે એપીપી એ.એમ. પરમાર અને તેમની મદદમાં મુળ ફરીયાદી વતી એડવોકેટ રણજીતભાઈ એમ.પટગીર, સાહિસ્તાબેન એસ.ખોખર, દયા કે. છાયાણી, નીમેશ જાદવ તેમજ આસિસ્ટન્ટ શ્રધ્ધા આર. ખખ્ખર રોકાયા હતા.

# જયુબિલી ચોકી પાસે નજીવી બાબતે યુવાન પર છરીથી હુમલો..!

**અબતક રાજકોટ**

શહેરના કાળજાળ તડકામાં થર્મોમીટરની જેમ મગજના પારા પણ આસમાનમાં રહેતા હોય તેમ નજીવી બાબતે બોલાચાલી અને મારામારીના બનાવો નિરંતર વધી રહ્યા છે શહેરના એ ડિવિઝન પોલીસ મથકની હદમાં આવેલ આઈ પી મિશન સ્કૂલની બાજુમાં મુસ્લિમ લાઈન શેરીમાં થી પસાર થઈ રહેલા યુવાન પર ત્રણ શખ્સોએ અને કેકેવી ચોકમાં રીક્ષા ચાલક પરહુમલો કરી છરીથી ઈજા કર્યાની પોલીસ ફરિયાદો નોંધાય છે.આ અંગે પોલીસ માંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કલેકટર ઓફિસ પાછળ નરસંગપુરા શેરી નંબર૧માં રહેતા વ્યવસાયે ડ્રાઈવર સાહિલભાઈ મહંમદભાઈ જાફરએ એ ડિવિઝન પોલીસ મથકમાંમાં ફરિયાદ નોંધાવી છે કે તા ૩ ના રોજ સાંજે પોતે નજીક આઈ પી મિશન સ્કૂલ પાસે હતો ત્યારે આયર્ન, અમુ,, અબુ અને બે જાણ્યા શખ્સોએ આંતરિ છરીના ઘાથી માથા અને છાતી અને સાથળના ભાગે ઈજા કરી ધમકી ની પોલીસ ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એચ એન જેઠવાએ તપાસ હાથ ધરી છે.જ્યારે બીજી ઘટનામાં કેકેવી ચોક પાસે નવા બનેલ ગેમિંગ ઝોન પૂલ નીચે મોડી રાત્રે ફરિયાદી વ્યવસાય રીક્ષા ડ્રાઈવર આરીફ ઉર્ફેચકી ફૈઝ મહંમદ ભાઈ શાહમદાર ને રસ્તામાં આંતરિ કાળુભાઈ એ તારોભાઈ સુમારસા ક્યાં છે? તે મારા પુત્ર ને કેમ માર માર્યો? તેમ કહી ઝઘડો કરી બેફામ ગાળો ભાંડતા ફરિયાદી એ ગાળો આપવાની ના પડતા કાળુભાઈ ,ગીતાબેન અને બે અજાણ્યા માણસોએ ફરિયાદીને લાકડા ધોકા થી માર મારી આંખ નીચે છરી નો ઘ મારી ઈજા કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે ગુનો નંદી એએસઆઈ ધર્મેશભાઈ ડાંગરે તપાસ હાથ ધરી છે.

**કેકેવી ચોકમાં પુત્રના ઝઘડાનો ખાર રાખી રીક્ષા ચાલક પર ત્રિપુટીનો હુમલો**

# નર્સિંગની છાત્રા પર દુષ્કર્મ ગુજારનાર બ્રધર અને તેના પિતાને શંકાનો લાભ

## નર્સિંગની પ્રેક્ટિસ દરમિયાન પરિચયમાં આવેલા યુવાને લગ્નનું તરકટ રચી હવસનો શિકાર બનાવી હતી

**અબતક , રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ પોલીસ મથક વિસ્તારમાં જૂનાગઢની યુવતીને લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારવા અંગેનો કેસ ચાલી જતા બાબરા તાલુકાના ઘુઘરાળા ગામના પિતા પુત્રને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ જુનાગઢ જિલ્લાના માંગરોળ પંથકની અને રાજકોટ ખાતે આવેલી નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી યુવતી ને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારીયા અંગેની બાબરા તાલુકાના ઘૂઘરાળા ગામનો વિવેક પ્રભાત મકવાણા અને પ્રભાત હાથીયા મકવાણા સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા હોય પ્રમાણે ઘૂઘરાળા ગામનો વિવેક મકવાણા અને સાથે નર્સિંગ ની પ્રેક્ટિસ દરમિયાન પરિચય કેળવી પ્રેમજાળમાં ફસાવી અને જામનગર રોડ નજીક આવેલી હોટલમાં મંગળ શુક્ર પહેરાવી સિંદુર પુરી અભદ્રાલતમાં ફોટા પાડી લગ્ન કર્યા હોવાનું જણાવી અને દુષ્કર્મ ગુજારીયાનું ખુલતા પોલીસે વિવેક પ્રભાત મકવાણા અને તેના પિતા પ્રભાત સાથિયા મકવાણાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા તેને જેલ હવાલે કર્યા હતા. પોલીસ તપાસ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવ્યો હતો. કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં મુળ ફરીયાદીના કુટુંબીજનો, ડોકટર, પંચનામાઓ, અને પોલીસ સાહેદોને તપાસેલા અને રજુઆત કરેલ કે, આ કામમાં સાહેદોએ ફરીયાદપક્ષના કેસ ને પુરેપુરૂ સમર્થન આપેલ છે જેથી આરોપીઓને સજા કરવી જોઈએ બાદ બચાવપક્ષે એવી દલીલ કરવામાં આવેલ કે, ભોગ બનનારની ઉંમર ૨૧ વર્ષની છે, આરોપીની ઉંમર ૧૮ વર્ષની છે. જયારે ભોગ બનનારની ઉંમર પુખ્ત હોય અને સમંતી આવતી હોય ત્યારે તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે.ઉપરોકત હકિકતે તેમજ રેકર્ડ ઉપર આવેલ પુરાવો અને સાહેદોની જુબાની ધ્યાને લઈ અદાલત એવા અનુમાન ઉપર આવેલ કે, ફરીયાદપક્ષ પોતાનો કેસ નીશંકપણે પુરાવાર કરી શકેલ નહી જેથી બંને આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરેલ છે. બંને આરોપી વતી રાજકોટના એડવોકેટ પીયુષ એમ.શાહ, અશ્વીનભાઈ ગોસાઈ, નીવીદભાઈ પારેખ, નીતેશભાઈ કથીરીયા, વીજયભાઈ પટગીર, જીતેન્દુભાઈ ધુળકોટીયા, હપીલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ, તથા આસીસ્ટન્ટ તરીકે રવીરાજભાઈ વાળા, રૂત્વીકભાઈ વધાસીયા, સંજયભાઈ મેરાણી રોકાયેલા હતા.

# રેવન્યુ રેકર્ડની વારસાઈ નોંધ રદ મામલે રિવિઝન નામંજુર કરતો જિલ્લા કલેકટરનો શકવર્તી ચુકાદો

## વાજડી (વડ)ના ગામ ખેતીની જમીનની મામલતદારે પ્રમાણીત કરેલ વારસાઈ નોંધ ગ્રામ્ય નાયબ કલેકટરનો હુકમ કાયમ રાખ્યો

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના વાજડી (વડ)ના ગામ સર્વેની ખેતીની જમીન ૧ હે. ૬૧ આરે ૨૭ ચો.મી.ની મામલતદારે પ્રમાણીત કરેલ વારસાઈ નોંધ અરજદારોની રિવિઝન નામંજુર કરવાનો અને રાજકોટ ગ્રામ્ય નાયબ કલેકટરનો હુકમ કાયમ રાખવાનો જિલ્લા કલેકટરનો ચુકાદો આપ્યો છે.વધુ વાજડી (વડ)ગામના સર્વે નં.૧૦૦/૧૨ પૈકી (નવા રે.સર્વે નં. ૭૧) ની ખેતીની જમીન જે તે વખતે મુળ માલીક મુળુભાઈ અરજણભાઈને સાથણીમાં મળેલી ૪ એકર જમીન સને ૧૯૬૭માં ફાળવેલી તે જમીનની માપણી કરતા જમીન એકર ૪-૨૧ ગુંઠા થયેલી. આ નવી શરતની જમીન જુની શરતમાં ફરી જતા તે જમીન હરીજન મુળુભાઈ અરજણભાઈએ દસ્તાવેજથી વેચાણ કર્યા બાદ તે જમીનના તેના ઉતરોતર ખરીદનારાઓ સામે જિલ્લા કલેકટર દ્વારા રિવિઝનમાં લઈ તમામ ઉતરોતર નોંધ આશરે ૪૮ વર્ષ બાદ આનુસંગીક બનતી સઘળી ઉતરોતર વ્યવહારોની નોંધ રદ કરતો હુકમ કરેલો હતો. સદરહુ હુકમ સામે જયંતીભાઈ ઘરસંડયા વિગેરેએ હાઈકોર્ટમાં સ્પેશયલ સિવિલ એપ્લિકેશન અને ગોંડલ કોર્ટમા સ્પે. દી.કેસ નં.૫૫/૧૫થી દાવો દાખલ કરેલો છે, જે હાલ પેન્ડિંગ છે. આ ગામ વાજડી (વડ)ના રે.સ.નં.૧૦૦/ ૧૨ (નવા રે. સર્વે નં. ૭૧)ની જમીન એકર ૪-૨૧ ગુંઠા જમીન રજિ.વેચાણ દસ્તાવેજ તા.૩/ ૫/ ૨૦૧૦ના રોજથી જયંતીભાઈ ઘરસંડીયા વિગેરેએ ખરીદ કરેલી છે. હાલ આ ખેડવાણ જમીનનો કબજો ભોગવટો અને માલીકી તેમની છે.સ્પે.સી.એ./૨૦૧૭માં આ ખેડવાણ જમીનની નોંધ પરત્વે હાઈકોર્ટે વચગાળાનો મનાઈ હુકમ આપેલો કે આ મનાઈ હુકમ અમલમાં હોવા છતા મામલતદારએ કોઈ પણ પક્ષકારને સાંભળ્યા વિના કે નોટિસ બજાવ્યા વિના આ કામના એપેલન્ટસ કેશુબેન બધાભાઈ અનુસુચિત જાતિ વિગેરેના નામની ગામના નમુના નં.૬ની નોંધ તા.૧૨/ ૦૨/ ૨૦૨૨ દાખલ કરી પ્રમાણીત કરેલ છે. જે ગેરકાયદે અને રદ થવાને પાત્ર છે. આ કામમાં એપેલન્ટસના તથા સામાવાળાના એડવોકેટ્સની લંબાણ પુર્વકની મૌખીક તથા લેખીત રજુઆતો સાંભળી ઉપરોકત હુકમ કરી અરજદારોની રિવિઝન અરજ નામંજુર કરેલી છે. મામલતદાર લોધીકાએ પ્રમાણીત કરેલ વારસાઈ નોંધ તા.૨૩/ ૩/ ૨૦૨૨ રદ કરિ છે. નાયબ કલેકટર ગ્રામ્યએ તા.૧૨/ ૭/ ૨૦૨૪ના રોજ કરેલ હુકમને કાયમ રાખ્યો છે. આ કામમાં સામાવાળાઓ તરફે સિનિયર ધારાશાસ્ત્રી એન.જે.પટેલ, જાગૃતીબેન વિઠલાણી, જતીન વસાણી, જીજ્ઞેશભાઈ કે. માલકીયા વિગેરે રોકાયા હતા.

# માતાજીના માંડવામાં ભગત બનીને આવેલા તસ્કરને ઝડપી લેવાયો

## ચાના ધંધાર્થીના મકાનમાં ત્રાટકી રૂ. ૧.૭૩ લાખના દાગીના ઉઠાવી ગયો'તો : બંસી રાજપરાની રૂ. ૨૭ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ

**અબતક,રાજકોટ**

શહેરના અમરનગર વિસ્તારમાં માતાજીના માંડવામાં વ્યસ્ત ચાના ધંધાર્થીના મકાનમાં ઘુસી કબાટની તિજોરીમાંથી રૂ. ૧.૭૩ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરીનો બનાવ સામે આવ્યો હતો. જે મામલે માલવિયાનગર પોલીસની ટીમે ગણતરીની કલાકોમાં માંડવામાં ભગત બનીને આવેલ તસ્કર બંસી રાજપરાની ધરપકડ કરી રૂ. ૨૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

શહેરનાં માલવિયા નગર પોલીસ મથક વિસ્તારમાં આવેલા અમરનગરમાં એક અઠવાડિયા પહેલા રૂ. ૧.૭૩ લાખની ઘરફોડ ચોરી કરનાર તસ્કર બંસી હસમુખભાઈ રાજપરા (શ્રીનાથજી સોસાયટી શેરી નંબર ૧૦ ના છેડે, વિનાયક નગર શેરી નંબર - ૯) ને પોલિસે ઝડપી પાડયો છે. અમરનગર-૧ શેરી નં-૩ અમરનાથ મહાદેવ મંદિરની સામે રહેતાં જતીનભાઈ રમેશભાઈ ઓળકીયા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને ગોંડલ રોડ વૈદવાડી-૧ ખાતે ચામુંડા ટી-સ્ટોલ નામની ચા ની હોટલ આવેલ છે. ઘરમાં બેડરૂમમાં અંદર લોખંડનો કબાટ રાખેલ છે અને તેઓ કબાટની ચાવી બહાર જઈએ ત્યારે બેડરૂમમાં



ગોદડાની નીચે રાખે છે.

ગત તા.૧૪ એપ્રિલની રાત્રે ઘરે ચામુંડા માતાજી તથા મહાકાળી માતાજીનો માંડવો હતો જેથી ઘરે મહેમાનોની અવર-જવર ચાલુ હોય અને ઘરના દરવાજા ખુલ્લા હતા. રાત્રિના આશરે ૧૨ વાગ્યાની આસપાસ બેડરૂમમાં અંદર રહેલ લોખંડનો કબાટ સુરક્ષિત જોયેલ હતો અને રાત્રિના ૧૨:૫૫ વાગ્યાની આસપાસ પત્ની સોનલનો ફોન આવેલ કે, ઘરમાં કબાટનો દરવાજો ખુલ્લો છે અને ઘરમા બધુ વેર વિખેર પડ્યું છે. જેથી તેઓ તરત જ ઘરે ગયેલ અને જોયુ તો બેડરૂમમાં અંદર રહેલ લોખંડના કબાટનો દરવાજો ખુલ્લો હતો. આ કબાટની તિજોરીના ખાનામાં જોતા સામાન વેરવિખેર પડેલ હતો અને કોઈએ બળ પ્રયોગથી ખોલેલ હોય તેવુ લાગેલ હતુ. તિજોરીમાં રાખેલ ૨ જોડ સોનાની બુટી, ૧ રુદ્રાક્ષનો સોનાનો પારો, એક સોનાનો દાણો, ૧ સોનાનું પેન્ડલ, ૨ જોડ સોનાની ભાલી, એક ચાંદીની લક્કી, એક ચાંદીનું નારીયેલ, એક ચાંદીનો સીક્કો મળી કુલ રૂ.૧,૭૩,૩૦૦ ના સોના-ચાંદીના ઘરેણા તથા રૂ. ૨ હજાર રોકડા જોવામાં આવેલ ન હતાં. જેથી કોઈ અજાણ્યો ચોર ઘરમાં ઘુસી સોના-ચાંદીના ઘરેણા તથા રોકડ રૂપિયાની ચોરી કરી નાસી છૂટતાં ફરિયાદ નોંધાવી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓએ બાદમાં બાજુમાં આવેલ કારખાનાના સીસીટીવી કેમેરા ચેક કરતાં તેમાં એક શખ્સ ઘરમાંથી ચોરી કરી નીકળતો હોય તેવું સામે આવ્યું હતું. બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુનો નોંધી તસ્કર બંસી હસમુખભાઈ રાજપરા(ઉ.વ.૨૨ રહે. શ્રીનાથજી સોસાયટી શેરી નંબર-૧૦ ના છેડે વિનાયકનહર શેરી નંબર-૦૯, મવડી રોડ, રાજકોટ)ની ધરપકડ કરી સોનાની બે બાલી, પેન્ડલ, રુદ્રાક્ષ પેન્ડલ, સોનાનો દાણો, ચાંદીનું નાળિયેર, ચાંદીની લકી સહીત રૂ. ૨૭,૩૦૦નો મુદ્દામાલ રિકવર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, માતાજીના માંડવામાં ભગત બનીને આવેલો બંસી ચોરીને અંજામ આપી નાસી ગયો હતો.

# રામનાથપરામાં મકાનમાંથી દારૂના જથ્થા સાથે યુવાન પકડાયો

**અબતક , રાજકોટ**

શહેરમાં દારૂ જુગાર ની પ્રવૃત્તિ કડક હાથે ડામી દેવા ના આદેશના પગલે પોલીસે દારૂનો વેપલો કરતા તત્વો પર ધોષ બોલાવી છે,આ અંગે પોલીસ માંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રામનાથ પરા માં દારૂ નો વેપલો થતો હોવાની બાકીના આધારે પોલીસે રેડ કરી રેણાક મકાનમાંથી દારૂના ચપલા સાથે એકને ઝડપી લીધો હતો .એ ડિવિઝન પોલીસમાં મથક ની હદમાં રામનાથ પરા શેરી નંબર ૭ ના ખૂણા પાસે રહેતા બિલાલ નજીર યુસુફી ના મકાનમાં પોલીસે રેડ કરી અલગ અલગ પ્રકારની દારૂની નાની બોટલ ચપલા ૧૨ નંગ અને ૪ અડદિયા મળી ૧૬ બોટલ વિદેશી દારૂ કિંમત રૂપિયા ૧૮૦૦ સાથે બિલાલને ઝડપી કોન્સ્ટેબલ વિજયભાઈ નકુમભાઈ મકવાણા એ ફરિયાદ નોંધાવી કેવી બોરીચાએ તપાસ હાથ ધરી છે.

# આઈપીએલમાં અનઓફિશિયલ છતાં ઓફિશિયલ જુગારે બેંકોને 'મૂંઝવી' દીધી!!

## ચાલુ વર્ષે ઈન્ડિયન પ્રીમિયર લિગમાં રૂ. ૮ લાખ કરોડથી વધુનો સટ્ટો રમાયો

**અબતક, રાજકોટ**

આઈપીએલ હવે ધનિક ઉદ્યોગપતિઓ માટે એક મોટો વ્યવસાય બની રહ્યો છે, નસીબ અજમાવવા ઈચ્છતા લોકો માટે જોખમી તક સ્વરૂપ બની રહ્યું છે પણ બેંક માટે એક દુઃસ્વપ્ન સમાન બની રહ્યું છે. રોઈટર્સના જણાવ્યા અનુસાર મુકેશ અંબાણી જાહેરાતકર્તાઓને ઈન્ડિયન પ્રીમિયર લીગ મેચ દરમિયાન પ્રેક્ષકો કેવી રીતે વર્તે છે, તેના મગજ-મેપિંગ અભ્યાસ ઓફર કરી રહ્યા છે. જેથી તેમના જૂથે દેશના સૌથી પ્રિય રમતના પ્રસારણ કરવા માટે ખર્ચેલા અબજો ડોલરમાંથી સૌથી વધુ આવક મેળવી શકાય. દરમિયાન બેંકો એક અલગ પ્રકારનું વિશ્લેષણ કરી રહી છે. તેઓ નાણાં પ્રવાહનો નકશો બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

વિશ્લેષકોના મતે બે મહિના લાંબી ક્રિકેટ લીગનો આ વર્ષે ફાઈનલ ૨૫ મેના રોજ છે. આઈપીએલ વાર્ષિક ૧૦૦ બિલિયન ડોલર એટલે કે રૂ. ૮ લાખ કરોડથી વધુનો જુગાર ભારતીયો રમી ચુક્યા છે. વિદેશમાં સ્થિત ઓનલાઈન બુકમેકર્સ ક્રિપ્ટોકરન્સી દ્વારા ભારતીયોને ગેરકાયદેસર એક્સેસ પ્રદાન કરે છે. તેઓ સ્થાનિક બેંકિંગ સિસ્ટમમાં મ્યુલ ખાતાઓનો પણ ઉપયોગ કરે છે. કાયદેસર જુગાર હવે સ્થાનિક કર ચૂકવે છે અને રૂપિયા-મૂળ બેંક થાપણો ધરાવતા ગ્રાહકોને સેવા આપે છે. જુગારનો વ્યવસાય હાલ નાનો છે, પરંતુ તે ઝડપથી વધી રહ્યો છે.

જુગાર રમવા માટે એક લોકપ્રિય માર્ગ ડ્રીમ ઈલેવન છે, જે એક સ્ટાર્ટઅપ છે જે લોકોને પોતાની કાલ્પનિક ટીમો બનાવવા અને અન્ય વપરાશકર્તાઓ સામે સ્પર્ધા કરવાની મંજૂરી આપે છે. પ્રોબો જેવા આગાહી બજારો વિવિધ વાસ્તવિક પરિણામોના વિકલ્પો પ્રદાન કરે છે. લોકો તેમના બેંક ખાતાઓમાંથી રોકડ ઉપાડીને અને તાત્કાલિક સટ્ટાબાજીની સાઈટ પર ક્રેડિટ કરીને વાસ્તવિક-નાણાંનો દાવ લગાવે છે.

હવે જુગારની આ પ્રવૃતિઓથી બેન્કિંગ સિસ્ટમ ભારે ખેંચતાણ અનુભવી રહી છે. ઉન્મત્ત પ્રવૃત્તિ ધિરાણકર્તાઓના આઈટી વિભાગો પર તાણ છે. મેચમાં ટ્રાનઝેક્શન ઝડપથી પૂર્ણ કરવામાં મદદ કરવા માટે તેઓએ ખાતરી કરવી પડશે કે ગ્રાહકોના પૈસા ભારતના યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) દ્વારા ગંતવ્ય બેંક સુધી પહોંચે જે ૬૦૦ થી વધુ સંસ્થાઓ દ્વારા શેર કરવામાં આવતી જાહેર ઉપયોગિતા છે. કાયદેસર સટ્ટાબાજી સાઈટ્સના ખાતા ધરાવતી બેંકો પર ગ્રાહકો દ્વારા દબાણ કરવામાં આવે છે કે તેઓ તેમના માર્ગે આવતા કોઈપણ ભંડોળને ચૂકી ન જાય અથવા તેઓ તેમના વ્યવસાયને બીજી સંસ્થામાં લઈ જશે.

### તાજેતરમાં ઠપ્પ થયેલી યુપીઆઈ સર્વિસ પણ સટ્ટાકીય પ્રવૃતિનું પરિણામ

તાજેતરમાં જ બે વાર યુપીઆઈ સિસ્ટમ ઠપ્પ થઇ ગઈ હતી જે સટ્ટાકીય પ્રવૃતિનું જ પરિણામ છે. ભારે ઝડપથી ડિજિટાઈઝેશનની તલવાર બંને રીતે કાપ મૂકે છે. છેલ્લા બે અઠવાડિયામાં વારંવાર સેવા આઉટેજથી પ્રભાવિત યુપીઆઈ નેટવર્કને જો જાહેર એકાધિકાર રહેવાનું હોય તો તેને વધુ મજબૂત બનાવવાની જરૂર પડશે.

### ચેક, ક્રેડિટ અને ડેબિટ કાર્ડ દ્વારા વ્યવહારોના ક્લિયરન્સ માટે સમય મળતો'તો

૨૦૧૬ માં યુપીઆઈના આગમન પહેલાં, ભારતીય બેંકો પાસે વિશ્વભરમાં ડેબિટ અને ક્રેડિટ રેકોર્ડ કરવા માટેનો બધો સમય હતો. જે તેમના પરિસરમાં સંગ્રહિત સર્વર પર ચાલતા હતા. બીજા શહેરમાં એક અલગ સંસ્થા પર લખેલા ચેકને ક્લિયર કરવામાં દિવસો લાગતા હતા. હવે સ્માર્ટફોન-આધારિત ટ્રાન્સફર તાત્કાલિક છે. બેંકોને અચાનક મધ્યસ્થીઓ પાસેથી ડેટાની સુનામીનો સામનો કરવો પડે છે જે ક્લાઉડમાં મોટાભાગનું કમ્પ્યુટિંગ કરે છે.

### દર મિનિટે થતાં હજારો વ્યવહારોમાં મની લોન્ડરીંગ અને ફ્રોડ અંગે ખરાઈ કેમ કરવી?

સરકાર વપરાશકર્તાઓ માટે નેટવર્ક મફત રાખવા માંગે છે, તેથી તે મધ્યસ્થીઓને કેટલાક પ્રોત્સાહનો આપે છે છતાં તે પૂરતા નથી. ઝડપી ગતિવાળા ઈનફ્લો અને આઉટફ્લોના સંપર્કમાં આવતી બેંકો તેમને ઓછી પ્રાથમિકતાવાળી પ્રવૃત્તિ તરીકે ગણી શકે તેમ નથી. મની લોન્ડરિંગ અને છેતરપિંડી દૂર કરવા અને વપરાશકર્તાઓના વાસ્તવિક ટ્રાન્સફરના અનુભવને સુધારવા માટે તેમને ભારે સમયનું રોકાણ કરવું પડે છે.

# છૂટક ભાવાંક ૩.૩૪ ટકા સાથે ૬ વર્ષના તળિયે!: ફુગાવો નથાતા વ્યાજદર વધુ ઘટશે!!!

## માર્ચ મહિનામાં જથ્થાબંધ ફુગાવો ઘટીને ૨.૦૫ થયો જે ૪ મહિનામાં સૌથી નીચું સ્તરઃ નવેમ્બરની શરૂઆતમાં ફુગાવાનો દર ૧.૮૯ ટકા હતો જ્યારે ફેબ્રુઆરીમાં ફુગાવાનો દર ૨.૩૮ ટકા હતો

**અબતક, નવી દિલ્હી**

રિટેલ ફુગાવાનો દર માર્ચ મહિનામાં ઘટીને ૩.૩૪ ટકા થયો હતો, જે છેલ્લાં છ વર્ષમાં સૌથી ઓછો છે. શાકભાજી, ઈંડા, પ્રોટિનથી ભરપૂર વસ્તુઓના ભાવ ઘટતા કુલ ફુગાવો ઘટ્યો હતો. મોંઘવારી ઘટતા રિઝર્વ બેન્ક તેની આગામી પોલિસી મીટિંગમાં સતત ત્રીજી વાર વ્યાજદર ઘટાડશે તેવી સંભાવના વધી છે. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારીત રિટેલ ફુગાવાનો દર માર્ચમાં ૩.૩૪ ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં ૪.૮૫ ટકા હતો અને ફેબ્રુઆરી-૨૫માં ૩.૬૧ ટકા હતો. ઓગસ્ટ ૨૦૧૯ પછીથી આ સૌથી નીચો ફુગાવો હતો. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસએ જાહેર કરેલા ડેટા અનુસાર ખાદ્યચીજોનો રિટેલ ફુગાવાનો દર માર્ચમાં માત્ર ૨.૬૯ ટકા રહ્યો હતો, જે ફેબ્રુઆરીમાં ૩.૭૫ ટકા અને ગત વર્ષે માર્ચમાં ૮.૫૨ ટકા હતો. શાકભાજીના ભાવ ૭.૦૪ ટકા ઘટ્યા હતા. કઠોળના ભાવ ૨.૭૩ ટકા ઘટ્યા હતા. મરી-મસાલાના ભાવ ૪.૯૨ ટકા ઘટ્યા હતા. ફળના ભાવ ૧૬.૨૭ ટકા વધ્યા હતા. શહેરી વિસ્તારોમાં રિટેલ ફુગાવાનો દર સાધારણ વધીને ૩.૪૩ ટકા રહ્યો હતો, જે ફેબ્રુઆરીમાં ૩.૩૨ ટકા હતો. ગ્રામીણ ક્ષેત્રોમાં રિટેલ ફુગાવાનો દર માર્ચમાં ૩.૨૫ ટકા રહ્યો હતો, જે ફેબ્રુઆરીમાં ૩.૭૯ ટકા હતો. ભૌગોલિક રીતે જોઈએ તો કેરળમાં સૌથી વધુ રિટેલ ફુગાવાનો દર (૬.૫૯ ટકા) રહ્યો હતો, જ્યારે તેલંગણામાં સૌથી ઓછો (૧.૦૬ ટકા) રહ્યો હતો.

હોલસેલ ભાવ આધારીત ફુગાવાનો દર પણ માર્ચમાં ઘટીને ૨.૦૫ ટકા થયો હતો, જે છેલ્લાં છ મહિનામાં સૌથી ઓછો છે. ફેબ્રુઆરી-૨૫માં ડબ્લ્યુપીઆઈ ફુગાવાનો દર ૨.૩૮ ટકા હતો, જ્યારે ગત વર્ષે માર્ચમાં ૦.૨૬ ટકા હતો. ખાદ્યચીજોનો હોલસેલ ભાવ આધારીત ફુગાવાનો દર ઘટીને ૧.૫૭ ટકા થયો હતો, જે ફેબ્રુઆરીમાં ૩.૩૮ ટકા હતો. શાકભાજીના ભાવ નોંધપાત્ર ૧૫.૮૮ ટકા ઘટ્યા હતા.ભારતમાં બે પ્રકારના ફુગાવા છે. એક છૂટક ફુગાવો અને બીજો જથ્થાબંધ ફુગાવો. છૂટક ફુગાવાનો દર સામાન્ય ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતા ભાવ પર આધારિત છે. તેને ગ્રાહક ભાવ સૂચકાંક પણ કહેવામાં આવે છે. તે જ સમયે, જથ્થાબંધ ભાવ સૂચકાંકનો અર્થ એ છે કે જથ્થાબંધ બજારમાં એક વેપારી બીજા વેપારી પાસેથી જે ભાવ વસૂલ કરે છે.

# આવક મર્યાદા વધારતા આરટીઈ હેઠળ આશરે ૪૫,૦૦૦ થી વધુ અરજીઓ આવીઃ એડમિશનનો પ્રથમ રાઉન્ડ ૨૮મીએ!

## ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ૧,૯૩૦ અરજીઓનો વધારોઃ હાલ યોજના હેઠળ કુલ ૯૩,૫૨૭ બેઠકો ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારે ખાનગી શાળાઓમાં ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને મફત શિક્ષણ આપવાની યોજના, એટલે કે શિક્ષણ અધિકાર (આરટીઈ) હેઠળ પ્રવેશ માટેની કેટલીક મહત્વની જાહેરાતો કરી છે. આ યોજના હેઠળ, ખાનગી શાળાઓ તેમની કુલ બેઠકોમાંથી ૨૫% બેઠકો આર્થિક રીતે નબળા પરિવારોના બાળકો માટે અનામત રાખે છે. ત્યારે તાજેતરમાં જ ગુજરાત સરકારે આવક મર્યાદામાં વધારો કર્યા બાદ અરજી માટે સમાપ્ત થયેલી અંતિમ તારીખ લંબાવ્યા પછી ખાનગી શાળાઓમાં શિક્ષણ અધિકાર (આરટીઈ) બેઠકોમાં પ્રવેશ માટે કુલ ૨,૩૭,૩૧૭ અરજીઓ સબમિટ કરવામાં આવી હતી.

શરૂઆતમાં, આરટીઈ હેઠળ પાત્રતા માટેની આવક મર્યાદા વાર્ષિક રૂ. ૧.૫ લાખ હતી, પરંતુ માર્ચમાં તેને વધારીને રૂ. ૬ લાખ કરવામાં આવી હતી, જેના કારણે વધારાના ૪૪,૯૯૪ અરજીઓ આવી હતી. આવક પાત્રતા મર્યાદામાં વધારા બાદ, ઓનલાઈન પોર્ટલ ફરીથી ખોલવામાં આવ્યું હતું, અને વિસ્તૃત સમયમર્યાદા ૯ એપ્રિલના રોજ સમાપ્ત થઈ હતી. હવે, જિલ્લા સ્તરના અધિકારીઓ બુધવાર સુધીમાં નવા સબમિટ કરાયેલા ફોર્મ માટે મંજૂરી અને અસ્વીકાર પ્રક્રિયા પૂર્ણ કરશે.

જે અરજદારોના ફોર્મ નકારવામાં આવ્યા છે તેમને ૨૩ એપ્રિલ સુધી કોઈપણ ખૂટતા દસ્તાવેજો સબમિટ કરવા માટે સમય આપવામાં આવશે. ત્યારબાદ, અંતિમ યાદી તૈયાર કરવામાં આવશે, અને પ્રવેશ ફાળવણીનો પ્રથમ રાઉન્ડ ૨૮ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે.ગયા વર્ષની સરખામણીમાં, જ્યારે રાજ્યભરમાં ૪૫,૦૦૦ RTE બેઠકો માટે લગભગ ૨.૩૫ લાખ ફોર્મ સબમિટ કરવામાં આવ્યા હતા, આ વર્ષે લગભગ ૧,૯૩૦ અરજીઓનો વધારો જોવા મળ્યો છે, જે સુધારેલા આવક માપદંડોને મજબૂત પ્રતિસાદનો સંકેત આપે છે.

# સાઉદી અરેબિયાએ પોર્ટલ બંધ કરતા ૪૨,૦૦૦ હજયાત્રીઓની અરજીઓ ઘોંચમાં!!!

## અરજીઓ રદ થતા મુસ્લિમ યાત્રાળુઓ અને સમુદાયના આગેવાનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હસ્તક્ષેપ કરવા કરી વિનંતી

**અબતક, રાજકોટ**

આ વર્ષે જૂનમાં યોજાનારી પવિત્ર હજ યાત્રા પર સંકટના વાદળો ઘેરાયા છે. લઘુમતી બાબતોના મંત્રાલયે તાજેતરમાં પુષ્ટિ કરી છે કે ૪૨,૦૦૦ જેટલા અરજદારો આ વર્ષે હજ કરી શકશે નહીં. આ સમાચાર સામે આવતા જ ઘણા મુસ્લિમ યાત્રાળુઓ અને સમુદાયના આગેવાનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ બાબતે હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી છે.

મંત્રાલય દ્વારા મંગળવારે એક્સ પર આપવામાં આવેલી માહિતી અનુસાર, હજ સમિતિ ઓફ ઈન્ડિયા દ્વારા ૧,૨૨,૫૧૮ યાત્રાળુઓ સાઉદી અરેબિયાની યાત્રા કરશે. જો કે, અગાઉ ખાનગી ટૂર ઓપરેટરો, જે સત્તાવાર રીતે કમ્બાઈન્ડ હજ ગ્રુપ ઓપરેટરો તરીકે ઓળખાય છે, તેમના દ્વારા બુક કરાયેલા ૫૨,૦૦૦ યાત્રાળુઓની હજ સ્લોટ સાઉદી સરકાર દ્વારા હજ પોર્ટલ બંધ કરી દેવામાં આવતા રદ કરવામાં આવી હતી. મંત્રાલયના હસ્તક્ષેપ બાદ સાઉદી અરેબિયાએ પોર્ટલ ફરીથી ખોલ્યું છે, પરંતુ દુઃખની વાત એ છે કે માત્ર ૧૦,૦૦૦ યાત્રાળુઓને જ મંજૂરી આપવામાં આવી છે.

આ ઘટનાને લઈ ચિંતા વ્યક્ત કરતા કોંગ્રેસના ધારાસભ્ય અમીન પટેલે જણાવ્યું હતું કે ઘણા યાત્રાળુઓએ રદ થવા અંગે મદદ માટે તેમનો સંપર્ક કર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, ''મેં ઘણા ટૂર ઓપરેટરો સાથે વાત કરી હતી જેમણે જણાવ્યું હતું કે તેમણે ત્રણ મહિના પહેલાં યાત્રાળુઓનું બુકિંગ કરાવ્યું હતું અને હવે તેઓ લાચાર છે.'' પટેલે વડાપ્રધાન મોદી અને અન્ય નેતાઓને અપીલ કરી છે કે તેઓ સાઉદીના ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરે, કારણ કે ૪૨,૦૦૦ એ એક મોટી સંખ્યા છે અને જો તેઓને ૨૦૨૬ માં હજ કરવાની મંજૂરી આપવામાં આવે તો પણ મોટો બેકલોગ સર્જાશે.

# પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા ૪૮૫૪ કલસ્ટરની રચના

## ત્રણ ગ્રામ પંચાયત દીઠ બે વ્યકિતઓને પ્રાકૃતિક ખેતી અંગે વિશેષ તાલીમ અપાશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ત્રણ ગામ દીઠ બે વ્યકિતઓને પ્રાકૃતિક કૃષિનું પ્રશિક્ષણ આપવાની જવાબદારી સોંપવામાં આવશે. બે વ્યકિતઓમાં એક કોમ્યુનિટી રિસર્ચ પર્સન હશે અને બીજી પ્રાકૃતિક કૃષિ સખી - મહિલા હશે. ગુજરાતમાં ત્રણ ગ્રામ પંચાયતોના એક કલસ્ટર લેખે ૪,૮૫૪ કલસ્ટર્સની રચના કરવામાં આવી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે રાજભવનમાં આયોજિત બેઠકમાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત હાથ ધરાયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્યપાલના અગ્ર સચિવ અશોક શર્મા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સંયુક્ત સચિવ પી. ડી. પલસાણા, કૃષિ નિયામક પ્રકાશ રબારી અને આત્માના નિયામક સંકેત જોશી ઉપસ્થિત રહ્યા હતા.



પ્રાકૃતિક કૃષિ યોગ્ય પદ્ધતિથી અને પૂરી પ્રમાણિકતાથી થાય તો ખૂબ સારું પરિણામ મળે છે. આ માટે યોગ્ય તાલીમ અત્યંત જરૂરી છે, એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ખેડૂતોને યોગ્ય અને અસરકારક તાલીમ મળે એ માટે તેમને તાલીમ આપનારા પ્રશિક્ષકોને પણ સમયાંતરે સઘન અને સુયોગ્ય તાલીમ મળતી રહે એ જરૂરી છે. પ્રાકૃતિક કૃષિ એ લોકોને જીવન આપનારું માનવતાનું કામ છે. એમ કહીને તેમણે કહ્યું કે પ્રાકૃતિક ખેતીનું કામ જ પૂજા છે.

ગુજરાતના તમામ શહેરો અને તાલુકા મથકોમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્રો શરૂ કરવા અને આ વેચાણ કેન્દ્ર પર પ્રમાણિત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો જ વેચાય તેની ચોકસાઈ રાખવા આ બેઠકમાં વિચાર-વિમર્શ કરાયો હતો.

# ખાતેદારની મંજૂરી વગર બેંક કેવી રીતે લોકર ખોલી શકે ?

**અબતક, રાજકોટ**

ઉતરાખંડની હાઈકોર્ટે બેંક ઓફ બરોડાને પૂછ્યું તે ખાતેદાર ની મંજૂરી વગર બેંક કોઈપણ લોકર કેવી રીતે ખોલી શકે? હાઈકોર્ટે બેંક ઓફ બરોડાને કહ્યું છે કે તેમના એવા નિયમો બતાવો જેનાથી બેંકના અધિકારીઓ ગ્રાહકની પરવાનગી વગર તેનું લોકર ખોલી શકે. આ કેસ સુશીલા દેવી નામના ૮૬ વર્ષના એક મહિલાની ફરિયાદના આધારે શરૂ થયો છે. તેમણે કહ્યું કે ૨૦૨૨માં તેમની જાણ વગર તેમનું લોકર ખોલવામાં આવ્યું હતું અને તેમાંથી દાગીના કાઢી લેવામાં આવ્યા હતા.સુશીલા દેવીના દીકરા અનૂપ કુમાર, જે લોકરમાં તેમના માતા સાથે ભાગીદાર છે, તેમને આ વાતની ખબર ત્યારે પડી જ્યારે તેઓ ગયા વર્ષે દેહરાદૂનમાં બેંક ઓફ બરોડાની શાખામાં ગયા હતા. બેંકના અધિકારીઓએ તેમને યોગ્ય જવાબ ન આપ્યો, એટલે તેમણે તેમની સામે પોલીસ ફરિયાદ નોંધાવી. અનૂપ કુમારે કહ્યું, ''મારી માતાએ લોકરમાં ૭૩૦ ગ્રામ સોનું અને ૯૫૦ ગ્રામ ચાંદીના દાગીના રાખ્યા હતા.'' કોર્ટે બેંકને પૂછ્યું છે કે તેઓ આ કિંમતી વસ્તુઓ ફરિયાદીને પાછી કેવી રીતે આપશે.

બેંક ઓફ બરોડાના એક કર્મચારીએ આ ફરિયાદ રદ કરવા માટે કોર્ટમાં અરજી કરી હતી. તેમનું નામ ફરિયાદમાં નહોતું, પણ તે સમયે તેઓ તે શાખામાં કામ કરતા હતા. તેમના વકીલે કહ્યું કે લોકર ધારકને ઘણી નોટિસ આપી અને યાદ દેવડાવવા છતાં જવાબ ન મળતા લોકર ખોલવામાં આવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે કિંમતી વસ્તુઓની યાદી બનાવવામાં આવી હતી અને બધું સીલ કરીને મુખ્ય ઓફિસમાં મોકલી દેવામાં આવ્યું છે.જો કે, લોકરના સહ-ભાગીદાર અનૂપ કુમારે કહ્યું કે તેમને બેંક તરફથી આવો કોઈ સંદેશ ક્યારેય મળ્યો નથી. વધુમાં જણાવ્યું કે ''જ્યારે મેં બેંક અધિકારીઓને નોટિસ અને પત્ર બતાવવાનું કહ્યું, ત્યારે તેઓએ કહ્યું કે તે કાગળો અને રજિસ્ટર પણ ખોવાઈ ગયા છે.'' તેમણે જણાવ્યું કે દાગીનામાં ૨૧ એવી વસ્તુઓ હતી જે ''ભાવનાત્મક રીતે અમૂલ્ય હતી, જેમાંની કેટલીક તો ૧૮૭૫ની પણ હતી.

કોર્ટની સુનાવણી દરમિયાન, જજ પંકજ પુરોહિતે બેંક ઓફ બરોડાના કર્મચારીના વકીલને કહ્યું કે બેંકના એ નિયમો રજૂ કરો જે મુજબ ખાતાધારક જવાબ ન આપે તો લોકર ખોલવાની મંજૂરી મળે છે.

# હીટવેવમાં શેકાયું ગુજરાતઃ કંડલા ૪૪.૬ ડિગ્રી, રાજકોટ ૪૨.૮ ડિગ્રી

## રાજયના ૧૦ શહેરોમાં પારો ૪૦ ડિગ્રીને પારઃ સવારના સમયે થોડી ઠંડકનો અહેસાસઃ અરવલ્લીમાં સામાન્ય છાંટા પણ પડયા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર ગુજરાત ફરી એકવાર હીટવેવમાં શેકાયું છે. કચ્છના કંડલા એરપોર્ટ પર મહત્તમ તાપમાનનો પારો ૪૪.૬ ડિગ્રીએ પહોંચી ગયો છે. રાજકોટ ૪૨.૮ ડિગ્રી સેલ્સીયસ તાપમાન સાથે રાજયનું બીજા નંબરનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. આજે સવારના સમયે વાતાવરણમાં થોડી ઠંડકનો અનુભવ થયો હતો. અરવલ્લી પંથકમાં સામાન્ય છાંટા પડયા હોવાના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યાં છે.ગુજરાતમાં ૧૭મી એપ્રિલ સુધી હિટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. આજે રાજયના કેટલાક શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને પાર થઈ જવાની પણ પ્રબળ સંભાવના જણાય રહી છે.આજે સવારે વાતાવરણમાં થોડો પલ્ટો જોવા મળ્યો હતો. ઠંડકનો અનુભવ થતો હતો આકાશમાં વાદળો છવાયા હતા. જો કે સૂર્યોદયની સાથે જ ગરમીનો અનુભવ થવા લાગ્યો હતો. મંગળવારે સૌરાષ્ટ્ર-કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં હીટવેવનો પ્રકોપ જોવા મળ્યો હતો. ઉત્તર ગુજરાતમાં અમદાવાદનું તાપમાન ૪૨.૩ ડિગ્રી, ડિસાનું તાપમાન ૪૧.૫ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૨.૩ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, દક્ષિણ ગુજરાતમાં વડોદરાનું તાપમાન ૩૯.૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૭ ડિગ્રી, દમણનું તાપમાન ૩૫ ડિગ્રી, કચ્છના ભુજનું તાપમાન ૪૧.૨ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૪.૩ ડિગ્રી, કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૫.૭ ડિગ્રી અને કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૪.૬ ડિગ્રી નોંધાયું હતું.સૌરાષ્ટ્રમાં અમરેલીનું તાપમાન ૪૨ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૪૦.૯ ડિગ્રી, દ્વારકાનું ૩૧.૮ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૨.૮ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૩.૮ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૨.૮ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૧.૮ ડિગ્રી, દિવનું તાપમાન ૩૭.૪ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૨.૫ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૮.૪ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૭.૨ ડિગ્રી સેલ્સીયશ નોંધાયું હતું.આજે પણ સુર્યનારાયણ લાલચોળ જ રહેશે. રાજયના કેટલાક શહેરોમાં તાપમાન ૪૫ ડિગ્રીને પાર થઈ જવાની શકયતા વ્યકત કરવામાં આવી છે. આજે સવારથી ગરમીનો અહેસાસ થવા માંડયો છે.

# શહેરી વિસ્તારમાં ૨.૮૩ લાખ લોકોએ ફક્ત એક જ પોલીસ સ્ટેશન !!!

## ગ્રામીણ વિસ્તારોમાં પોલીસ સ્ટેશનની દ્રષ્ટિએ ગુજરાત નવમા ક્રમેઃ સરેરાશ ૭૭,૩૪૪ લોકોએ એક પોલીસ સ્ટેશન !!

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં રહેતા શહેરીજનો માટે એક ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. એક તાજેતરના અહેવાલ મુજબ, ગુજરાતનું દરેક પોલીસ સ્ટેશન સરેરાશ ૨.૮૩ લાખ લોકોની વસ્તીની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા જાળવવાની જવાબદારી નિભાવે છે. 'ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ' દ્વારા જાહેર કરવામાં આવેલા આ તારણો દર્શાવે છે કે દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતની શહેરી વસ્તી તેના પોલીસ તંત્ર પર વધુ નિર્ભર છે. રાષ્ટ્રીય સ્તરે શહેરી વિસ્તારમાં એક પોલીસ સ્ટેશન પર સરેરાશ ૯૩,૧૦૭ લોકોનો બોજો હોય છે, જેની સામે ગુજરાતનો આ આંકડો લગભગ ત્રણ ગણો વધારે છે.

આ રિપોર્ટ અનુસાર, શહેરી વિસ્તારોમાં પોલીસ સ્ટેશન પર વસ્તીના ભારણની બાબતમાં કેરળ (૨.૩૦ લાખ લોકો) અને મહારાષ્ટ્ર (૨.૧૬ લાખ લોકો) ગુજરાત પછીના ક્રમે આવે છે. આ આંકડા શહેરો અને નગરોમાં વિવિધ રાજ્યો દ્વારા પોલીસ સેવાઓ કેવી રીતે પૂરી પાડવામાં આવે છે તેમાં રહેલા તીવ્ર વિરોધાભાસને ઉજાગર કરે છે.જો ગ્રામીણ વિસ્તારોની વાત કરીએ તો, ગુજરાતની સ્થિતિ થોડી સુધરેલી જોવા મળે છે. અહીં દરેક પોલીસ સ્ટેશન સરેરાશ ૭૭,૩૪૪ લોકોને સેવા આપે છે, જેના કારણે રાષ્ટ્રીય સ્તરે ગુજરાત નવમા ક્રમે આવે છે. જો કે, પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોની તુલનામાં આ આંકડો હજુ પણ ઘણો વધારે છે, જ્યાં ૩ લાખથી વધુ ગ્રામીણ વસ્તી માટે માત્ર એક પોલીસ સ્ટેશન છે. અરુણાચલ પ્રદેશ જેવા નાના રાજ્યમાં તો એક પોલીસ સ્ટેશન માત્ર ૮,૫૦૦ લોકોને સેવા આપે છે, જેની સામે ગુજરાતનો આ આંકડો ચિંતાજનક છે. જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં, આ વલણ દેશના નવ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જોવા મળ્યું હતું, જ્યાં પ્રતિ પોલીસ સ્ટેશન સરેરાશ શહેરી વસ્તી ૧ લાખને વટાવી ગઈ હતી.માત્ર વસ્તીનું ભારણ જ નહીં, પરંતુ પોલીસ સ્ટેશનોની સ્થાનિક ઉપલબ્ધતાની બાબતમાં પણ ગુજરાત પાછળ છે. ગ્રામીણ વિસ્તારોમાં, એક પોલીસ સ્ટેશન સરેરાશ ૩૯૮ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે, જે મોટા અને મધ્યમ કદના રાજ્યોમાં પાંચમું સૌથી ખરાબ પ્રદર્શન છે. આ બાબતમાં રાજસ્થાન સૌથી ખરાબ સ્થિતિમાં છે, જ્યાં દર ૬૪૭ ચોરસ કિલોમીટરે એક પોલીસ સ્ટેશન છે. ત્યારબાદ મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડ (૬૪૧) અને પશ્ચિમ બંગાળ (૪૦૨) આવે છે. શહેરી વિસ્તારોમાં પણ, ગુજરાતના પોલીસ સ્ટેશનો સરેરાશ ૬૦.૨ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે, જે કેરળ (૬૪.૯ ચોરસ કિલોમીટર) કરતાં થોડું સારું છે.રિપોર્ટમાં પોલીસ તાલીમ પર થતા ખર્ચ અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાતે વર્ષ ૨૦૨૦-૨૧માં પોલીસ તાલીમ માટે ફાળવેલા ૫૨.૫ કરોડ રૂપિયાના બજેટને ઘટાડીને ૨૦૨૧-૨૨માં ૪૮.૯ કરોડ રૂપિયા કરી દીધું હતું, જેમાંથી ૯૮.૭% ખર્ચાયો હતો. પ્રતિ વ્યકિત તાલીમ ખર્ચ માત્ર ૫,૪૭૬ રૂપિયા હતો, જે રાષ્ટ્રીય સરેરાશ ૮,૩૪૩ રૂપિયા કરતાં ઘણો ઓછો છે અને દેશમાં ચોથો સૌથી ઓછો છે. આ યાદીમાં પશ્ચિમ બંગાળ સૌથી નીચે છે, જે પ્રતિ વ્યક્તિ માત્ર ૧૨૫ રૂપિયા ખર્ચ કરે છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશ (૫,૩૭૩ રૂપિયા) અને આંધ્ર પ્રદેશ (૫,૪૩૦ રૂપિયા) આવે છે. પ્રતિ કર્મચારી તાલીમ પર સૌથી વધુ ખર્ચ બિહારમાં (૨૦,૫૩૦ રૂપિયા) નોંધાયો હતો.

જો કે, આ અહેવાલમાં એક સકારાત્મક બાબત એ છે કે ગુજરાત પોલીસ દળમાં મહિલા પ્રતિનિધિત્વની સ્થિતિ અન્ય રાજ્યોની તુલનામાં સારી છે. કોન્સ્ટેબલ સ્તરે, ગુજરાતના દરેક પોલીસ સ્ટેશનમાં સરેરાશ ૧૫.૩ મહિલા કોન્સ્ટેબલ છે, જ્યારે જાન્યુઆરી ૨૦૨૩ સુધીમાં રાષ્ટ્રીય સરેરાશ ૧૦.૯ હતી. આમ છતાં, પોલીસ સ્ટેશનો પર વસ્તીનું વધુ પડતું ભારણ અને તાલીમ ખર્ચમાં ઘટાડો જેવા મુદ્દાઓ ગુજરાતના પોલીસ તંત્ર સામે ગંભીર પડકારો ઊભા કરે છે, જેના પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે.

# યાજ્ઞિક રોડ બંધ કરાતા ભારે અફરાતફરી: ટ્રાફિક જામની સમસ્યા

## એસ.ટી. બસ જાગનાથ વિસ્તારમાંથી નીકળતા વાહનચાલકો હેરાન પરેશાન

**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં.૭માં સર્વેશ્વર ચોક વિસ્તારમાં વોંકળાના બાંધકામ માટે આજથી યાજ્ઞિક રોડ આંશિક બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે સવારથી ભારે અફરાતફરી મચી જવા પામી હતી. ઠેર-ઠેર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય હતી. એસ.ટી. બસ જાગનાથ વિસ્તારમાંથી નીકળતા વાહન ચાલકો હેરાન-પરેશાન થઇ ગયા હતા. હજુ ચાર મહિના સુધી આ પ્રકારની હાલાકી વેઠવી પડશે.

દોઢેક વર્ષ પહેલા ગણેશ મહોત્સવ દરમિયાન સર્વેશ્વર ચોકમાં વોંકળા પરનો સ્લેબ ધરાશાયી થવાની ઘટના બની હતી. જેમાં એક વ્યક્તિનું મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટના બાદ કોર્પોરેશને સર્વેશ્વર ચોકના વોંકળો નવો બનાવવાનો નિર્ણય લીધો હતો. જેનું કામ ચાલી રહ્યું છે. યાજ્ઞિક રોડ પર કામ શરૂ કરવાનું હોય સર્વેશ્વર ચોકથી બંને તરફ ૫૦-૫૦ મીટરનો યાજ્ઞિક રોડ આજથી વાહન ચાલકો માટે બંધ કરી દેવામાં આવ્યો છે. જેના


તસ્વીર: શૈલેષ વાડોલીયા

કારણે ભારે અફરાતફરી મચી જવા પામી છે. ડાયવર્ઝનની ખબર ન હોવાના કારણે કેટલાક વાહનચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. એસ.ટી.ની અનેક બસો આજે જાગનાથ વિસ્તારમાં ઘૂસી ગઇ હતી. જાગનાથની મોટાભાગની શેરીઓ પ્રમાણમાં ખૂબ જ નાની છે. સામસામે બે મોટરકાર પણ નીકળી શકતી નથી. આવામાં એસ.ટી.ની બસો અહિંથી પસાર થતાં લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

સામાન્ય દિવસોમાં પણ યાજ્ઞિક રોડ પર દિવસ દરમિયાન અનેકવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી રહે છે.

આવામાં સર્વેશ્વર ચોક પાસે ૧૦૦ મીટર જેટલો યાજ્ઞિક રોડ આજથી ચાર મહિના માટે વાહનચાલકો માટે બંધ કરી દેવામાં આવ્યો છે. અલગ-અલગ રસ્તા પર ડાયવર્ઝન ચોક્કસ આપવામાં આવ્યા છે પરંતુ જાગનાથની મોટાભાગની ગલીઓ સાંકળી હોવાના કારણે પ્રથમ દિવસથી જ ટ્રાફિક જામની સમસ્યા સર્જાવાનું શરૂ થઇ ગયું છે.

# બામણબોર જીઆઇડીસીમાં દુર્ગા પ્લાસ્ટિક ઇન્ડસ્ટ્રીમાં ભીષણ આગ

### શોર્ટ સર્કિટથી આગ લાગ્યાનું પ્રાથમિક તારણ, ૨૫ થી ૩૦ લાખ રૂપીયાનું નુકસાન થયાનો અંદાજ

**અબ તક, રાજકોટ**

રાજકોટ ચોટીલા ધોરી માર્ગ પર આવેલા બામણબોર જીઆઇડીસી વિસ્તારમાં આવેલા દુર્ગા પ્લાસ્ટિક નામના કારખાનામાં આજે બપોરના સુમારે આગ ભભૂકતા આ બનાવની જાણ ફાયર ફાઈટરને થતા ઘટના સ્થળે દોડી જય પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. અને આગનું કારણ જાણવા તેમજ આગથી મોટું નુકસાની થયાનું બહાર આવ્યું છે આ આગથી દૂર દૂર સુધી આકાશમાં ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા હતા અને આસપાસના વિસ્તારમાં અફડાતફડી જેવો માહોલ જોવા મળ્યો હતો.

વધુ વિગત મુજબ બામણબોર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી દુર્ગા પ્લાસ્ટિક નામની ઈન્ડસ્ટ્રીઝમાં આજે બપોરના કોઈ કારણસર આગ ભભૂકી હતી જે બનાવની જાણ રાજકોટ ફાયર બ્રિગેડના થતા બે ફાયર ફાઈટર સાથે સ્ટાફ દોડી જય પાણીનો મારો



### ફાયર બ્રિગેડના સ્ટાફ દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો, મોટી જાનહાની ટળી

ચલાવી આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો તે જ આસપાસના કારખાના ને આગથી નુકસાન ન થાય તે માટે ફાયર બ્રિગેડ ની દ્વારા સમય સૂચકતા વાપરી અને આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પૂર્વે આગ પર કાબુ મેળવવામા આવી હતી.બનાવની જાણ એરપોર્ટ પોલીસ મથકના ' થતા સ્ટાફ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતો પીજીવીસીએલના સ્ટાફ સહિતની ટીમો દોડી ગઈ હતી. પીજીવીસીએલ ના સ્ટાફ દ્વારા વીજ પ્રવાહને બંધ કરવામાં આવ્યો હતો આગ શોટ સર્કિટના કારણે લાગે હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ લાગી હોવાનું બહાર આવ્યું છે તેમજ આશરે ૨૫ થી ૩૦ લાખ રૂપિયાનું નુકસાન થયાનું જાણવા મળેલ છે.જ્યારે એફ એસ એલ દ્વારા આગનું કારણ જાણવા તેમજ નુકસાની જાણવા માટે પ્રયાસ હાથ ધર્યો હતો. સમયસર આગ કાબુમાં આવતા મોટી જાનાની ટળી હતી. આગ સમયસર કાબુમાં આવતા કંપનીના સંચાલક સ્ટાફ તેમજ ફાયર બ્રિગેડના સ્ટાફ દ્વારા રાહતનો શ્વાસ લીધો હતો ।

# કોટડા સાંગાણીના અનિડા વાછરા ગામે ટ્રેકટરે બાઈકને ઠોકરે લેતા યુવકનું મોત

**રાજકોટ, અબતક**

માર્ગ અકસ્માત ની ઘટનાઓ કાબુમાં લેવા માર્ગ સલામતી સપ્તાહ અને જાગૃતિ ના કાર્યક્રમ વચ્ચે અકસ્માતો માં દરરોજ અનેક આશાસ્પદ જીવન હોમાઈ રહ્યા છે માર્ગ અકસ્માતો ની અલગ અલગ ઘટનામાં બે યુવાનોના મોત થયા હતા.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ કાલાવડ તાલુકા પોલીસ મથકની હદમાં આવેલ ગુંદા ગામ પાસે બાઈક લઈને જતા નિર્મળ ભાઈ જયંતીભાઈ વાઘેલા અને તેના મિત્ર મયુરભાઈ દિનેશભાઈ વાઘેલા અનિડા વાછરા વાળાની બાઈકને ટ્રેક્ટર એ ઠોકરે ચડાવતા સર્જાયેલા અકસ્માતમાં બંને મિત્રો ને ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા ગંભીર ઈજાના કારણે નિર્મળભાઈ જયંતીભાઈ વાઘેલા ૨૦નું સારવાર પૂર્વે જ મૃત્યુ થયું હતું જ્યારે મયુર દિનેશભાઈ વાઘેલા ૨૦ ને સર્જરી વિભાગમાં દાખલ કરેલ છે મરનાર નિર્મળ ભાઈ ખેતી કામ કરી ગુજરાન ચલાવે છે અને તે અપરણિત હોવાનું જાણવા મળે છે જીવલેણ અકસ્માતની અન્ય ઘટનામાં કુવાડવા પોલીસ મથકની હદમાં

### પડધરીથી ગુંદા મોબાઈલનું બેલેન્સ કરાવવા જતા યુવકનું બાઈક સ્લીપ થઈ જતા પ્રાણ પંખેરૂ ઉડી ગયું

આવેલ ગુંદા ગામ પાસે થી બાઈક લઈને પસાર થઈ રહેલ કાળુસિંહ રહે પડધરી ગુંદા ગામે મોબાઈલ રિચાર્જ કરાવવા જતો હતો ત્યારે અકસ્માતે બાઈક સ્લીપ થઈ જતા બેભાન અવસ્થામાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા સારવાર મળે તે પહેલાં યુવકનું મોત નીપજ્યું હતું.

કાલુસિંઘ (૪૦) મનસુખભાઈ ની વાડીએ થી ગુંદા ગામે બેલેન્સ કરવા જતા હતા કાળુસિંહ નેત્રણ દીકરા એક દીકરી છે અને તે રાજસ્થાનના વતની છે.

# જસ્ટિસ બીઆર ગવઈ દેશના 52માં મુખ્ય ન્યાયાધીશ બનશે

### ૧૪ મેએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમને મુખ્ય ન્યાયધીશ પદના શપથ લેવડાવશે: બીઆર ગવઈનો કાર્યકાળ છ મહિનાનો રહેશે

**અબતક, નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ખન્ના ૧૩ મે, ૨૦૨૫ ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. જસ્ટિસ ગવઈ દેશના ૫૨મા મુખ્ય ન્યાયાધીશ બનશે, તેમનો કાર્યકાળ ૬ મહિનાનો રહેશે.

જસ્ટિસ ખન્ના પછી આગામી સીજેઆઈ તરીકે જસ્ટિસ ભૂષણ રામકૃષ્ણ ગવઈનું નામ પણ ચર્ચામાં હતું.

મે મહિનામાં સીજેઆઈ બન્યા બાદ જસ્ટિસ ગવઈ પણ આગામી ૬ મહિનામાં નિવૃત્ત થશે. સુપ્રીમ કોર્ટની સત્તાવાર વેબસાઇટ અનુસાર, ૧૬ માર્ચ, ૧૯૮૫ના રોજ કાયદાકીય કારકિર્દી શરૂ કરનારા જસ્ટિસ ગવઈ ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ નિવૃત્ત થવાના છે. તેમના પછી જસ્ટિસ



સૂર્યકાંત આ પદ સંભાળી શકે તેવી શક્યતાઓ છે.

ઉલ્લેખનીય છે કે, જસ્ટિસ બીઆર ગવઈ ભારતના ૫૨મા મુખ્ય ન્યાયાધીશ બનવા જઈ રહ્યા છે. ૧૪ મેના રોજ શપથ લેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેમને પદના શપથ લેવડાવશે.ભારતના મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ બુધવારે સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ જસ્ટિસ બીઆર ગવઈને તેમના અનુગામી તરીકે ભલામણ કરી. બીઆર ગવઈનો જન્મ ૨૪ નવેમ્બર ૧૯૬૦ના રોજ અમરાવતીમાં થયો હતો. તેઓ ૧૬ માર્ચ ૧૯૮૫ના રોજ બારમાં જોડાયા હતા. સીજેઆઈ જસ્ટિસ સંજીવ ખન્નાએ નવેમ્બર ૨૦૨૪માં સીજેઆઈ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.

# બીલીપત્ર પ્લોટમાંથી પોણા લાખની મતા ઉઠાવી જનાર તસ્કર પરિવાર ઝડપાયો

### વનરાક સાડમીયા, ભરત સાડમીયા, બંનેની પત્ની અને બહેન મળી કુલ પાંચની રૂ.૩૫ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ

**અબતક, રાજકોટ**

શહેરના રૈયા ગામ નજીક આવેલ બિલીપત્ર પ્લોટ ખાતેથી હેલોજન સહિત પોણા લાખની મતા ઉઠાવી જનાર તસ્કર પરિવારની યુનિવર્સિટી પોલીસે ધરપકડ કરી છે. વનરાજ સાડમીયા, ભરત સાડમીયા, બંનેની પત્ની તેમજ બહેન મળી કુલ પાંચ શખ્સોની રૂ. ૩૫ હજારના મુદ્દા માલ સાથે પોલીસે ધરપકડ કરી ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

ચોરીની ઘટનામાં આ અંગે પોલીસ માંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રૈયા ગામ વસંત મલ્હાર ફ્લેટની સામે આવેલ બીલીપત્ર પાર્ટી પ્લોટમાંથી અજાણ્યા શખ્સોંએ રૂ. ૫૫ હજારની કિંમતની ૨૨ હેલોજન લાઇટ, લોખંડના ગોળા ફ્રિજ કમ્પ્રેસર સબમર્સીબલ પંપની પેનલ બોભાઈ વાયર બંડલ મળી રૂ. ૭૧,૫૦૦ ની મતા ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે બીલીપત્ર પાર્ટી પ્લોટના કર્મચારી રીતવભાઈ પરસોતમભાઈ પીપળીયા પટેલએ અજાણ્યા તસ્કરો સામે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં યુનિવર્સિટી પોલીસ મથકના પી.આઈ. એચ એન પટેલના માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફ પીએસઆઈ વી જી ડોડીયા તથા સર્વેલન્સ સ્કવોડના કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન હેડ કોન્સ્ટેબલ વીરદેવસિંહ જાડેજા, કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજા, વનરાજભાઈ લાવડીયા અને મૈસુરભાઈ કુંભારવાડીયાને ખાનગી રહે બાતમી મળેલ હતી કે બીલીપત્ર પ્લોટ ખાતે થયેલ ચોરીના આરોપીઓ મુદ્દામાલ સાથે ગંગોત્રી પાર્ક મેઈન રોડ ઉપર હાજર છે. જે બાતમીના આધારે યુનિવર્સિટી પોલીસે બાતમીવાળા સ્થળેથી વનરાજ ઉર્ફે પોઠીયો લાલજીભાઈ સાડમિયા (રહે હાલ મેટોડા), ભરત ઉર્ફે લંગડો લાલજીભાઈ સાડમિયા (રહે રૈયાગામ મફતિયા પરા), બંનેની પત્ની તેમજ બહેન મળી કુલ પાંચ શખ્સોની રૂ. ૩૫,૫૦૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે વનરાજ વિરુદ્ધ અગાઉ ચોરી સહિતના અલગ અલગ નવ ગુના નોંધાઈ ચૂક્યા છે.

# બાબરા જમીન કૌભાંડની ફરિયાદ રદ્દ કરવાની મહેસુલી અધિકારીની અરજી ફગાવી દેવાઈ

### સરકારી જમીનને ખાનગી માલિકીની બતાવી હડપ કરી જવાનાં કાવતરામાં તત્કાલીન મામલતદાર અને સર્કલ ઇન્સ્પેક્ટરની સંડોવણી ખુલી'તી

**અબતક,રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૪ માં અમરેલી જિલ્લામાં મહેસૂલ રેકોર્ડમાં ખોટી એન્ટ્રીઓ પાડી સરકારી જમીન હડપ કરવા માટે કાવતરું ઘડવા, બનાવટી દસ્તાવેજો બનાવવા અને તેનો ખરા દસ્તાવેજો તરીકે ઉપયોગ કરવા મામલે બે મહેસૂલ અધિકારીઓ અને અન્ય નવ લોકો સામે નોંધાયેલી એફઆઈઆર રદ કરવાનો ઈનકાર કર્યો હતો.

૨૦૧૮ માં મામલતદારે બાબરા પોલીસ સ્ટેશનમાં સરકારી જમીન હડપ કરવાના કાવતરા મામલે એફઆઈઆર નોંધાવી હતી. તપાસમાં ઈ-ધારા પ્રોજેક્ટના તત્કાલીન સર્કલ ઈન્સ્પેક્ટર લાલજીભાઈ ચાવડા અને તત્કાલીન મામલતદાર ઘનશ્યામ રોકડ સંડોવણી બહાર આવી હતી.

તેઓએ કથિત રીતે મૃત બચુ ભવાનનું નામ ગામના મહેસૂલ રેકોર્ડમાં નામનો ઉમેરો કરી દીધો હતો અને ત્યારબાદ રેવન્યુ રેકોર્ડમાં તેમના કાનૂની વારસદારોની એન્ટ્રી પણ પાડી દેવામાં આવી હતી. આમ સરકારી જમીનને ખાનગી માલિકીનું દર્શાવી પચાવી પાડવાનું કાવતરું ઘડવામાં આવ્યું હોય તેવી ફરિયાદ બાબરા પોલીસમાં મામલતદારે નોંધાવી હતી. જેમાં બે મહેસુલી અધિકારી સહીત કુલ ૧૧ શખ્સોંની સંડોવણી ખુલવા પામી હતી.

મામલામાં આરોપી બનેલા બંને અધિકારીઓએ એફઆઈઆર રદ કરવાની માંગ હાઈકોર્ટ સમક્ષ કરી હતી. બંનેએ દાવો કર્યો હતો કે, તેઓએ રેવ્યુ રેકોર્ડમાં એન્ટ્રીઓનું પરિવર્તન કરવામાં ફક્ત વિવિધ સરકારી પરિપત્રો અને માર્ગદર્શિકાનું પાલન કર્યું હતું. ૨૦૦૪માં ભવાનનું નામ મહેસૂલ રેકોર્ડમાં નોંધાયેલું હતું અને તેમણે ફક્ત તેમના વારસદારોની નોંધોમાં જ ફેરફાર કર્યા હતા.

જોકે, સરકારી વકીલે આને મહેસૂલ રેકોર્ડમાં બનાવટી એન્ટ્રીઓ પાડવાનો મામલો ગણાવ્યો હતો. જેથી સરકારી જમીનને ખાનગી માલિકીની દર્શાવી ખેલ પાડી હડપ કરવાનું કૌભાંડ ગણાવવામાં આવ્યું હતું. સરકારે મહેસૂલ અધિકારીઓ પર ગુજરાતમાં મહેસૂલ રેકોર્ડની કોમ્પ્યુટરાઈઝ્ડ સિસ્ટમનો લાભ લેવાનો અને ૨૦૦૪માં એક મૃતકના પુત્રનું નામ દાખલ કરીને તેનું નામ બદલવા માટે બનાવટી મેન્યુઅલ ગામ ફોર્મ નં. ૭/૧૨ તૈયાર કરવાનો આરોપ લગાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સરકારી જમીન જેના નામે વર્ષ ૨૦૦૪માં ચડાવી દેવામાં આવી હતી તે ભવાનનું વર્ષ ૧૯૯૧માં અવસાન થઈ ગયું હતું. કેસની સુનાવણી કર્યા પછી ન્યાયાધીશ જે. સી. દોશીએ જણાવ્યું હતું કે, સરકારની જમીન હડપ કરવા માટે તમામ આરોપીઓ દ્વારા રચવામાં આવેલું વ્યવસ્થિત કાવતરું હોય તેવું લાગે છે. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, હાલના કેસમાં બનાવટી કાગળો બનાવવા અને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરવાના આરોપો એટલે કે જમીનનો સ્રોત લીધા વિના અને ટ્રાન્સફર કર્યા વિના ગામ ફોર્મ નં. ૭/૧૨ ની મેન્યુઅલ તૈયારીમાં નામનો ઉમેરો કરી સરકારી જમીન હડપ થઈ ગઈ, તે પ્રથમ દ્રષ્ટિએ રેકોર્ડ પર સ્થાપિત થયેલ છે. આ અવલોકનના આધારે હાઈકોર્ટએ એફઆઈઆર રદ્દ કરવાની અરજી ફગાવી દીધી હતી.

# જેલમાં પાકા કામના કેદીએ દવાનો ઓવરડોઝ લીધો

**અબતક રાજકોટ**

રાજકોટમાં સેન્ટ્રલ જેલ પોપટ પરા માં ભરણ પોષણ કેસ માં પાકા કામના કેદી તરીકે કામના જેલમાં રહેલા યુવાન ને અડધી બેભાન અવસ્થામાં સિવિલમાં ખસેડવામાં આવતા સમયસરની સારવારથી કેદીનો જીવ બચી ગયો હતો

સેન્ટ્રલ જેલમાં ભરણપોષણના પાકા કામના કેદી રાધેશ્યામ અશોકભાઈ રાજદેવ ગઈકાલે સાંજ ના સુમારે તેની બેરકમાં અર્ધ બેભાન અવસ્થામાં મોઢામાં ફીણ નીકળતી હાલતમાં જોવા મળતા બેરકમાં રહેલા સાથી કેદીઓએ જેલ મેનેજમેન્ટ ને આ અંગેની જાણ કરતા જેલ સુબેદાર અવિનાશ સિંહ એ રાધે શ્યામ રાજદેવ ને સિવિલમાં દાખલ કરવામાં આવતા સમયસર સારવારથી જીવ બચી ગયો હતો અને તબીબો એ ભયમુક્ત જાહેર કર્યો છે

# સોમનાથ દર્શન- નડાબેટ સહિતના સ્થળો માટે એસી વોલ્વો બસમાં વિશેષ ટુર પેકેજનો પ્રારંભ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ રાજ્યના નાગરિકોને આરામદાયક ટુર પેકેજ ઉપલબ્ધ કરાવવા પ્રવાસન નિગમ અને જીએસઆરટીસી દ્વારા મહત્વપૂર્ણ પહેલ

**વડનગર તાનારીરી એક્સપ્રેસ અને મોઢેરા સૂર્ય મંદિર**

અમદાવાદથી સવારે ૯:૦૦ કલાકે ઉપડી, ૧૧:૧૫ કલાકે વડનગર અને ૫:૩૦ વાગ્યે મોઢેરા પહોંચશે.

*ભાડું*: પ્રતિ વ્યક્તિ રૂ. ૧૧૦૦.

*સમાવેશ*: નડાબેટ સીમા દર્શન, વડનગર ખાતે નવનિર્મિત મ્યુઝિયમ, તાનારીરી, હાટકેશ્વર મંદિર, કીર્તિ તોરણ, પ્રેરણા સ્કૂલ અને મોઢેરા સૂર્ય મંદિર ખાતે લાઈટ-સાઉન્ડ શોની મુલાકાત. ગાઈડની વ્યવસ્થા.

**અબતક, રાજકોટ**

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ પ્રવાસન વિભાગના મંત્રી મુળુભાઈ બેરા તેમજ વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનથી ગુજરાત પ્રવાસન નિગમ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને સોમનાથ ટ્રસ્ટના સહિયારા પ્રયાસથી રાજ્યના નાગરિકો-પ્રવાસીઓ માટે દેશના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ દર્શન તેમજ નડાબેટ, વડનગર અને મોઢેરા માટે વિશેષ ટુર પેકેજની શરૂઆત કરવા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સકારાત્મક નિર્ણયથી રાજ્યના પ્રવાસીઓને ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોની અફોર્ડેબલ અને આરામદાયક મુલાકાતનો લાભ મળશે.

રાજ્ય સરકારના આ પ્રયાસથી પ્રવાસીઓને ગુજરાતના ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળોની દર્શન/મુલાકાતનો લાભ આરામદાયક અને ઈકોનોમી ભાવે મળશે.

વધુ માહિતી અને એડવાન્સ ઓનલાઈન ટિકિટ બુકિંગ માટે GSRTCની વેબસાઈટ www.gsrtc.inની મુલાકાત લો.

તા.૨૮મી એપ્રિલ-૨૦૨૪થી રાણીપ, અમદાવાદથી નિયમિત ધોરણે સવારે ૬:૦૦ કલાકે અધ્યતન એ.સી. વોલ્વો બસ ઉપડી, બપોરે ૪:૦૦ કલાકે સોમનાથ પહોંચશે અને બીજા દિવસે પરત ફરશે.

તમામ ટુર પેકેજમાં ભોજન (લંચ, બ્રેકફાસ્ટ, ચા-પાણી, ડિનર) અને અન્ય વ્યકિતગત ખર્ચ પ્રવાસીએ જાતે ભોગવવાનો રહેશે.

**૧. પેકેજ વિગત:**

બે દિવસ/એક રાત્રિનું પેકેજ, પ્રતિ વ્યક્તિ રૂ. ૪ હજાર (સિંગલ શેરિંગ) અને રૂ. ૭૦૫૦(ડબલ શેરિંગ હોટેલ રૂમ સહિત).

**૨. સમાવેશ:**

GSRTCની અધ્યતન એ.સી. વોલ્વો બસમાં પ્રવાસ, હોટેલ રોકાણ, સોમનાથ ખાતે લાઈટ-સાઉન્ડ શો તેમજ સોમનાથ ખાતેના દર્શનિય સ્થળો મ્યુઝિયમ, ત્રિવેણી સંગમ આરતી, ભાલકા તીર્થ, રામ મંદિર, ગીતા મંદિરની મુલાકાત. બીજા દિવસે બપોરે રામ મંદિર ખાતે કોમ્પ્લિમેન્ટરી પ્રસાદની સગવડ.

**૩. વધારાની સુવિધા:**

સોમનાથ ખાતે અગત્યના સ્થળોની જાણકારી માટે ગાઈડની વ્યવસ્થા.

# સહકાર ભારતી અને આરબીઆઈના ડાયરેક્ટરે રાજકોટ માર્કેટીંગ યાર્ડની લીધી મુલાકાત

## સહકાર ભારતીના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય જોશી અને ડાયરેક્ટર ડ્રાઈવર સંજય પાંચપોરને માર્કેટ યાર્ડની પ્રાથમિક માહિતી આપી સહકારી પ્રવુતિ વિશે તેઓને અવગત કરતા ચેરમેન જયેશ બોઘરા

**અબતક રાજકોટ**

રાજકોટ માર્કેટિંગ યાર્ડ એ રાજકોટ શહેરનું એક મોટું અને મહત્વનું કૃષિ બજાર છે. તે ગુજરાતના સૌથી મોટા અને વ્યસ્ત કૃષિ બજારોમાંનું એક છે. અહીં કપાસ, ઘઉં, જીરું, મગફળી, ડુંગળી, શાકભાજી અને અન્ય કૃષિ ઉત્પાદનોની મોટા પાયે ખરીદી અને વેચાણ થાય છે.આ યાર્ડ ખેડૂતોને તેમના ઉત્પાદનો વેચવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડે છે.

કૃષિ ઉત્પાદનોના વેપારીઓ માટે પણ આ એક મોટું કેન્દ્ર છે.





રાજકોટ તેમની વેબસાઈટ અને અન્ય માધ્યમો દ્વારા વિવિધ પાકોના રોજના ભાવની માહિતી પૂરી પાડે છે.રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો અને વેપારીઓ માટે ઘણી સુવિધાઓ ઉપલબ્ધ છે, પાકને ઉતારવા અને સંગ્રહ કરવા માટે જગ્યા, હરાજી માટે પ્લેટફોર્મ, વેપારીઓ માટે દુકાનો અને ઓફિસો,વજન અને માપણીની બેંકિંગ સુવિધાઓ, ,વાહન પાર્કિંગ પીવાના પાણી અને સ્વચ્છતાની સુવિધા પૂરી પાડવામાં આવે છે સહકાર ભારતીના રાષ્ટ્રીય અધ્યક્ષ ઉદય જોશીજી તથા રાષ્ટ્રીય સંગઠન મંત્રીશ્રી સંજય પાંચપોરજી, તેમજ આર.બી.આઈ.ના સેન્ટ્રલ બોર્ડમાં સ્થાન ધરાવતાં ડાયરેક્ટરી સતીશ મરાઠેજી દ્વારા રાજકોટ માર્કેટયાર્ડની મુલાકાત લેવામાં આવી હતી.મુલાકાત દરમ્યાન ચેરમેનનો જયેશભાઈ બોધરા દ્વારા તેઓનું શાલ ઓઢાડીને સન્માન કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

ચેરમેન દ્વારા રાજકોટ માર્કેટયાર્ડ વિશેની પ્રાથમિક માહિતી આપી અને માર્કેટયાર્ડ દ્વારા કરવામાં આવતી સહકારી પ્રવુતિ વિશે તેઓને અવગત કરાવવામાં આવ્યા હતા. સભ્યનીઓએ પણ રાજકોટ માર્કેટયાર્ડની સહકાર ભારતીએ સમગ્ર ભારતના સહકારીક્ષેત્રમાં કાર્યરત અખિલ ભારતીય સંગઠન છે.

હાલમાં તે ૨૮ રાજ્યના ૬૫૦ જીલ્લાઓમાં કાર્યરત છે. વિના સહકાર નહી ઉદ્ધાર'' એ સહકાર ભારતીનો મૂળમંત્ર છે.

# વોર્ડ નં.૭માં આંગણવાડીનાં ભૂલકાઓ સાથે ભાજપ અગ્રણીઓએ કર્યો 'આનંદ'

## ભાજપના સ્થાપના દિન નિમિતે વિવિધ સેવાકાર્યો હાથ ધરાયા ભૂલકાઓને ચોકલેટ-વેફર સહિતનો નાસ્તો કરાવાયો

**અબતક,રાજકોટ**

ભારતીય જનતા પાર્ટી ના સ્થાપના દિવસ તા. ૬ એપ્રિલ ના ઉજવણી કાર્યક્રમ અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપ ની સુચના મુજબ શહેર ભાજપ ના માર્ગદર્શન થી દરેક વોર્ડમાં વિવિધ પ્રકલ્પો સાથે ઉજવણી કરવામાં આવી હતી.

જે અંતર્ગત વોર્ડ નં. ૭ ના ભાજપ સંગઠન ટીમ દ્વારા તા. ૬ થી ૧૨ સુધી વોર્ડ માં મંદિર, સ્કૂલ અને જાહેર સ્થળોએ સફાઈ કાર્યક્રમ, આંગણવાડી ના બાળકોને ચોકલેટ, બીસ્કીટ, વેફર જેવા વિવિધ નાસ્તા અને ચંપલ વિતરણ ના કાર્યક્રમ, શકિતકેન્દ્ અને બુથ વાઈઝ વિસ્તારવાસી સાથે ચોપાલ બેઠક, જુના જનસંઘી, મિસાવાસી, કારસેવક, ડોડા સત્યાગ્રહી, કાશ્મીર યાત્રિકો અને ભુતપૂર્વ કોર્પોરેટરઓ, પ્રમુખ મહામંત્રી ઓ, વડિલ કાર્યકર્તાઓનું શાલ ઓઢાડી ને સન્માન



નો કાર્યક્રમ યોજાયો સરકારની વિવિધ યોજના ના લાભાર્થી સાથે મુલાકાત અને સામાજિક, વેપારી, ધાર્મિક આગેવાનો અને સંગઠનના જુના વરિષ્ઠ આગેવાનો ના નિવાસસ્થાને તેમની સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

આ દરેક કાર્યક્રમમાં શહેર ભાજપ ના આગેવાનો, કોર્પોરેટરઓ, દેવાંગભાઈમાંકડ ,નેહલભાઈ શુક્લ,જયશ્રીબેન ચાવડા, વર્ષાબેન પાંધી, શહેર ભાજપ કોષધ્યક્ષ મયુરભાઈ શાહ,વોર્ડ નાં પ્રભારી શૈલેષભાઈ હાપલીયા, પ્રમુખ વિશાલભાઈ માંડલીયા, મહામંત્રી દિપકભાઈ પારેખ હોદેદારો અને કાર્યકરો દરેક કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને દરેક કાર્યક્રમ સફળ બનાવ્યા હતા.

શહેર ભાજપના માર્ગદર્શન થી દરેક કાર્યક્રમ સફળતાપૂર્વક કરવા બદલ શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, ધારાસભ્ય રમેશભાઈ ટીલારા, ડો. દર્શિતાબેન શાહ અને કાર્યક્રમના ઈન્ચાર્જ રાજદીપસિંહ જાડેજા અને પુજાબેન પટેલ એ વોર્ડ નં. ૭ ની પુરી સંગઠન ટીમને અભિનંદન પાઠવ્યા છેઃ

# સોની યુવા સોશિયલ ટ્રસ્ટ આયોજીત ન્યુરો સર્જન કેમ્પનો અનેક દર્દીઓએ લાભ લીધો

## ડોકટરોએ માથાની ઈજા, મગજની ગાંઠો, માથાનો દુઃખાવો મનોશારીરિક રોગ અંગે માર્ગદર્શન આપ્યું

**અબતક, રાજકોટ**

સોની યુવા સોશિયલ ટ્રસ્ટ દ્વારા આયોજીત ન્યુરો સર્જન કેમ્પમાં કરોડરજ્જુ નો દુખાવો, માથાની ઈજા, મગજની ગાંઠો, માથાનો દુખાવો, લકવો, આંચકી, મણકાનો દુખાવો, મનોશારીરિક રોગ તથા નસનો રોગ પરિક્ષણ તેમજ યોગ્ય નિદાન તથા માર્ગદર્શન આપવામાં આવેલ

''જેમાં વિનામુલ્યે ડોક્ટર દ્વારા દર્દીઓ ની તપાસ કરવામાં આવી હતી.

ડો.હેમાંગભાઈ વસાવડા (મધુરમ હોસ્પિટલ- એ તથા રાજકોટ ડો. પ્રિયંકભાઈ વસાવડા સેવા આપી હતી. આ કેમ્પમાં મહેમાન તરીકે તરીકે ડો હેમાંગભાઈ વસાવડા પ્રભુદાસભાઈ પારેખ શિલ્પા જવેલર્સ ભાયાભાઈ



સાહોલીયા પ્રમુખ રાજકોટ ગોલ્ડ એશોશિયન સંજયભાઈ વાગડીયા પર્વ મેટલ તથા સોની સમાજ અગ્રણી અરવિંદભાઈ પાટડીયા કનુભાઈ પાટડીયા જે.કે પાટડીયા મુકેશભાઈ ઝેવરી વિગેરે સમાજ નાં અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

આ ન્યુરો સર્જન કેમ્પ આયોજન માં જીજ્ઞેશ વાગડીયા શૈલેષભાઈ પાટડીયા કેતનભાઈ પાટડીયા રવિકાન્તભાઈ વાગડીયા ભાવીનભાઈ વાગડીયા પ્રશાંતભાઈ વાગડીયા શોભનભાઈ પારેખ હિતેશભાઈ વાગડીયા પરેશભાઈ પાટડીયા નિલેશભાઈ જડીયા અનિલભાઈ આડેસરા કમલેશભાઈ પાટડીયા દિપકભાઈ કરચલિયા હરેશભાઈ ભુવા હોદ્દેદારો તથા મહિલા પ્રમુખ હસ્મિતાબેન પાટડીયા તથા કમિટી મેમ્બર કલ્પેશભાઈ પાટડીયા વિજયભાઈ પાટડીયા હિતેનભાઈ પાટડીયા મિલનભાઈ આડેસરા રવિભાઈ પાટડીયા તથા પ્રિતીબેન રાણપરા વિગેરે હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

# સરદારનગરમાં ધીરગુરુદેવના સાનિધ્યમાં શુક્રવારે સમુહ આયંબિલ અને પ્રવચન

## વડીલવંદના - વૃધ્ધાશ્રમના નિર્માતા અશ્વિન પંચમીયાનું સન્માન કરવામાં આવ્યું

**અબતક, રાજકોટ**

શાલીભદ્ર સરદારનગર સ્થાનકવાસી જૈન સંઘ રાજકોટ ખાતે ધીરગુરુદેવ તથા પ્રવચન પ્રભાવક ભાનુબાઈ મ.સ. આદિ ઠાણાની નિશ્રામાં ચારિત્ર જયેષ્ઠા બા.બ્ર. પૂ. સમરતબાઈ મ.સ.ની ૨૨મી પુણ્યતિથિએ સ્મૃતિ સંવેદના પ્રવચન સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે અને ૯ કલાકે સમુહ ભકતામર પાઠ યોજાશે.

જયારે બપોરે ૧૧.૪૫ કલાકે સમુહ આયંબિલ તપનું આયોજન છે. તા. ૧૭ને ગુરુવારે સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૬ માં સંઘની ઓફીસમાંથી આયંબીલના પાસ મેળવી લેવા જરુરી છે.

સમરતબાઈ મ.સ. એ ૧૪



વર્ષની વયે જામનગરમાં આચાર્ય જશાજી સ્વામીના પરિવારમાં દીક્ષા અંગીકાર કરેલ, છેલ્લા ઘણા વર્ષો સુધી ૧૩ પ્રહલાદ પ્લોટ ઉપાશ્રયે બિરાજમાન હતા. ૯૪ વર્ષની ઉંમરે ૮૦ વર્ષના દીક્ષા પર્યાય સહિત કાળધર્મ પામ્યા હતા.

વડાલમાં વડીલ વંદના વૃધ્ધાશ્રમના નિર્માતા અશ્વીનભાઈ પંચમીયાનું સન્માન જીતુભાઈ બેનાણી, જયેન્દ્રભાઈ દામાણી, હરેશભાઈ વોરાના હસ્તે કરાયું હતું.

## સ્વામીનારાયણ ગુરુકુળ ખાતે

# સ્ટોરી ટેલિંગ-ડીબેટ સ્પર્ધામાં ભૂલકાઓએ ભાષા કુશળતાનો પરિચય આપ્યો

## નર્સરી અને કે.જી. ના વિદ્યાર્થીઓ માટે આત્મ વિશ્વાસ, અભિવ્યકિતના વિકાસ માટે સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું

**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ ગુરુકુલ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે નર્સરી અને કે.જી. વિભાગમાં નાનકડમાં ભુલકાઓ માટે સ્ટોરી ટેલીંગ અને ડિબેટ સ્પાર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ બાળકોમાં આત્મવિશ્વાસ, ભાષા કુશળતા અને અભિવ્યકિત શકિતનો વિકાસ હતો. જેમાં ભુલકાઓએ ખુબ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.

સ્ટોરી ટેલીંગ સ્પર્ધામાં ભુલકાઓએ તેમની મનપસંદ વાર્તાઓ ખુબ જ આનંદપૂર્વક રજુ કરી. કેટલાક ભુલકાઓએ પોતાની જાતે તો કોઈએ બોધકથાની વિવિધ




વાર્તાઓમાંથી પસંદગી કરી જે તે પાત્રની વેષભુષા ધારણ કરીને તેમની કાલીઘેલી ભાષામાં રજુ કરી હતી. તો કેટલાક બાળકોને પ્રચલિત વાર્તાઓને પોતાને અંદાજે રજુ કરી. જે જોઈને હાજર તમામ શિક્ષકો ખુશ થયા. જયારે ડિબેટ સ્પર્કામાં પણ નાની ઉમરના બાળકોના અભિપ્રાય વ્યકત કરવાનો આત્મ વિશ્વાસ પ્રસંશનીય રહ્યો. ડિબેટ કરવાની કળા બાળકોમાં ઉચ્ચ ક્રમની વિચારસરણી પોષીને કૌશલ્યમાં સુધારો કરે છે. બાળકોએ સમર સિઝન વર્સીસ વિન્ટર સિઝન તથા હેલ્ધી ફુડ સર્વીસ જંક ફુડ જેવા વિષયને આવરીને નિર્ધારીત સમયમાં તેમના વિચાર પ્રસ્તુત કર્યા હતા. આ બન્ને સ્પર્ધામાં વિષય સામગ્રી, પ્રસ્તુતિકરણ, સમય વ્યવસ્થાપન અને આત્મવિશ્વાસ જેવા પાસાઓને ધ્યાનમાં રાખીને નિર્ણાયકો દ્વારા વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધાઓનું સફળ આયોજન સ્વામીનારાયણ ગુરુકુલના સંતો, શૈક્ષણિક નિયામક શ્રીકાંત તન્નાના માર્ગદર્શનમાં શાળાના સમર્પિત શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બીજા તબક્કાની પરીક્ષાનો પ્રારંભઃ ૫૪૫૩૭ વિધાર્થીઓ નોંધાયા

## બીએ રેગ્યુલર સેમ.૪માં ૧૭૧૦૮ અને એક્સટર્નલ સેમ.૪માં ૨૭૦૧ વિદ્યાર્થીઓ જ્યારે બી.કોમ. રેગ્યુલર સેમ.૪માં ૧૬૧૧૬ અને બી.કોમ. એક્સટર્નલ સેમ.૪માં ૪૯૨ પરીક્ષા આપશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આજથી સ્નાતક અને અનુસ્નાતકના ૫૪૫૩૭ વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઈ છે ત્યારે આ પરીક્ષા દરમિયાન ગેરરીતિ અટકાવવા માટે પરીક્ષા વિભાગ દ્વારા કડક નિયમો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં જે કોલેજો પરથી પરીક્ષા લેવામાં આવનાર છે ત્યાં સીસીટીવી ફરજિયાત હોવા જોઈએ અને તે પોતાની માલિકીના હોવા જરૂરી છે. આ સાથે જ સીસીટીવી કેમેરાને જે ડીવીઆર સાથે જોડેલા છે તે ડીવીઆરની ઈન્ટરનેટ કનેક્ટિવિટી ૧૦ એમબીપીએસ અથવા તેથી વધુ ક્ષમતાવાળી બેન્ડ વિથ રાખવાની રહેશે. ઉપરાંત પરીક્ષા શરૂ થાય ત્યારથી ૧ માસ સુધીનુ સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ ફરજિયાત છે. જેથી કહી શકાય કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો પરીક્ષા વિભાગ ગેરરિતી ડામવા માટે એક્શન મોડમાં આવી



ગઈ છે.એટલે કે તીસરી આંખની નિગરાણી હેઠળ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે.

આજથી શરૂ થનારી પરીક્ષામાં સ્નાતક સેમેસ્ટર -૪ અને અનુસ્નાતક સેમેસ્ટર - ૨ ના વિદ્યાર્થીઓની પરીક્ષા આપી રહ્યા છે. જેમાં ૧૮૦ કેન્દ્રો ઉપરથી ૩૨ કોર્સના ૫૪૫૩૭ વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૦ દિવસ સુધી આપશે. જેમાં બીએ રેગ્યુલર સેમ.૪માં ૧૭૧૦૮ અને એક્સટર્નલ સેમ.૪માં ૨૭૦૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે બી.કોમ. રેગ્યુલર સેમ.૪માં ૧૬૧૧૬ અને બી.કોમ. એક્સટર્નલ સેમ.૪માં ૪૯૨ છાત્રો નોંધાયા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇન્ચાર્જ પરીક્ષા નિયામક ડો. મનિષ શાહ દ્વારા જાહેર કરવામાં આવેલા પરિપત્રમાં તમામ ભવનોનાં અધ્યક્ષો તથા સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાનના આચાર્ય/ટ્રસ્ટીઓ જોગ જણાવવામાં આવ્યુ છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી દરેક પરીક્ષાઓમાં તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા રાખવા ફરજીયાત છે. સીસીટીવી કેમેરાનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે લાઈવ મોનીટરીંગ થઈ શકે તે માટે કોલેજમાં જે વર્ગખંડોમાં પરીક્ષા લેવાતી હોય તેમના સીસીટીવી કેમેરાને જે ડીવીઆર સાથે જોડેલા છે તે ડીવીઆર ની ઈન્ટરનેટ કનેક્ટિવિટી હોવી જોઈએ.

# સામાજીક ન્યાયના શિલ્પી ડો. આંબેડકરને શ્રદ્ધાંજલી પાઠવતું રાજકોટ રેલવે ડિવિઝન


**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝન દ્વારા ભારત રત્ન ડો. બી. આર. આંબેડકરની ૧૩૪મી જન્મજયંતિની ઉજવણી રાજકોટમાં આવેલ ઓફિસર્સ ક્લબના પરિસરમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમની અધ્યક્ષતા રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર કૌશલ કુમાર ચૌબેએ કરી હતી. એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર ચૌબેએ ડો. આંબેડકરના ચિત્રને માળા પહેરાવીને અને દીપ પ્રગટાવીને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે બોલતા, ચૌબેએ ભારતીય બંધારણના ઘડવૈયા ડો. આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને બંધારણ ને ઘડવામાં તેમના અપ્રતિમ યોગદાનને યાદ કર્યું. આ પ્રસંગે રાજકોટ ડિવિઝન દ્વારા રેલ્વે કર્મચારીઓ માટે 'ડોબી.આર. આંબેડકરઃ ભારતમાં સામાજિક ન્યાયના શિલ્પી' વિષય પર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.વિજેતાઓને એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી



ચૌબે દ્વારા ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર એ.યુ. સોલંકી, વિવિધ વિભાગોના વરિષ્ઠ રેલવે અધિકારીઓ, ટ્રેડ યુનિયનો, એસસી. એસટી અને ઓબીસી સંગઠનોના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ હાજર રહ્યા હતા અને બાબા સાહેબના વિચારો પર વિચાર-મંથન કર્યું હતું

# વોર્ડ નં.૧૮માં ડામર કામનો આરંભ કરાવતા કોર્પોરેટરો



**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૮માં આવેલ રામેશ્વર સોસાયટી, ખોડલધામ રેસિડેન્સી તથા ઈશ્વર પાર્કમાં ડામર કામનો શુભારંભ વોર્ડ નં.૧૮ના કોર્પોરેટરઓ દ્વારા કરાવવામાં આવેલ.

આ મેટલીંગ કામના શુભારંભ કાર્યક્રમમાં કોર્પોરેટર સંજયસિંહ રાણા, દક્ષાબેન વાઘેલા, વોર્ડ પ્રમુખ અનિલભાઈ દોંગા, વોર્ડ મહામંત્રી મીતેશભાઈ બોરીચા, મુન્નાભાઈ જોગરાણા, કાળુભાઈ સરપંચ, દિનેશભાઈ લીંબાસીયા, નટુભાઈ વાઘેલા, પંકજભાઈ દોંગા, બાબુભાઈ સખીયા, સુરેશભાઈ ગોલતર, અનિલભાઈ જોશી, માલતિબેન ચાવડા, સોનલબેન સોમૈયા, ભારતીબેન ગજેરા, કલ્પેશભાઈ બામટા, સંજયભાઈ બારસીયા, નીલેશભાઈ સોલંકી, પીયુષભાઈ ટોપીયા, સંસ્કાર પટેલ, રજુભાઈ કોઠીયા, બ્રિજેશભાઈ વરસાણી, વિજયભાઈ સિરોયા, દીપ ખૂંટ, અજયભાઈ બામટા, નિલેશભાઈ ગજેરા, પંકજ ખૂંટ, પ્રદીપભાઈ આસોદરીયા, અનીલભાઈ ઢાઢાણી તેમજ વિસ્તારના આગેવાનો ઉપસ્થિત રહેલ.

## સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત

# તંદુરસ્ત જીવનશૈલી અપનાવો મેદસ્વિતા દુર ભગાવો

### સ્થૂળતાના નિવારણ માટે તાજા શાકભાજી, ફળો, ફાઈબરયુક્ત અને ઓછી ચરબીવાળો ખોરાક લઈ નિયમિત કસરત, યોગ, ચાલવું-દોડવું ફાયદાકારક



**અબતક, રાજકોટ**

આધુનિક જીવનશૈલી અને ખાનપાનની આદતોના કારણે બેઠાડુ જીવન જીવનારા લોકો વધી રહ્યા છે. બેઠાડુ જીવનના લીધે શરીર ભારે થવાના કારણે સ્થૂળતા એટલે કે મેદસ્વિતા વધી રહી છે. જો મેદસ્વિતા બાબતે કાળજી રાખવામાં ન આવે, તો આવા લોકો અન્ય અનેક રોગોમાં સપડાય તેવી સંભાવના છે. આથી, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ફિટ ઈન્ડિયા માટે યોગાભ્યાસ, ખેલકૂદ, પરિશ્રમ તથા વ્યાયામને મહત્વ આપ્યું છે. આ ઉપરાંત, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રેડિયો વાર્તાલાપ 'મન કી બાત'ના એપિસોડમાં મેદસ્વિતા સામે પ્રજાને જાગૃત કરવાની અપીલ કરી છે. જેને ધ્યાને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન કાર્યરત કર્યું છે. જેમાં રાજ્ય સરકાર પહેલું સુખ તે જાતે નર્યા એ કહેવતને ચરિતાર્થ કરવા નાગરિકોને સ્વાસ્થ્યની જાગૃતિ તથા મેદસ્વિતાના નિયંત્રણ માટે પ્રેરિત કરી રહી છે. ત્યારે આપણે મેદસ્વિતા અંગે સામાન્ય સમજ કેળવીએ અને સ્થૂળતા દૂર કરીને તંદુરસ્ત થવાનો પ્રયત્ન કરીએ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ના જણાવ્યા અનુસાર મેદસ્વીપણાને અસામાન્ય કે વધુ પડતી ચરબીના સંચય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. કોઈ પણ વ્યક્તિની સ્થૂળતા વર્ગીકૃત કરવા માટે બોડી માસ ઈન્ડેક્સ નો આધાર લેવામાં આવે છે. ૨૫ કે તેથી વધુના બી.એમ.આઈ.ને વધુ વજનવાળા અને ૩૦ કે તેથી વધુના બી.એમ.આઈ.ને મેદસ્વિતા તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. બી.એમ.આઈ. શોધવા માટે વ્યક્તિનું વજન (કિલોગ્રામ)ને તે વ્યક્તિની ઊંચાઈ (મીટર)ના વર્ગ વડે વિભાજિત કરવાનું હોય છે. જંક ફૂડ, તળેલો ખોરાક, વધુ ગળ્યો આહાર અને ફાસ્ટ ફૂડનું વધતુ સેવન અસંતુલિત આહાર આદતો, વ્યાયામ, કસરતનો અભાવ થાઈરોઈડ અને ડાયાબિટીસ જેવી હોર્મોનલ કુટુંબીજનોમાં સ્થૂળતા હોય તો પેઢી દર પેઢી સુધી અસર અનિયમિત અને અપૂરતી ઊંઘ અને માનસિક તણાવ '' સ્થૂળતાના પરિણામે હૃદયરોગ, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, થાક, શ્વાસ લેવામાં તકલીફ, સાંધાના દુ:ખાવા અને ડીપ્રેશનની બીમારી થવાની શક્યતા રહે છે, સ્થૂળતાના નિયંત્રણ અને નિવારણ માટે તાજા શાકભાજી, ફળો, ફાઈબરયુક્ત અને ઓછી ચરબીવાળો ખોરાક લેવો જોઈએ. નિયમિત કસરત, યોગ, ચાલવું-દોડવું ફાયદાકારક રહે છે.દરરોજ ઓછામાં ઓછી સાત-આઠ કલાક ઊંઘ લેવી જરૂરી છે.ધ્યાન, યોગ અને હળવી પ્રવૃત્તિઓ થકી સ્ટ્રેસ ઘટાડવું જોઈએ.

# કલ્યાણપુરના ભોપાલકામાં જૂની અદાવતમાં વૃદ્ધની નિર્મમ હત્યા

### મહિલા સહિતના શખ્સો દ્વારા જીવલેણ હુમલો: મોત નિપજતા બનાવ હત્યામાં પલ્ટાયો

**અબતક, મેહુલ લાલ, ભાટીયા**

કલ્યાણપુર તાલુકાના ભોપલકા ગામે ગતરાત્રે કોઈ કારણોસર ૬૦ વર્ષીય વૃધ્ધની બોથડ પદાર્થ ફટકારીને ઘાતકી હત્યા થયાનો બનાવ સામે આવ્યો છે. જે સંદર્ભે પોલીસે ગુનો નોંધી, હત્યારાની શોધખોળ હાથ ધરી છે.

આ સમગ્ર બનાવની જાણવા મળતી વિગત મુજબ ભાટીયા થી આશરે ૨૦ કિમી દૂર ભોપલકા ગામે રહેતા દેવરામ વાલાભાઈ સોનગરા નામના આશરે ૬૦ વર્ષના સતવારા વૃધ્ધને ગત રાત્રે કોઈ શખ્સોએ બોથડ પદાર્થના બેફામ ઘા મારતાં તેમનું લોહી લુહાણ હાલતમાં કરુણ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ થતાં સ્થાનિક પી.એસ.આઈ. યુ.બી. અખેડ તેમજ દ્વારકાના ડીવાયએસપી સાગર રાઠોડની ટીમ તાકીદે ઘટના સ્થળે દોડી ગઈ હતી. આ પ્રકરણમાં કલ્યાણપુર પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. ત્યારે હત્યારાને ઝડપી લેવા કલ્યાણપુર પોલીસ સાથે એલસીબી અને એસઓજીની ટીમ પણ જોડાય છે. બનાવના ચર્ચાતા કારણમાં તેમની વાડીમાં જીરુંનો ભાગ બળી જતા આ અંગે મૃતક દેવરામભાઈ સોનગરાને આરોપી શખ્સ ઉપર શંકા હતી કે આ પાક આરોપીએ ઝેરી દવા છાંટીને બાળી નાખ્યો હતો. તેના કારણે અણબનાવની અદાવતથી હત્યા નીપજાવવામાં આવી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. સાથે આ હત્યાના પ્રકરણમાં નજીકના કોઈ સંબંધી સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે. હત્યાના આ બનાવે નાના એવા ભોપલકા ગામમાં ભારે ચર્ચા પ્રસરાવી છે. હત્યાના બનાવનો ભેદ ઉકેલવા કલ્યાણપુરના પી.એસ.આઈ. ઉષાબેન અખેડ તેમજ તેમની ટીમ દ્વારા વિવિધ દિશાઓમાં તપાસ શરૂ કરવામાં આવી છે.

# મુન્દ્રા: ધ્રબ સીમ વિસ્તારમાં રૂ.૯૫ લાખની સરકારી જમીન કરાઈ ખુલ્લી

### હોટેલ, દુકાનો અને વાડાઓ પર ફર્યુ બુલડોઝર



**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

મુન્દ્રા તાલુકાના ધ્રબ ગામના સીમ વિસ્તારમા ટ્રા.સ. નં ૧૬૯ પૈકીના વિસ્તારમાં ગેરકાયદેસર દબાણ તોડીને અંદાજે ૯૫ લાખ ૭૦ હજારની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. કચ્છમાં સરકારી જમીન ઉપર અનઅધિકૃત દબાણ હટાવવાની ઝુંબેશ અંતર્ગત કચ્છ જિલ્લા કલેકટર આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ અને મુન્દ્રા પ્રાંત અધિકારી બી.એચ.ઝાલાના સુપરવિઝન હેઠળ મામલતદાર કે.એસ. ગોંદિયા અને વહીવટીતંત્રની ટીમ દ્વારા દબાણ હટાવવાની કાર્યવાહી ધ્રબ સીમ વિસ્તારમાં હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી હેઠળ કુલ સાત સ્થળોએ ગેરકાયદેસર રીતે સરકારી જમીન ઉપર બાંધવામાં આવેલી હોટેલ, દુકાનો અને વાડાઓને દૂર કરવામાં આવ્યા હતા. મુન્દ્રાના ધ્રબ સીમ વિસ્તારમા ટ્રા.સ. નં ૧૬૯ પૈકી સરકારી પડતર જમીન પર કોમર્શિયલ રીતે ગેરકાયદેસર દબાણને વહીવટીતંત્ર દ્વારા દૂર કરીને અંદાજિત કુલ ૯૫,૭૦,૦૦૦ રકમની ૧૪૫૦ ચો.મી સરકારી જમીનને ખુલ્લી કરાવવામાં આવી હતી તેમ પ્રાંત અધિકારી બી.એચ.ઝાલાએ જણાવેલ છે.

# લોધીકા: રાવકી ગામે કારખાનાની ઓરડીમાં શ્રમિકનો આપઘાત

**અબતક રાજકોટ**

રાજકોટ પંથકમાં ગળે ફાંસો ખાઈ આપઘાતના બે બનાવો નોંધાયા છે આ અંગે પ્રાપ્ત વિગતોમુજબ લોધીકા તાલુકાના રાવકી ગામે ચેતના ઈન્ડસ્ટ્રીઝ માં કામ કરતો અને કારખાના ની ઓરડીમાં જ રહેતા મૂળ ઉત્તર પ્રદેશના અમન કુમાર દિનેશ કુમાર ગૌતમ(૨૨) તે ગઈકાલે બપોરે ઓરડીમાં જ ગળે ફાંસો ખાઈ લેતા મૃત હાલતમાં સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો અપરણિત યુવક અમન કુમારે આ પગલું શા માટે ભર્યું? તે અંગે લોધીકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ, વિપુલ ગુજરાતીએ તપાસ હાથ ધરી છે ગળે ફાસો ખાય જીવાદોરી ટૂંકાવવાના અન્ય બનાવમાં જસદણના ગઢડીયા ગામે રહેતા અને એકલવાયું જીવન જીવતા કાળુભાઈ છગનભાઈ ઝીંઝુવાડીયા (૩૪) એ પોતાના ઘરે ફાંસો ખાઈ લે જીવા દોરી ટૂંકાવી લીધી હતી પ્રાથમિક તપાસમાં મરનાર કાળુભાઈ અપરણિત હોય એકલવાયું જીવનને બીમારીથી કંટાળી આ પગલુ ભરી લીધું હોવાનું જસદણ એએસઆઈ એચબી ચૌધરી ની પ્રાથમિક તપાસમાં કારણ જાણવા મળ્યું છે

### જસદણના ગઢડિયા ગામે એકલતાથી કંટાળી યુવાને જીવાદોરી ટૂંકાવી

# ભાડુઆતની તરફેણમાં અને મકાન માલિક વિરૂધ્ધ કાયમી મનાઈ હુકમ ફરમાવ્યો

### સિલ્વર ચેમ્બર નજીક માઉન્ટ મીડિયા તથા પારેખ એન્ટરપ્રાઈઝની પેઢી દ્વારા સ્ટેશનરી અને પ્રિન્ટીંગ ધંધો કરતા

**અબતક, રાજકોટ**

શહેરના ટાગોર રોડની મિલ્કત બાબતે ૨૮ વર્ષથી ભાડુઆત દરજ્જે રહેલા ધંધાર્થીના મિલકતના હાલના માલિક સામેના દાવામાં અદાલતે ભાડુઆતની તરફેણમાં અને મકાન માલિક વિરૂધ્ધ કાયમી મનાઈહુકમ ફરમાવ્યો છે.

રાજકોટમાં ટાગોરરોડ ઉપર આવેલ સિલ્વર ચેમ્બર નજીક આલોક દયાશંકર અગ્રવાલની મિલ્કતમાં માઉન્ટ મીડિયા તથા પારેખ એન્ટરપ્રાઈઝની પેઢીના માલિક હિતેન્દ્રભાઈ પારેખ ભાડુઆત દરજ્જે ધારણ કરી સ્ટેશનરી અને પ્રિન્ટીંગ ધંધો કરતા હોય, ભુતકાળમાં જે તે મિલ્કતમાં વાદી પારેખ એજન્સી તથા પારેખ એન્ટરપ્રાઈઝના નામથી કામ કરતા હતા અને હાલમાં તેઓ માઉન્ટ મીડિયા તથા પારેખ એન્ટરપ્રાઈઝના નામથી કામ કરે છે. સદરહુ મિલ્કતમાં હિતેન્દ્ર પારેખ ૧૯૯૭થી ભાડુઆત તરીકેનું સ્ટેટસ ધારણ કરતા હોય અને ભુતકાળમાં તેના માલિક જવાહરલાલ બી. વાઘર હતા. તેઓને નિયમિત રીતે ભાડું ચુકવવામાં આવતું હતું, જે તે મિલકત આલોક દયાશંકર અગ્રવાલે ૧૯૯૫માં ખરીદ કરી માલિક બનેલ. દરમિયાન ભાડુઆત સિવાયના વ્યક્તિને જોડી દાવો ૨૦૦૩માં દાખલ કર્યો હતો. જે દાવો આલોક અગ્રવાલે ૨૦૧૭માં પરત ખેંચી લીધો હતો.

ત્યારબાદ વાદી હિતેન્દ્ર પારેખે પ્રતિવાદી આલોક દયાશંકર અગ્રવાલને ભાડું ચુકવેલ પરંતુ તેની પહોંચની ડિમાન્ડ કરતા પ્રતિવાદી મકાન માલીકે પોલીસમાં ફરીયાદ દાખલ કરેલ, જે ફરીયાદ અનુસંધાને પોલીસે કબ્જો છોડાવવા માટે વાદીને ધમકાવવાનો પ્રયાસ કરતા ભાડુઆત હિતેન્દ્ર પારેખે રાજકોટ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. સદરહું દાવામાં કોર્ટે બન્ને પક્ષકારોના કથનો અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ વાદી ભાડુઆતનો સંપુર્ણ દાવો મંજુર કરી દાવાના તમામ મુદાઓ ભાડુઆતની તરફેણમાં મુલવીને ઠરાવેલ છે કે વાદી હિતેન્દ્રભાઈ પારેખ સદરહુ મિલ્કતના ભાડુઆત છે.

અને ઉપરોકત મિલ્કત માસિક રૂા.૬૫૧/- ના ભાડાથી ધારણ કરે છે. આ સંજોગોમાં પ્રતિવાદી મકાન માલિક જાતે કે તેના એજન્ટ, એટર્ની કે નોકર કે અન્ય કોઈ મારફત વાદી ભાડુઆતના કબ્જામાં ખલેલ પહોંચાડવી નહીં કે કબ્જામાં કોઈ આવરણ ઉત્પન્ન ન કરવું તેમજ કાયદાની પ્રક્રિયા અપનાવ્યા વગર ભાડુઆત પાસેથી કબ્જો છોડાવવો નહીં. વિશેષમાં કોર્ટે એમ પણ ઠરાવેલ છે કે, મકાન માલીકે ભાડુઆત દ્વારા ચુકવવામાં આવેલ ભાડાની પહોંચ ઈશ્યુ કરવા હુકમ કર્યો છે. આ કામમાં વાદી વતી એડવોકેટ વિકાસ કે. શેઠ, અલ્પા શેઠ, પ્રકાશ ભેડવા, ફાતેમાં ભારમલ વિગેરે વકીલ તરીકે રોકાયા હતા.

# વિજય ડાભીને ત્રણ માસ સુધી રાજકોટ જિલ્લામાંથી હદપાર કરાયા

**અબતક રાજકોટ**

ધોરાજી સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ નાગાજણ એમ.તરખાલા દ્વારા વિજયભાઈ કાનજીભાઈ ડાભીને રાજકોટ જિલ્લામાંથી હદપાર કરવામાં આવ્યા છે. જિલ્લામાં જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અસામાજિક પ્રવૃત્તિ આચરતા જુનાગઢ રોડ,ધોરાજીના રહેવાસી ૩૦ વર્ષીય વિજયભાઈ કાનજીભાઈ ડાભી માથાભારે અને ઝનૂની તોફાની તકરારી સ્વભાવના વ્યક્તિ છે જેને દારૂ પીવાની ટેવ હોવાથી વારંવાર પ્રોહીબીશનના કાયદાનો ભંગ કરતા હતા. તેમના પર વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૪ સુધીમાં પ્રોહી.ધારાનો ભંગ કરવા અંગેના કુલ ૧૭ ગુન્હા નોંધાયેલ છે જેમાંથી ધોરાજી સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહીબીશનના ૧૫ ગુન્હાઓ અંતર્ગત તેને કોર્ટ દ્વારા સજાઓ ફરમાવવામાં આવી છે. આમ, વિજય ડાભીને જાહેર સુલેહ-શાંતિ વિરુદ્ધનાં કૃત્યો કરતા અટકાવવા ધોરાજી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટફએ ત્રણ માસ માટે રાજકોટ જિલ્લાની હદમાંથી હદપાર કરવા હુકમ કર્યો છે.

# સોમવારે શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક મળશે

**અબતક રાજકોટ**

શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક તા.૨૧/૦૪/૨૦૨૫ના રોજ બપોરે ૪.૩૦ વાગ્યે પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં રાજકોટની પોલીસ કમિશનર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે યોજાશેઅગાઉ યોજાયેલ શહેર માર્ગ સલામતી સમિતિની બેઠકની નોંધ અનુસાર સંબધિત વિભાગને લગત મુદ્દાઓ હેઠળ થયેલી કાર્યવાહી અંગેનો અહેવાલ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સ્વરૂપે તૈયાર કરીને દિન-૦૩માં મભા-ર્રિ-ફ્ષિલીષફફિ.લિક્ષ્દ.શક્ષ પર મેઈલ કરવા અને બેઠક દરમિયાન પ્રેઝન્ટેશન સાથે રાખવા ટ્રાફિક રાજકોટ શહેરના નાયબ પોલીસ કમિશનર પુજા યાદવ એ જણાવેલ છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૧૦૦ | ૬૧૦ | ૮૩૦ |
| લીંબુ | ૩૦૦ | ૧૬૩૦ | ૨૮૩૦ |
| સાકરટેટી | ૬૦ | ૨૧૦ | ૪૨૦ |
| તરબુચ | ૩૭૦ | ૨૪૦ | ૩૫૦ |
| બટેટા | ૩૭૫૦ | ૧૪૦ | ૩૧૦ |
| ડુંગળી સુકી | ૩૭૮૩ | ૫૫ | ૨૪૫ |
| ટમેટા | ૧૮૪૦ | ૧૧૦ | ૧૯૦ |
| સુરણ | ૯૦ | ૧૦૫૦ | ૧૪૩૦ |
| કોથમરી | ૬૩૦ | ૩૧૦ | ૫૧૦ |
| સકરીયા | ૧૫૦ | ૩૩૦ | ૫૦૦ |
| મુળા | ૩૬ | ૪૧૦ | ૫૪૦ |
| રીંગણા | ૪૫૦ | ૪૧૦ | ૬૧૦ |
| કોબીજ | ૫૪૦ | ૧૧૦ | ૧૫૦ |
| ફલાવર | ૬૩૫ | ૩૧૦ | ૬૧૦ |
| ભીંડો | ૫૪૦ | ૮૧૦ | ૧૦૫૦ |
| ગુવાર | ૪૪૦ | ૧૨૫૦ | ૧૬૧૦ |
| ચોળાસીંગ | ૧૨૦ | ૧૪૫૦ | ૧૬૩૦ |
| વાલોળ | ૨૧૦ | ૧૦૩૦ | ૧૨૨૦ |
| ટીંડોળા | ૧૦૦ | ૫૧૦ | ૧૦૫૦ |
| દુધી | ૫૪૦ | ૨૪૦ | ૪૧૦ |
| કારેલા | ૩૫૦ | ૮૧૦ | ૧૦૫૦ |
| સરગવો | ૧૧૦ | ૧૪૦ | ૪૨૦ |
| તુરીયા | ૨૪૦ | ૬૧૦ | ૮૧૦ |
| પરવર | ૫૯ | ૧૦૧૦ | ૧૪૩૦ |
| કાકડી | ૪૦૦ | ૫૧૦ | ૮૩૦ |
| ગાજર | ૪૭૦ | ૩૧૦ | ૫૨૦ |
| વટાણા | ૨૯૫ | ૧૨૧૦ | ૧૪૧૦ |
| ગલકા | ૩૯૫ | ૪૪૦ | ૬૪૦ |
| બીટ | ૧૩૦ | ૧૧૦ | ૨૧૦ |
| મેથી | ૨૧૫ | ૨૧૦ | ૪૩૦ |
| વાલ | ૧૪૦ | ૧૦૧૦ | ૧૨૨૦ |
| ડુંગળી લીલી | ૩૬૦ | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૩૦૦ | ૭૩૦ | ૮૭૦ |
| મરચા લીલા | ૪૧૦ | ૩૧૦ | ૫૧૦ |
| લસણ લીલું | ૧૫૦ | ૫૧૦ | ૧૦૫૦ |
| મકાઈ લીલી | ૩૦૦ | ૧૧૦ | ૧૯૦ |
| ગુંદા | ૩૫ | ૮૦૦ | ૧૨૦૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૩૯૦ | ૧૫૪૧ |
| ઘઉં લોકવન | ૦ | ૪૭૫ | ૫૩૭ |
| ઘઉં ટુકડા | ૦ | ૪૭૦ | ૬૧૪ |
| જુવાર સફેદ | ૫૦ | ૬૫૦ | ૭૫૦ |
| જુવાર લાલ | ૧૦ | ૭૦૦ | ૯૪૮ |
| જુવાર પીળી | ૧૫ | ૪૦૦ | ૪૫૦ |
| બાજરી | ૧૭ | ૩૭૫ | ૪૫૦ |
| તુવેર | ૦ | ૧૧૯૩ | ૧૪૯૦ |
| ચણા પીળા | ૦ | ૯૮૦ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૦ | ૧૩૦૦ | ૨૨૦૦ |
| અડદ | ૪૫ | ૧૨૯૦ | ૧૫૮૨ |
| મગ | ૩૫૦ | ૧૦૮૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૫૩૦ | ૮૦૦ | ૧૨૫૦ |
| વટાણા | ૧૫૦૦ | ૭૦૦ | ૨૦૦૦ |
| કળથી | ૫ | ૮૦૧ | ૮૦૧ |
| રાજમા | ૦ | ૭૦૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૬૪૮૦ | ૮૬૦ | ૧૦૫૮ |
| મગફળી જીણી | ૪૩૨૦ | ૯૩૦ | ૧૨૬૦ |
| તલી | ૬૦૦ | ૧૭૫૪ | ૨૦૭૭ |
| એરંડા | ૧૫૦૦ | ૧૧૨૫ | ૧૧૯૦ |
| અજમો | ૧૦૦ | ૧૪૫૦ | ૧૮૫૦ |
| સુવા | ૭૦ | ૧૩૫૦ | ૧૯૫૦ |
| સોયાબીન | ૩૫૦ | ૮૦૦ | ૮૪૯ |
| સીંગફાડા | ૪૨૦ | ૧૦૯૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૪૦ | ૩૯૪૦ | ૫૦૭૧ |
| લસણ | ૨૨૫૦ | ૭૨૦ | ૧૪૫૦ |
| ધાણા | ૦ | ૧૧૫૦ | ૧૬૭૦ |
| મરચા સુકા | ૬૪૦ | ૮૦૦ | ૧૯૫૦ |
| ધાણી | ૦ | ૧૨૭૦ | ૧૯૮૦ |
| વરીયાળી | ૬૦૦ | ૧૮૦૦ | ૨૭૫૦ |
| જીરૂ | ૦ | ૩૮૦૧ | ૪૮૫૧ |
| રાય | ૩૫૦ | ૧૦૮૦ | ૧૩૪૦ |
| મેથી | ૦ | ૮૪૦ | ૧૨૮૦ |
| ઈસબગુલ | ૧૫ | ૧૯૦૦ | ૨૫૨૫ |
| અશેરીયો | ૪૦ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| કલોંજી | ૭૨૦ | ૩૧૫૦ | ૩૫૭૦ |
| રાયડો | ૫૦૦ | ૯૪૦ | ૧૦૮૦ |
| ગુવારનું બી | ૧૦ | ૯૦૧ | ૯૦૧ |

## દિલ હૈ કે માનતા નહીં

# સુરશ્રી કલબ આયોજિત સંગીત કાર્યક્રમમાં ૯૦ના દશકાના ગીતોની રમઝટ બોલશે

### સમશુદિન વાઘેલા, રીના ગજજર, પિયુષભાઈ જોશી અને જાનવી આડેસરા શુક્રવારે હેમુ ગઢવી હોલમાં સુર રેલાવશે

**અબતક, રાજકોટ**

કલાપ્રેમી નગર રાજકોટમાં સાંસ્કૃતિક પ્રવૃતિઓ કરતી અગ્રીમ સંસ્થા સુરશ્રી કલ્ચરલ કલબ અને જવેલદીપ ગ્રુપ દ્વારા તા. ૧૮ એપ્રિલને શુક્રવારે રાતે ૯ કલાકે હેમુ ગઢવી મેઈન ઓડિટોરીયમ, રાજકોટ ખાતે ૧૯૯૦ના દશકાના સુપરહીટ ગીતોના કાર્યક્રમ '' દિલ હૈ કી માનતા નહીં ''નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ સુરીલા કાર્યક્રમમાં જેને પ્લેબેંક સિંગર કુમાર શાનુ સાથે લાઈવ સ્ટેજ શો કરેલ છે તે વડોદરા ના સુવિખ્યાત ગાયક, વોઈસ ઓફ કુમાર શાનુ સમશુદિન વાઘેલા, જામનગર ના સુવિખ્યાત ગાયિકા રીના ગજ્જર તેમજ ગેસ્ટ સિંગર તરીકે રાજકોટ ના વોઈસ ઓફ કિશોરકુમાર પિયુષભાઈ જોશી અને વોઈસ ઓફ લતાજી જાનવી આડેસરા પોતાના મખમલી કંઠથી સુમધુર ગીતોની પ્રસ્તુતિ કરશે. તેમને ઓર્કેસ્ટ્રા માં રાજકોટ ના દર્શિત કાચા - કીબોર્ડ ભાર્ગવ જાની - તબલા, મહેશ ઢાકેચા - ઢોલક, જુલિયસભાઈ - કોંગો, મિતુલ ગોંસાઈ - ઓકટોપેડ ફિરોઝ શેખ - ડ્રમ, જિમ્મી વ્યાસ - ગિટાર, હાર્દિકભાઈ - સેકન્ડ કીબોર્ડ અને પ્રકાશ વાગડીયા - સાઈડ રિધમ માં સંગત કરશે. સમગ્ર કાર્યક્રમ નુ સુચારુ સંચાલન પોરબંદરના મહંમદ હુસેન ધડા કરશે અને સંયોજન કમલ રાજપરા કરશે.

આ મનભાવન કાર્યક્રમમાં વ્રજેશકુમારજી મહારાજ, રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, રાજકોટ ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, રાધિકા જ્વેલર્સના અશોકભાઈ ઝીંઝુવાડિયા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ કમલેશભાઈ જોશીપુરા અને અન્ય મહાનુભાવો ની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

કાર્યક્રમ ને સફળ બનાવવા સંસ્થાના ફાઉન્ડર ચેરમેન કિરીટભાઈ રાજપરા, ટ્રસ્ટી કમલભાઈ રાજપરા, પ્રોજેક્ટ ચેરમેન અમિતભાઈ રૂપારેલિયા, પ્રોજેક્ટ ડાયરેકટર પરેશભાઈ જનાણી, મેહુલભાઈ ભગત તેમજ પ્રોજેક્ટ કમિટી મેમ્બર્સ કૈલાશભાઈ રાજપરા, ધરવભાઈ ઝીંઝુવાડિયા, રાજુ ભાઈ ફીચડીયા, રાજુભાઈ કાત્રોડિયા, ચંદુભાઈ પાટડીયા, સંજયભાઈ રેહી, કલ્પેશભાઈ માંડલિયા, નીરજભાઈ શુકલ, અલ્પેશભાઈ ડોડીયા, મુન્નાભાઈ ઠક્કર, સંજયભાઈ લોઢીયા, વિપુલભાઈ બલદેવ, હર્ષભાઈ લંગાળીયા, પિયુષભાઈ જોશી અને મનીષભાઈ કારેલીયા જહેમત ઉઠાવી રહ્યા છે.

### ચૂંટણી સમયે 'ઝબ્બા' કાઢવા વાળા નહીં કાયમી ખાદી પહેરવાવાળાને કોંગ્રેસ આપશે પ્રાધાન્ય

# કોંગ્રેસ મોટા નેતાઓની જવાબદારીઓ ફિક્સ કરશે: ૩૧ મે સુધીમાં જિલ્લા પ્રમુખો જાહેર થશે

### ૨૩ એપ્રિલથી ૮ મે સુધી નિરિક્ષકોની ટીમ દરેક જિલ્લામાં થશે: જિલ્લા પ્રમુખ પદ માટે ૬-૬ નામોની પેનલ બનાવાશે ૨૦૨૭માં ભાજપને હરાવવા નેતાઓને ટાસ્ક અપાશે



**અબતક, રાજકોટ**

માત્ર ચુંટણી સમયે ઝબ્બા ધારણ કરી નેતા બની નિકળી પડતા વ્યકિતઓને નહીં પરંતુ કાયમી ખાદી ધારણ કરી સતત લોકોની વચ્ચે રહેનારા વ્યકિતને હવે કોંગ્રેસ દ્વારા પ્રાધાન્ય આપવામાં આવશે. મારો તે સારો નહી પણ સારો તે માટે તે મુજબ કાર્યવાહી હાથ પર લેવામાં આવશે. અને સંગઠનમાં સ્થાન આપવામાં આવશે. હાલ બારમાસી ઘંઉ ભરવાની સીઝન ચાલી રહી છે. ત્યારે કોંગ્રેસે પણ હવે ઘંઉ (પક્ષ) માંથી કાંકરા (ભાજપની બી ટીમ સમા નેતાઓ)ને વીણી વીણીને કાઢવાનો નિર્ણય લીધો છે. આગામી ૩૧મી મેં સુધીમાં કોંગ્રેસ દ્વારા તમામ જિલ્લા અને શહેર પ્રમુખોના નામની જાહેરાત કરી દેવામાં આવશે.

કોંગ્રેસ દ્વારા ૨૦૨૫ને સંગઠન વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય લીધો છે. સંગઠનમાં ધરમુળથી પરિવર્તન કરવા માટેના પાયલોટ પ્રોજેક્ટની ગુજરાતથી શરુઆત કરવામાં આવી છે. કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને લોકસભાના વિરોધ પક્ષના

### મોડાસાથી સંગઠનમાં પરિવર્તનના પાયલોટ પ્રોજેક્ટ 'સંગઠન સર્જન અભિયાન' નો આરંભ કરાવતા રાહુલ ગાંધી: ૧૨૦૦ કાર્યકરો સાથે સંવાદ



નેતા રાહુલ ગાંધીએ આજે મોડાસાથી 'સંગઠન સર્જન અભિયાન' નો આરંભ

(અનુ. આઠમા પાને)

### ચોમાસા સુધી લોકોએ પાણીની હાડમારી વેઠવી ન પડે તેવું રાજય સરકારનું આયોજન

# સૌરાષ્ટ્રના ૩૫ અને કચ્છના ૯ ડેમોનું પાણી પીવા માટે અનામત

### ઉતર ગુજરાતના ૮, મધ્ય ગુજરાતના ૬ અને દક્ષિણ ગુજરાતના ૪ જળાશયોના પાણી પણ રાખયા અનામત: સરદાર સરોવર ડેમ સહિત ૨૦૭ જળાશયોમાં ૧૪,૨૬૯.૭૩ મિલિયન ધનમીટર પાણી સંગ્રહિત

**અબતક, રાજકોટ**

ગુજરાતની જનતાને ચોમાસાની સિઝન સુધી પીવાના પાણીની હાડમારી વેઠવી ન પડે તે માટે રાજય સરકાર દ્વારા ૨૦૭ જળાશયો પૈકી સૌરાષ્ટ્ર-કચ્છના ૪૪ સહિત રાજયના ૬૨ ડેમના પાણી પીવા માટે અનામત રાખવાનો નિર્ણય લીધો છે.

સરદાર સરોવર ડેમ સહિત રાજયના ૨૦૭ જળાશયોમાં હાલ ૧૪,૨૬૯.૭૩ મિલિયન ધન મીટર પાણી સંગ્રહિત છે.

સૌરાષ્ટ્રના ૩૫, કચ્છના ૯, ઉત્તર ગુજરાતના ૮, મધ્ય ગુજરાતના ૬, દક્ષિણ ગુજરાતના ૪ સહીત કુલ ૬૨ જળાશયોના પાણી પીવા માટે અનામત રાખવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં ઉનાળા દરમિયાન નાગરિકોને સરળતાથી પીવાના પાણીની પૂરતી ઉપલબ્ધિ થાય તે માટેના આયોજનની સર્વગ્રાહી સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજીને કરી હતી.

મુખ્યમંત્રીએ આ હેતુસર પાણી પુરવઠા વિભાગ, જળ સંપત્તિ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમ ત્રણેયના સંકલનથી લોકોને પૂરતું પાણી મળે તે સુનિશ્ચિત કરવાના દિશા નિર્દેશો આપ્યા હતા.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્યમંત્રી મુકેશ પટેલ, મુખ્ય સચિવ પંકજ જોષી, મુખ્યમંત્રીના સલાહકાર રાઠૌર, નર્મદા નિગમના સી.એમ.ડી. મુકેશ પુરી, અધિક મુખ્ય સચિવ(નર્મદા) સી.વી. સોમ અને વરિષ્ઠ સચિવો આ બેઠકમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રી સમક્ષ આ બેઠકમાં કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં રાજ્યના જળાશયોની હાલની સ્થિતિ તેમજ પાણી પુરવઠા વિભાગ દ્વારા લોકોને સરળતાથી પીવાનું પાણી મળી રહે તે માટેની કામગીરીનું વિવરણ આપવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં હાલ ૬૨ જળાશયોનું પાણી પીવાના ઉપયોગ માટે આરક્ષિત રાખવામાં આવ્યું છે. એટલું જ નહીં, સરદાર સરોવર ડેમ સહિત કુલ ૨૦૭ જળાશયોમાં ૧૪,૨૬૯.૭૩ મિલિયન ઘન મીટર પાણી સંગ્રહિત થયેલું છે.

- **સમાન સરદાર સરોવર ડેમમાં ૬૧ ટકાથી વધુ પાણીની જથ્થો**
- **દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૬૨ ટકાથી વધુ જળ સંગ્રહ**
- **મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૫૬.૨૧ ટકા જળ સંગ્રહ**
- **સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૪.૪૪ ટકા જળ સંગ્રહ**
- **કચ્છના ૨૦ જળાશયોમાં ૪૧ ટકાથી વધુ જળ સંગ્રહ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ કરીને કચ્છ જિલ્લામાં પીવાના પાણીની કોઈ મુશ્કેલી ન થાય તેને ધ્યાને લઈને ટપ્પર ડેમમાં વર્ષ દરમિયાન જરૂરિયાત પ્રમાણે નર્મદા કેનાલથી પાણી ભરવા અને સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વલ્લભીપુર બ્રાન્ચ કેનાલમાં પૂરતા પ્રમાણમાં નર્મદા જળ ઉપલબ્ધ કરાવવા અંગે સરદાર સરોવર નર્મદા નિગમને જણાવ્યું હતું.

રાજયના કુલ ૧૮૧૫૨ ગામો/ ૨૯૨ શહેરો પૈકી ૧૫૭૨૦ ગામો/ ૨૫૧ શહેરોને ૩૭૨ જેટલી જુથ યોજનાઓ દ્વારા પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. જેમાં ૧૦૬૫૯ ગામો/ ૧૯૦ શહેરોને નર્મદા આધારીત યોજનાથી તેમજ ૫૦૬૧ ગામો તથા ૬૧ શહેરોને અન્ય ડેમ આધારીત યોજનાથી પાણી પુરૂ પાડવામાં આવી રહ્યું છે તેની વિગતો પાણી પુરવઠા વિભાગે પુરી પાડી હતી.

આ ઉપરાંત પાણી પુરવઠાની સ્થિતિ પર દેખરેખ રાખવા માટે ગાંધીનગરમાં ૨૪ડ૭ કંટ્રોલ રૂમ અને ૧૯૧૬ ટોલ ફ્રી નંબર કાર્યરત કરવામાં આવ્યો છે. તેની અને હેન્ડ પંપ રિપેરીંગ માટે ૧૧૯ જેટલી ટીમો નિયુક્ત કરવામાં આવી છે તેની વિગતો અગ્ર સચિવ શ્રીમતી શાહમીના હુસેને આ બેઠકમાં આપી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા સરદાર સરોવર ડેમમાંથી પાણી ઉપલબ્ધ થાય તે માટેના આયોજન અંગે પણ નિગમના સી.એમ.ડી. શ્રી મુકેશ પુરી સાથે ચર્ચા પરામર્શ કર્યા હતા. જળ સંપતિ સચિવ શ્રી વ્યાસ અને સંબંધિત અધિકારીઓ પણ આ બેઠકમાં જોડાયા હતા.

હાલ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૭ ટકાથી વધારે જળ સંગ્રહ છે જેમાંથી ઉનાળની સીઝનમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરવામાં આવશે.

(અનુ. આઠમા પાને)

